અક્ષરનાદ
AksharNaad.com

# રસધારની વાર્તાઓ - ૨

‘સૌરાષ્ટ્રની રસધાર’ માંથી ચૂંટેલી કથાઓ

## ઝવેરચંદ મેઘાણી

01 - 2011

પ્રથમ ઈ – સંસ્કરણ

Jignesh Adhyaru

http://aksharnaad.com

## રસધારની વાર્તાઓ – ઝવેરચંદ મેઘાણી (ભાગ 1)

વાંચવા જાઓ

અક્ષરનાદ.કોમ ઈ-પુસ્તક ડાઉનલોડ વિભાગ



ઝવેરચંદ મેઘાણી

૨૮ ઑગસ્ટ ૧૮૯૬ – ૯ માર્ચ ૧૯૪૭

http://aksharnaad.com

# અક્ષર-નાદ

મનુભાઈ પંચોળી રચિત ક્લાસિક ગુજરાતી નવલકથા ‘ઝેર તો પીધાં છે જાણી જાણી’ અંતર્ગત એક સંવાદમાં કહેવાયું છે, “કર્મસ્વાતંત્ર્ય જ જ્ઞાન, કર્માકર્મવિવેક શીખવે, કર્મમાં સુધારા કરવાનો વિવેક બતાવે એ જ ભણતર, બાકી તો તર્કદુષ્ટતા.” જ્ઞાન મેળવવાની આપણી સંસ્કૃતિની આદિમ પધ્ધતિ એટલે ગુરુ શિષ્ય પરંપરા, ગુરુ કહે, શિષ્ય સાંભળે, મનન કરે, આચરણમાં ઉતારવાનો પ્રયત્ન કરે. હવેના સમયમાં જ્યારે જ્ઞાનનો અર્થ અર્થોપાર્જન પૂરતો સીમીત રહી ગયો છે એવામાં આજની અને નવી પેઢીઓમાં સંસ્કારસિંચનનું કામ સાહિત્યગુરુઓએ જ કરવું રહ્યું. આપણા સદનસીબે આપણા લોકજીવનને, સંસ્કૃતિને અને મૂલ્યોને દર્શાવતી અનેક કૃતિઓ મહાન રચનાકારોએ આપી છે. “સૌરાષ્ટ્રની રસધાર” કે એની કથાઓ વિશે અજાણ્યો હોય એવો ગુજરાતી, ખરેખર

ગુજરાતી કહેવાવો ન જોઈએ. મારી-અમારી-આપણી આજની પેઢી ખૂબ ઝડપી યુગમાં જીવે છે, ઝડપે શીખે છે, અને એથીય વધુ ઝડપે ભૂલી જાય છે. કર્માકર્મવિવેક અહીં ક્યાંય નથી, મોટા મોટા મેનેજમેન્ટ ગુરુઓ પણ સંસ્કાર સિંચન કે લોકસંસ્કૃતિના ઘૂંટડા તો ન જ પાઈ શકે ને?

લગભગ જુલાઈ-2010થી જેનું ટાઈપકામ અને ઈ-પુસ્તક સ્વરૂપ આપવાનું કામ શરૂ કરેલું તે “રસધારની વાર્તાઓ” ઈ-સ્વરૂપને લઈને, વાંચનની સગવડતા ખાતર બે ભાગમાં ઈ-પ્રકાશિત કરવાનું નક્કી કર્યું છે. એ અંતર્ગત બીજો ભાગ પ્રસ્તુત છે. ટાઈપ માટે ગોપાલભાઈ પારેખ (http://gopalparekh.wordpress.com) ની મહેનત, તેમાંથી ભૂલો શોધવા, સુધારવા અને ઈ-પુસ્તક સ્વરૂપ આપવાની મારી મહેચ્છા સાથે નોકરી

પછીના બચેલા સમયની મહેનત અને ઉજાગરા આજે લેખે લાગી રહ્યાં છે એ વાતનો આનંદ છે.

આ ઈ-પુસ્તિકા પ્રવૃત્તિમાં સતત પ્રોત્સાહન આપવા બદલ શ્રી મહેન્દ્રભાઈ મેઘાણી અને “રસધારની વાર્તાઓ” ઈ-સ્વરૂપે પ્રકાશિત કરવાની પરવાનગી બદલ શ્રી જયંતભાઈ મેઘાણીનો જેટલો આભાર માનું, ઓછો જ પડવાનો. એ બંને પ્રેરણાદાતાઓને વંદન. આશા છે આ પ્રયત્ન આપને પસંદ આવશે. ક્ષતિઓ અને સુધારા લાયક બાબતો પર ધ્યાન દોરશો તો આભારી થઈશ.

*- જીજ્ઞેશ અધ્યારૂ,*

સ્નેહીશ્રી ગોપાલભાઈ તથા જિજ્ઞેશભાઈ,

તમારા સંદેશા મળ્યા. આભારી છું. મેઘાણી સાહિત્યની પસંદ કરેલી સામગ્રી તમે ઈન્ટરનેટ દ્વારા મોકળી મેલો છો એ જાણી આનંદ થયો. દુનિયાભરમાં વસતા ગુજરાતી વાચકો પાસે આ વાનગી પહોચશે એ સરસ ઘટના ગણાશે. તમારા આ નેક અભિયાનમાં સહુના સાથ અને શુભેચ્છા હોય જ, તેમાં મારી શુભકામના પણ ઉમેરું છું.

- *શ્રી જયંતભાઈ મેઘાણી* – પ્રસાર, 1888, આતાભાઈ એવન્યુ, ભાવનગર

# અનુક્રમણિકા

14. જટો હલકારો ........ 10

15. આહીરની ઉદારતા ........ 22

16. સાંઇ નેહડી ........ 57

17. હોથલ ........ 73

18. વલીમામદ આરબ ........ 152

19. ઓળીપો ........ 172

20. કરિયાવર........................................................................................ 188

21. શેત્રુંજીને કાંઠે .................................................................................. 202

22. રા’ નવઘણ........................................................................................ 248

## 14. જટો હલકારો

બાયલા ધણીની ઘરનારી સમી શિકભરી સાંજ નમતી હતી.આવતા જન્મની આશા જેવો કોઇ કોઇ તારલો તબકતો હતો.અંધારિયાના દિવસો હતા.

એવી નમતી સાંજને ટાણે, આંબલા ગામના ચોરા ઉપર ઠાકરની આરતીની વાટ જોવાય છે. નાનાં નાનાં, અરધાં નાગાંપૂગાં છોકરાંની ઠઠ જામી પડી છે. કોઇના હાથમાં ચાંદા જેવી ચમકતી કાંસાની ઝાલરો ઝૂલે છે; ને કોઇ મોટા નગરા ઉપર દાંડીનો ઘા કરવાની વાટ જુએ છે. સાકરની અક્કેક ગાંગડી, ટોપરાની બબ્બે કરચો અને તુળસીના પાનની સુગંધવાળા મીઠા ચરણામૃતની અક્કેક અંજળિ વહેંચાશે એની આશાએ અ ભૂલકાં નાચી રહ્યાં છે.બાવાજીએ હજી ઠાકરદ્વારનું બારણું ઉઘાડ્યું નથી. કૂવાને કાંઠે બાવોજી સ્નાન કરે છે.

મોટેરાંઓ પણ ધાવણાં છોકરાંને તેડી આરતીની વાટે ચોરાની કોર ઉપર બેઠાં છે. કોઇ બોલતું નથી. અંતર આપોઆપ ઊંડાં જાય એવી સાંજ નમે છે.

“આજે તો સંધ્યા જરાય ખીલી નથી.”એક જણે જાણે સંધ્યા ન ખીલવી એ મોટું દુ:ખ હોય તેવે સાદે હળવેથી સંભળાવ્યું.

“દૃશ્યું જ જાણે પડી ગઇ છે.”રત્યું હવે કળજુગમાં કોળતી નથી, ભાઇ !ક્યાંથી કોળે !”ત્રીજો બોલ્યો.

“ને ઠાકોરજીની મૂર્તિનું મુખારવિંદ પણ હમણાં કેવી ઝાંખપ બતાવે છે !દસ વરસ ઉપર તો શું તેજ કરતું !”ચોથે કહ્યું.

ચોરામાં ધીર સાદે ને અધમીંચી આંખે બુઢ્ઢાઓ આવી વાતે વળગ્યા છે, તે ટાણે આંબલા બજાર સોંસરવાં બે માનવી ચાલ્યાં આવે છે:આગલ આદમી ને પાછળ સ્ત્રીછે. આદમીની ભેટમાં તરવાર અને હાથમાં લાકડી છે. સ્ત્રીના માથા ઉપર મોટું એક પોટકું છે. પુરુષ તો એકદમ ઓળખાય તેવો નહોતો; પણ રજપૂતાણી એના પગની ગતિ ઉપરથી ને ઘેરદાર લેંઘાને લપેટેલ ઓઢણા ઉપરથી અછતી ન રહી.

રજપૂતે જ્યારે ડાયરાને રામ રામ ન કર્યા ત્યારે ગામલોકોને લાગ્યું કે “બા, રામરામ !”

“રામ !” તોછડો જવાબ દઇને મુસાફર ઝટપટ આગલ ચાલ્યો. પાછળ પોતાની પેનીઓ ઢાંકતી ગરાસણી ચાલી જાય છે.

એકબીજાનાં મોં સામે જોઇને દાયરાનાં માણસોએ સાદ કર્યો, “અરે ઠાકોર, આમ કેટલેક જાવું છે?”

“આઘેરાક.”જવાબ મળ્યો.

“તો તો, ભાઇ, આંહીં જ રાત રોકાઇ જાવ ને !”

“કાં? કેમ તાણ કરવી પડે છે, બા ?” મુસાફરે કતરાઇને વાંકી જીભ ચલાવી.

“બીજું તો કાંઇ નહિ, પણ અસૂર ઘણું થઇ ગયું છે, ને વળી ભેળાં બાઇ માણસ છે. તો અંધારામાં ઠાલું જોખમ શીદને ખેડવું ? વળી, આંહીં ભાણે ખપતી વાત છે: સહુ ભાઇચું છીએ. માટે રોકાઇઅ જાવ, ભા !”

મુસાફરે જવાબ દીધો, “બાવડાનું બળ માપીને જ મુસાફરી કરું છું, ઠાકોરો ! મરદોને વળી અસૂર કેવાં ! હજી તો કોઇ વડિયો દેખ્યો નથી.”

તાણ કરનાર ગામલોકોનાં મોં ઝંખવાણાં પડી ગયાં. કોઇએ કહ્યું કે “ઠીક !મરવા દ્યો એને !”

રજપૂત ને રજપૂતાણી ચાલી નીકળ્યાં, વગડા વચ્ચે ચાલ્યાં જાય છે. દિવસ આથમી ગયો છે. આઘે આઘેથી ઠાકરની આરતીનાં રણકાર સંભળાય છે. ભૂતાવળો નાચવા નીકળી હોય એમ દૂરનાં ગામડાંના ઝુંડમાં દીવા તબકવા લાગ્યા. અંધારે જાણે કાંઇક દેખતાં હોય અને વાચા વાપરીને એ દીઠેલાંની વાત સમજાવવા મથતાં હોય તેમ પાદરનાં કૂતરાં ભસી રહ્યા છે.

મુસાફરોએ ઓચિંતાં પછવાડે ઘૂઘરાના અવાજ સાંભળ્યા. બાઇ પાછળ નજર કરે ત્યાં સણોસરાનો હલકારો ખભે ટપાલની થેલી મૂકી, હાથમાં ઘુઘરિયાળું ભાલું લઇને અડબૂથ જેવો ચાલ્યો આવે છે. કેડમાં નવી સજાવેલી, ફાટેલા મ્યાનવાળી તરવાર ટીંગાય છે. દુનિયાના શુભ-અશુભનો પોટલો માથે ઉપાડીને જ્ટો હલકારો ચાલી નીકળ્યો છે. કેટલાય પરદેશ ગયેલા દીકરાની ડોશીઓ અને કેટલાય દરિયો ખેડતા ધણીઓની ધણીયાણીઓ મહિને-છ મહિને કાગળના કટકાની વાટ જોતી જાગતી હશે એવી પણ મોડું થશે તો પગાર કપાશે એવી બીકથી જટો હલકારો દોડતો જાય છે. ભાલાના ઘૂઘરા એની અંધારી એકાંતના ભેરુબંધ બન્યા છે.

જોતજોતામાં જટો પછવાડે ચાલતી રજપૂતાણીની લગોલગ થઇ ગયો. બેય જણાંને પૂછપરછ થઇ. બાઇનું પિયર સણોસરામાં હતું, એટલે જટાને સણોસરાથી

આવતો જોઇને માવતરના સમાચાર પૂછવા લાગી. પિયરને ગામથી આવનારો અજાણ્યો પુરુષ પણ સ્ત્રીજાતને મન સગા ભાઇ જેવો લાગે છે. વાત કરતાં કરતાં બેય જણાં સાથે ચાલવા લાગ્યાં.

રજપૂત થોડાં કદમ આગળ ચાલતો હતો. રજપૂતાણીને જરા છેટી પડેલી જોઇને એણે પછવાડે જોયું. પરપુરુષ સાથે વાતો કરતી સ્ત્રીને બે-ચાર આકરા વેણ કહી ધમકાવી નાખી.

બાઇએ કહ્યું :"મારા પિયરનો હલકારો છે, મારો ભાઇ છે."

"હવે ભાળ્યો તારો ભાઇ ! છાનીમાની ચાલી આવ !અને મા'રાજ, તમે પણ જરા માણસ ઓળખતા જાવ !"એમ કહીને રજપૂતે જટાને તડકાવ્યો.

“ભલે બાપા !” એમ કહીને  જટાએ પોતાનો વેગ ધીરો પાડ્યો.એક ખેતરવાનું છેટું રાખીને જટો ચાલવા લાગ્યો.

જ્યાં રજપૂત જોડલું આઘેરાક નહેરામાં ઊતરે છે, ત્યાં તો એકસામટા બાર જણાએ પડકારો કર્યો કે “ખબરદાર, તરવાર નાખી દેજે !”

રજપૂતના મોંમાંથી બે-ચાર ગાળો નીકળી ગઇ. પણ મ્યાનમાંથી તરવાર નીકળી ન શકી. વાટ જોઇને બેઠેલા આંબલા ગામના બાર કોળીઓએ આવીને એને રાંધવાથી બાંધ્યો, બાંધીને દૂર ગબડાવી દીધો.

“એ બાઇ, ઘરેણાં ઉતારવા માંડ.”લૂંટારાએ બાઇને કહ્યું.

અનાથ રજપૂતાણીએ અંગ ઉપરથી એક એક દાગીનો કાઢવાનું શરૂ કર્યું. એના હાથ, પગ, છાતી વગેરે અંગો ઉઘાડાં પડવા લાગ્યાં. એની ઘાટીલી, નમણી કાયાએ કોળીઓની આંખોમાં કામના ભડકા જગાવ્યા. જુવાન કોળીઓએ પહેલાં તો જીભની મશ્કરી શરૂ કરી. બાઇ શાંત રહી. પણ જ્યારે કોળીઓ એના અંગને ચાળો કરવા નજીક આવવા લાગ્યા, ત્યારે ઝેરીલી નાગણ જેમ ફૂંફાડો મારીને રજપૂતાણી ખડી થઇ ગઇ.

“અલ્યા, પછાડો ઇ સતીની પૂંછડીને !” કોળીઓએ અવાજ કર્યો.

અંધારામાં બાઇએ આકાશ સામે જોયું. ત્યાં જટાના ઘૂઘરા ઘમક્યા. “ એ જટાભાઇ !” બાઇએ ચીસ પાડી : “ દોડજે.”

“ખબરદાર એલા !કોણ છે ત્યાં ?” એવો પડકાર કરતો જટો તરવાર ખેંચીને જઇ પહોંચ્યો. બાર

કોળી લાકડીલઇને જટા ઉપર તૂટી પડ્યા. જટે તરવાર ચલાવી, સાત કોળીના પ્રાણ લીધા. પોતાને માથે લાકડીઓનો મે’ વરસે છે, પણ જટાને એ ઘડીએ ઘા કળાયા નહિ. બાઇએ બુમરાણ કરી મૂક્યું. બીકથી બાકીના કોળી ભાગી છૂટ્યા, તે પછી જટો તમ્મર ખાઇને પડ્યો.

બાઇએ જઇને પોતાના ધણીને છોડ્યો. ઊઠીને તરત રજપૂત કહે છે કે “હાલો ત્યારે .”

“હાલશે ક્યાં ? બાયલા ! શરમ નથી થાતી ? પાંચ ડગલાં હારે હાલનારો ઓલ્યો બ્રાહ્મણ ઘડીકની ઓળખાણે મારા શિયળ સાટે મરેલો પડ્યો છે; અને તું – મારા

ભવ બધાનો ભેરુ—તને જીવતર મીઠું થઇ પડ્યું ! જા ઠાકોર ! તારે માર્ગે. હવે આપણા કાગ ને હંસના સંગાથ ક્યાંથી હોય ? હવે તો આ ઉગારનાર બ્રાહ્મણની ચિતામાં જ હું સોડ્ય તાણીશ.”

“તારા જેવી કૈંક મળી રહેશે.”કહીને ધણી ચાલી નીકળ્યો.

જટાના શબનેખોળામાં ધરીને રજપૂતાણી પરોઢિયા સુધી અંધારામાં ભયંકર વગડે બેઠી રહી. પ્રભાતે આજુબાજુથી લાકડાં વીણી લાવીને ચિતા ખડકી, શબને ખોળામાં લઇને પોતે ચડી બેઠી; દા પ્રગટાવ્યો. બન્ને જણાં બળીને ખાખ થયાં. પચી કાયર ભાયડાની સતી સ્ત્રી જેવી શોકાતુર સાંજ જ્યારે નમવા માંડીત્યારે ચિતાના અંગારા ધીરી ધીરી જ્યોતે ઝબૂકતા હતા.

આંબલા અને રામધરી વચ્ચેના એક નેહરામાં આજ પણ જટાનો પાળિયો ને સતીનો પંજો હયાત છે

## 15. આહીરની ઉદારતા

આમ તો જુવો, આયર !”

“કાં? શું છે ?”

”આ જોડી તુ જુવો ! આ આપનો વીકમસી ને વહુ સોનબાઇ.અરે, એની એકબીજાની માયા તો નરખો ! મૂવું, મને તો આંસુડાં આવી જાય છે.”

”આયરાણી ! અતિ હરખઘેલી કાં થઇ જા અટાણથી ?”

”મને આપણું બાળપણ સાંભર્યું, આયર !”

ભાદરને કાંઠે નાનું ગામડું છે. માગશર મહિનાની શિયાળુ સવારની મીઠી તડકીમાં ડોસો ને ડોસી બેઠાં છે. ફળિયામાં બે છોકરાં એક વાછરડીની કૂણી ડોક પંપાળે છે. બેઉ જણ ઝાઝું બોલતા નથી, પણ બેઉની આંખો સામસામી હસી રહી છે. બુઢ્ઢા ધણી-ધણિયાણી આ બાળકોને જોઇ જોઇ હરખથી ગળગળાં થાય છે.

ડોસાનું નામ વજસી ડોસો, ને ડોસીનું નામ છે રાજીબાઇ. જાતનાં આહીર છે. ભાદરકાંઠે ખેડનો ધંધો કરે છે. પૈસેટકે ને વહેવારે સુખિયાં છે. આધેડ અવસ્થાએ એને એક દીકરો ને દીકરી અવતરેલ. બીજું કાંઇ સંતાન નહોતું; એટલે બહુ બચરવાળોના અંતરમાં કદી ન હોય તેવો આનંદ વજસી અને રાજીબાઇને થતો હતો.

આજે એ અધૂરું સુખ પૂરું થયું હતું, કેમ કે દીકરા વીકમસીની નાનકડી વહુ સોનબાઇ પોતાને માવતરથી સાસરે વાઢની શેરડી ખાવા આવી હતી. પાંચેક ગાઉ ઉપરના ઢૂકડા ગામડામાં એક આબરૂદાર આહીરને ઘેર વીકમસીનું વેવિશાળ કરેલું હતું. સારે વારપરબે વજસી ડોસા સોનબાઇને રેડાવતા અને થોડા દિવસો રોકાઇને સોનબાઇ પાછી ચલી જતી.

વીકમસી દસ વરસનો અને સોનબાઇ આઠ વરસની: કળજુગિયો વા વાયો નથી: ભોળાં વરવહુ આઘેથી એકબીજાને જોઇ લેતાં, સામસામાં મીટ માંડીને ઊભાં રહેતાં, નીરખતાં ધરવ થાતો નહોતો. માયા વધતી જતી હતી. ચાર જમણ રોકાઇને જ્યારે સોનબાઇ માવતર જાતી, ત્યારે વીકમસી એકલો ભાદરકાંઠે ભાગી જઇને છાનોમાનો રોયા કરતો; પાછો બીજા પરબની વાટ જોઇને કામે લાગતો. કામ મીઠું થઇ પડતું.

“રૂપી ! બોન ! તુંને મારે માથે ખરેખરું હેત છે ?”

”હા, ખરેખરું !”

”તો માને અને બાપુને એક વાત કહી આવીશ ?”

“શું ?”

”—કે મારે પરણવું નથી. ઠાલા મારા વીવા કરશો નહિ.”

રૂપીબહેન વીકમસીની સામે ટગર ટગર જોઇ રહી, હસી પડી, “લે, જા જા, ઢોંગીલા ! એવું તે કહેવાતું હશે ? અમથો તો સોનબાઇ જાય છે તયીં આંસુડાં પાડછ !”

“રૂપી ! મારી બોન ! ભલી થઇને હસ મા, તે મારું એટલું વેણ બાપુને કહી આવ. મારે નથી પરણવું.”

“પણ કાંઇ કારણ ?”

“કારણ કંઇ નહિ, બસ, મારે નથી પરણવું,” એટલું કહેતાં કહેતાં વીકમસીના ડોળા ઉપર ઝળઝળિયાં ફરી વળ્યાં.

“રોઇ શીદ પડ્યો, વીરા? મારા સમ ! બોનના સમ ! ખમા તુંને, ભાઇ ! તારા મનમાં શું થાય છે, બાપા બોલ તો ખરો !”

એટલું કહીને રૂપી પોતાની ઓઢણીના પાલવથી ભાઇના આંસુ લૂછવા લાગી. ભાઇનું રોતું રૂપાળું મોઢું બે હાથમાં ઝાલી લીધું. ભાઇના ગાલ ઉપર પોતાનો

ગાલ પંપાળીને પૂછવા લાગી "મને મરતી દેખ, ભાઇ ! બોલ ! શું છે ? સોનબાઇ નથી ગમતી ? એનું કાંઇ હીણું સાંભળ્યું છે ?"

વીકમસીની આંખોમાં આંસુ વધ્યાં. બહેનનું હૈયું પણ કાંઇ સમજ્યા વગર ભરાઇ આવ્યું.

અઢાર વરસની ભરજોબન અવસ્થાએ પહોંચેલા દીકરાના વિવાહ માટે બુઢ્ઢો બાપ તૈયારી કરતો હતો. અને આ પહેલીછેલ્લી વારનો દીકરો પરણાવવા હરખ થકી ગાંડીઘેલી બની ગયેલી ઘરડી માએ તો આખા ખોરડા ફરતા ઓળીપા, ગાર-ગોરમટી, દળવાં–ભરડવાં ને ચાકળા-ચંદરવાની શોભા વગેરે આદરી દીધું હતું. રૂપીબહેન હરતાં ને ફરતાં ભાઇનાં ગીતો જ ગાયા કરતી. એમાં બીના બની.

ભાઇનો સંદેશો લઇને બહેન બાપુ પાસે ગઇ, બોલી, “બાપુ ! ભાઇ કહે છે નથી પરણવું.”

“નથી પરણવું !” ડોસો હસી પડ્યો

“સાચે જ, બાપુ, હસવા જેવું નથી. ભાઇ રોતો’તો !”

ડોસાએ વીકમસીને બોલાવ્યો. હોકાની ઘૂંટ લેતાં લેતાં પૂછ્યું: “પણ કારણ શું છે ?”

વીકમસીની પાંપણ ધરતી ખોતરતી હતી:એનાથી કાંઇ જવાબ દૈ શકાયો નહિ.

“તુંને ઠેકાણું ન ગમતું હોય તો બીજે વેશવાળ કરીએ.”

“ના, બાપુ, ઇ કારણ નથી.”

“ત્યારે શું કારણ છે ? હવે તો હું માંડ માંડ એકાદ પછેડો ફાડીશ; અને તારી મા પણ ખર્ચું પાન ગણાય. અમને અવતાર ધરીને આ પહેલોછેલ્લો એક લા’વો તો લેવા દે, બાપ ! અમારાં મોત સુધરશે.”

બાપનું દયામણું મોં દેખીને વીકમસી ઘડીભર પોતાનું દુ:ખ વીસર્યો. ચૂપ રહીને ચાલ્યો ગયો. બાપે માન્યું કે દીકરો માની ગયો. કોઇને બીજો કશોય વહેમ ન ગયો. કોઇને સાચી વાતનું ઓસાણ પણ ન ચડ્યું.

લગન થઇ ગયાં. સોળ વરસની સોનબાઇ સાસરે આવી. અંતર ફાટ ફાટ થતું હતું.

આજે મેળાપની પહેલી રાત હતી. મીઠી ટાઢ, મીઠી સગડી અને મીઠામાં મીઠી પ્રીતડી: એવી મહા મહિનાની ગળતી રાત હતી. ચોખ્ખા આભમાં ચાંદો ને ચાંદરડાં નીતરતાં હતાં. એવી મહા મહિનાની રાતને પહોરે બાપુના પગ દાબીને વીકમસી ઓરડે આવ્યો. પોતે જાણે ચોરી કરી હોય એમ લપાતો લપાતો આવ્યો. ઊભો થઇ રહ્યો. આશાભરી સોનબાઇએ ધણીના મોં પર લગનની પહેલી રાતનાં તેજ દીઠાં નહિ. નાનપણના ઊમળકા જાણે ક્યાં ઊડી ગયા છે ! પૂછ્યું “કાં આયર ! શું થઇ ગયું?”

વીકમસી ગળગળો થઇ ગયો; થોડી વાર તો વાચા જ ઊઘડી નહિ, હોઠે આવીને વેણ પાછાં કોઠામાં ઊતરી ગયાં.

સોનબાઇ ઢૂકડી આવી, કાંડું ઝાલ્યું.

“તું મને અડીશ મા !આયરાણી ! હું નકામો છું.”

“કાં ?”

“હું પુરુષાતણમાં નથી. માબાપને મેં ઘણી ઘણી ના પાડી’તી, પણ કોઇએ મારું કહ્યું માન્યું નહિ. કોઇ મારા પેટની વાત સમજ્યું નહિ.”

“તે પણ શું છે ?”

“બીજું તો શું કરું ? આણું આવે ત્યાં સુધી તો તારે રોકાવું જ પડશે ! પછી માવતર જઇને બીજો વિવાહ ગોતી લેજે. મેં તને બહુ દખી કરી. ભાગ્યમાં માંડ્યું મિથ્યા ન થયું.”

“અરે આયર ! આમ શીદ બોલો છો? એથી શું થઇ ગયું? કાંઇ નહિ.આપણે બે જણાં ભેળાં રહીને હરિભજન કરશું.” સાંભળીને વીકમસીનો ચહેરો ચમક્યો. વળી ઝાંખો પડીને બોલ્યો : “ના, ના, તારું જીવતર નહીં બગાડું.”

“મારું જીવતર બગડશે નહિ, સુધરશે. તમ ભેળી સુખમાં રહીશ. બીજી વાતું મેલી દ્યો.”

ખોળામાં માથું લઇને મોવાળા પંપાળતાં પંપાળતાં સ્ત્રીએ પુરુષને સુવાદી દીધો. વિકાર સંકોડીને પોતે પણ નીંદરમાં ઢળી. કોડિયાના દીવાની જ્યોત બેય જણાંનાં નિર્દોષ મોઢાં ઉપર આખી રાત રમતી હતી.

એવી એવી નવ રાતો વીતી ગઇ. દસમે દિવસે માવતરને ઘેરેથી સોનબાઇનો ભાઇ ગાડું જોડીને બહેનને તેડવા આવ્યો અને દસમી રાતે વીકમસીએ

સોનબાઇને રજા દીધી “તું સુખેથી જા. હું રાજીખુશીથી રજા દઉં છું. હઠ કર મા. ઊગ્યો એને આથમતાં વાર લાગશે.”

“આયર ! ધક્કો દઇને શીદ કાઢો છો ? મારે નથી જાવું. તમારી જોડે જ રહેવું છે. મારે બીજું-ત્રીજું કાંઇ નથી કરવું.”

ધણીના પગ ઝાલીને સોનબાઇ ચોધાર રોઇ પડી. એમ ને એમ આંખ મળી ગઇ.

સવારે ઊઠીને ગાડા સાથે પિયરના કુટુંબની જે કોઇ છોડી આવેલી તેની મારફત પોતાના ભાઇને કહેવરાવ્યુંકે ‘મને તેડી જાશો તો મારું સારું નહિ થાય. મારે લાખ વાતે પણ આવવું નથી. તમે વેળાસર પાછા ચાલ્યા જાવ.’

ભાઇને કારણ સમજાણું નહિ. પણ એને લાગ્યું કે આગ્રહ કરીને બહેનને તેડી જવાથી ઘરમાં કાંઇક  ક્લેશ થવાનો હશે, એટલે એણે વેવાઇને કહ્યું: “વજસી પટેલ ! મારાથી ભૂલમાં તેડવા અવાઇ ગયું છે. પણ આ તો કમુરતા ચાલે છે એ વાતનું મને ઓસાણ નહોતું. હવે ફરી વાર તેડવા આવીશ.” એટલું કહીને ભાઇએ ગાડું પાછું વાળ્યું.

વજસી ને રાજીબાઇ, ડોસા-ડોસી બેય હવે જગ જીત્યાં હોય એવા સુખના દિવસો વિતાવે છે. સામી ઓશરીએ બેઠાં બેઠાં બેય ડોસલાં પોતાની ડાહીડમરી દીકરા-વહુના દિલનો વળાંક જોયા કરે છે. પરોઢિયે વહુની ઘંટી ફરે છે; સૂરજ ઊગ્યે વહુ વલોણું ઘુમાવે છે; ભેંસો દોવે છે, વાસીદાં વાળી ફળિયું ફૂલ જેવું–છીંક આવે તેવું–ચોખ્ખું બનાવે છે. મોતી ભરેલી ઇંઢોણીએ ત્રાંબાળુ હેલ્યનાં બેડાં લઇ આવે છે, ને પાછા દસ જણના રોટલા ટીપી નાખે છે. નાની વહુ વીજળી જેવી ઘરમાં

ઝબકારા કરી રહી છે. શું એનું ગરવું મોઢું ! સાસુ-સસરાને હેતનાં ઝળઝળિયાં આવી જાય છે. વાતો કરે છે :

“હવે તો. આયરાણી ! એક વાત મનમાં રહી છે, આ રૂપીને કોઇ સારું ઠેકાણું મળી જાય.”

“એની ફિકર આપણે શી પડી છે, આયર ? એને ભાઇ જેવો ભાઇ છે. આફરડો રૂપીને ઠેકાણે પાડશે.”

“પોતાના સુખમાં બે’નનું સુખ વીસરી તો નહિ જાય ને ?”

“પણ મારી ચતુર વહુ ક્યાં વીસરવા દે એવી છે ?’

“આયરાણી! તોય એક અબલખા રહી જાય છે, હો !”

"શી ?"

"આ ખોળો ખાલી છે ઇ નથી ગમતું. કાલું કાલું બોલતું હોય, ખોળા ખૂંદતું હોય. મૂછ્યું ખેંચતું હોય – એવું ભગવાન આપે એટલે બસ. એવા થોડાક દી જોઇ ને જાયેં એટલે સદગતિ."

"આપશે,આયર ! મારો વા'લો ઇ યે આપશે. આપણે માથે વા'લાજીની મહેર છે."

સતજુગિયાં વૃદ્ધ ધણી-ધણિયાણી આશાને તાંતણે જીવ ટીંગાડીને જીવતાં હતાં. એને માયલા ભેદની ખબર નહોતી. ભાદરકાંઠાની વાડીઓ ગહેકતી હતી. લીલી ઘટામાં પંખી માળા નાખતાં હતાં. આઘે આઘે ઊની લૂ વાતી હતી. અને તરસ્યાં હરણાં ઝાંઝવાંનાં જળને લોભે દોડ્યાં જતાં હતાં.

વીકમસી સાંતી હાંકતો હાંકતોઊભો રહી જાય છે, સમજ્યા વગર બળદની રાશને ખેંચી રાખે છે, વિચારે ચડે છે, “આ અસ્ત્રીનાં રૂપ-ગુણને મેં રોળી નાખ્યા. આવા સોજા શીળને માથે મેં કુવાડો માર્યો. આ બધું મેં શું કરી નાખ્યું ?..... માણસોને મેં વાતો કરતા સાંભળ્યા છે કે પુરુષાતણ વગરના પુરુષે તો અસ્ત્રીનાં લૂગડાં પહેરી પાવૈયાના મઠમાં બેસવું જોવે. નહિ તો સાત જન્મારા એવા ને એવા આવે. હું ભાગી જાઉં? આ અસ્ત્રી પણ મારા ફાંસલામાંથી છૂટીને સુખી થશે. પણ મારાં ઓશિયાળાં માં બાપનું ને મારી પંખણી બોનનું શું થાશે?’ નિસાસો મૂકીને વીકમસી વળી પાછો સાંતીડે વળગતો પણ એને જંપ નહોતો.

ચારપાંચ મહિના આમ ચાલ્યું. તેવામાં વજસી ડોસો ગુજરી ગયો. રાજી ડોસી પણ એની પછવાડે ગયાં. હવે વીકમસીનો મારગ મોકળો થયો.

રાતે જ એણે વાત ઉચ્ચારી : “તને ઘણા મહિના થઇ ગયા. માવતર ગઇ નથી. તે દી તારો ભાઇ બાપડો કોચવાઇને પાછો ગયેલો; તારાં માવતર પણ કોચવાતાં હશે. માટે રાજીખુશીથી એક આંટો જઇ આવ ને !”

“હં, તમે મને ફોસલાવો છો. મારે નથી જાવું.”

“ના ના, તું વહેમા નહિ. લે, હુંય ભેળો આવું.”

“હા, તો જઇ આવીએ.”

ગાડું જોડીને બેય જણાં ચાલ્યાં. સોનબાઇનાં માવતરને આજ સોનાનો સૂરજ ઊગ્યા જેવું થયું. પનિયારીઓનાં ને ચોરે બેઠેલાં માણસોનાં મોંમાં પણ એક જ વાત હતી કે “કાંઇ જોડલી જામી છે! કાંઇ  દીનોનાથ ત્રૂઠ્યો છે !”

વીકમસીએ પોતાના સસરાને એકાંતે લઇ જઇને ફોડ પાડ્યો: “મારે નગર જઇને પાવૈયાના મઠમાં બેસવું છે. હું રાજીખુશીથી છોડું છું. મેં મહાપાપ કર્યું છે. હવે સારું ઠેકાણું ગોતીને ઝટ આપી દેજો.”

વાત સાંભળીને સોનબાઇનો બાપ સમસમી રહ્યો. એને પણ સલાહ દીધી કે “સાચું, ભાઇ, નગર જઇને કરમ ધોવો. તે વિના ભૂંડા અવતારનો આરો નથી.”

બાપ બિચારો સોનબાઇના મનની વાત નહોતો જાણતો. એણે માન્યું કે દીકરીના દુ:ખનો પણ ઉપાય થઇ શકશે. એણેય વાત પેટમાં રાખી લીધી.

બીજે દિવસે વાળુ કરીને સહુ સૂઇ ગયાં. પરોણા તરીકે વીકમસીની પથારી તો ફળીમાં જ હતી. ચોમાસાની રાત હતી. મે વરસતો હતો. કોઇ સંચળ સાંભળીને જાગે તેવું નહોતું. એવે ટાણે ગાડું જોડીને વીકમસી છાનોમાનો નીકળી ગયો.

ચોમાસાની રાતનાં તમરાં રસ્તાની બેય દશ્યે રોતાં હતાં. નદીનેરાં ખળખળીને દોડતાં જાણે કાંઇક ખોવાણું હોય એની ગોતણ કરતાં હતાં.

પ્રભાતે જમાઇની ગોતણ ચાલી ત્યારે સોનબાઇના બાપે સહુને બધી વાતનો ફોડ પાડ્યો. સાંભળીને ઘરનાં સહુ નાનાંમોટાંએ શ્વાસ હેઠા મેલ્યા. માએ માન્યું કે ‘મારી પદમણી જેવી દીકરી જીવતા રંડાપામાંથી ઊગરી ગઇ.’

આખા ઘરમાં એક સોનબાઇનું જ કાળજું ઘવાણું. મનમાં બહુ પસ્તાવો ઊપડ્યો, ‘આંઈં હું શીદ આવી ? અરે, મને ભોળવીને ભુલવાડી ગયો ? મને છાની રીતે છેતરી ? મારો શો અપરાધ હતો ?’ છાની છાની નદીકાંઠે ગઇ; છીપર ઉપર બેસીને ખૂબ રોઇ લીધું. હવે ક્યાં જઇને એને ઝાલું ! ઘણા વિચારો કર્યા. પણ લાજની મારી એની જીભ માવતર આગળ ઊપડી નહિ.

થોડા દિવસે ખબર આવ્યા કે વીકમસી તો પોતાની ઘરસંપત કાકાને સોંપી, રૂપીને સારે ઠેકાણે પરણાવવાની અને સંપત એના કરિયાવરમાં આપવાની ભલામણ દઇ, બહેનને ખબર કર્યા વગર, ઘોડીએ ચડીને નગરના મઠમાં પાવૈયો થવા ચાલ્યો ગયો છે.

સોનબાઇની રહીસહી આશા પણ કરમાઇ ગઇ. રોઇ રોઇને એ છાની થઇ ગઇ. પણ એને સંસાર સમુદ્ર સમો ખારો થઇ પડ્યો.એની આંખ સામેથી એક ઘડી પણ આયરનું મોં અળગું થાતું નથી.

થોડે દિવસે ત્યાંથી દસ ગાઉ દૂરના એક ગામડાના ઘરભંગ થયેલા એક લખમશી નામના આબરૂદાર આહીરનું માગું આવ્યું. બાપે દીકરીના દુ:ખનો અંત આવ્યો સમજી માગું કબૂલ કર્યું . માએ દીકરીને પહેરાવી-ઓઢાડી સાબદે કરી. મીઠડાં

લઇને મા બોલી કે "બાપ !મારા ફૂલ ! હરિની મોટી મે'ર, તે તારો ભવ બગડતો રહી ગયો."

સોનબાઇનું અંતર વીંધાઇ જાતું હતું, પણ એની છાતી ઉપર જાણે એવો ભાર પડી ગયો કે પોતે કાંઇ બોલી જ ન શકી. નવા ધણીની સાથે નવે ઘેર ચાલી.

શિયાળાના દિવસો છે, આભમાંથી કુંજડાંએ નીચે ઊતરીને જાણે પાતળી જીભે સંદેશો દીધો કે મે ગયો છે, લહાણી પડી ગઇ છે, ગામડાં ખાલી થઇને સીમો વસી ગઇ છે, ધાનના ડૂંડાં વઢાઇ રહ્યાં છે. નીચાં નમીને મોલ વાઢતાં દાડિયાં વચ્ચે વચ્ચે પોરો ખાવા ઊભાં થાય છે અને દાતરડી ગળે વલગાડી દઇને મીઠી ચલમો પીએ છે. છોડીઓ એકબીજીને હસતી ગાય છે :

ઓલ્યા પાંદડાને ઉડાડી મેલો

હો પાંદડું પરદેશી !

ઓલી મોતડીને ઉડાડી મેલો

હો પાંદડું પરદેશી !

એનો સાસરો આણે આવ્યા

હો પાંદડું પરદેશી !

મારા સાસરા ભેળી નૈં જાઉં

હો પાંદડું પરદેશી !

એનો પરણ્યો આણે આવ્યા

હો પાંદડું પરદેશી !

મારા પરણ્યા ભેળી ઝટ જાઉં

હો પાંદડું પરદેશી !

પંખી ઊડે છે. ટોયા હોકારે છે. ચોમાસામાં ધરાયેલી ટાઢી પોચી ભોં કઠણ બની જાય તે પહેલાં ખેડી નાખવા માટે ડાહ્યા ખેડૂતોએ સાંતીડાં જોડી દીધાં છે.

લખમશીએ પણ ખળામાં ડૂંડાં નાખી પોતાના ખેતરમાં હળ જોડ્યું છે. આધેડ ઉંમરનો લોંઠકો આદમી સાંતીડે રૂડો લાગે છે. એના ખેતરની પાસે થઇને જ એક ગાડા-મારગ જતો હતો. તે મારગે ગામમાંથી એક ભતવારી ચાલી આવે છે. એ

ભતવારી સોનબાઇ છે. બપોરટાણે, સાંતી છૂટવાને સમયે, સોનબાઇ નવા ધણીને ખેતર ભાત લઇ જાય છે. ધીરાં ધીરાં ડગલાં ભરે છે.

સામેથી પાવૈયાનું એક ટોળું તાળોટા વગાડતું ચાલ્યું આવે છે. એને દેખતાં જ સોનબાઇને વીતેલી વાત સાંભરી આવી. તરીને પોતે ટોળું વટાવી ગઇ. ત્યાં તો દીઠું કે ટોળાની પાછળ આઘેરોક એક જુવાન ઘોડીએ ચડીને ધીમો ધીમો ચાલ્યો આવે છે. ધણીના ખેતરને શેઢે છીંડી પાસે સોનબાઇ ઊભી રહી. અસવાર નજીક આવતાં જ ઓળખાણો.

એ વીકમસી હતો. પાવૈયાના મઠમાં બેસવા ગયેલો. સ્ત્રીનાં લૂગડાં પહેરવાની માગણી કરેલી, પણ મઠના નિયમ મુજબ છ મહિના સુધી તો પુરુષવેશે જ સાથે રહીને પોતાના પુરુષાતનની ખોટની ખાતરી કરાવવાની હતી. હજુ છ મહિના

નહોતા વીત્યા. વીકમસી પાવૈયાના ટોળા સાથે માગણી માગવા નીકળ્યો છે. જોગ માંડ્યા હશે તે આ ગામે જ એને આવવું થયું છે.

બેય જણાંએ સામસામાં ઓળખ્યાં. વીકમસીએ પણ ઘોડી રોકી. બેય નીચી નજરે ઊભાં થઇ રહ્યાં. સોનબાઇની આંખોમાંથી આંસુ ચાલવા લાગ્યાં. અંતે એના હોઠ ઊઘડ્યા:”આમ કરવું’તું ?”

“તું સુખી છો ?” વીકમસીથી વધુ કાંઇ ન બોલાયું.

”હું તો સુખી જ હતી. છતાં શું કામે મને રઝળાવી ?’

”ત્યારે શું તારો ભવ બગાડું?”

”બગાડવામાં હવે શી બાકી રહી, આયર ?”

આંસુભરી આંખે બેય જણાં ઊભાં છે. ખેતરને સામે શેઢે લખમસી સાંતી હાંકતો હતો તે સાંતી ઊભું રાખીને આ બધું જોઇ રહ્યો છે. પોતાની

સ્ત્રીને અજાણ્યા જણ સાથે ઊભેલી ભાળીને એની આંખો વહેમાતી હતી.

વીકમસીએ પૂછ્યું, “ભાત જા છો ?તારું ખેતર ક્યાં છે?”

“આ જ મારું ખેતર.”

“સાંતી હાંકે છે એ જ તારો ધણી?”

“હા, હવે તો એમ જ ને !”

“જો, તારો ધણી આંઈ જોઇ રહ્યો છે. ખિજાશે. તું હવે જા.”

"જાઇશ તો ખરી જ ને ! કહેવું હોય તે ભલે કહે. પણ આયર...! આયર ! તમે બહુ બગાડ્યું ! સુખે સાથે રહી પ્રભુભજન કરત ! પણ તમે મારો માળો વીંખ્યો. શું કહું ?"

ચોધાર આંસુ ચાલી નીકળ્યાં છે. વેણે વેણે ગળું રૂંધાય છે. વીકમસીએ જવાબ વાળ્યો, "હવે થવાનું થઇ ગયું. વીસરવું."

"હા, સાચું વીસરવું !બીજું શું ?"

આઘે આઘે પાવૈયાનું પેડું  ઊભું રહીને વીકમસીની વાટ જુએ છે. ખેતરને શેઢેથી લખમસી જુએ છે.

"લે હવે, રામ રામ !"

સોનબાઇ અકળાઇ ગઇ. ઘોડીની લગામ ઝાલી લીધી. ઓશિયાળી બનીને બોલી, “મારું એક વેણ રાખો, એક ટંક મારા હાથનું જમીને જાવ. એટલેથી મને શાંતિ વળશે, વધુ નહિ રોકું.”

“ગાંડી થઇ ગઇ? તારે ઘેર જમવા આવું, એ તાર વરને કાંઇ પોસાય ? ને વળી આ પાવૈયા પણ ન રોકાય તો મારે એની હારે ચાલી નીકળવું જ પડે. માટે મેલી દે.”

”ના ના, ગમે તેમ થાય, મારું આટલું વેણ  તો રાખો. ફરી મારે ક્યાં કહેવા આવવું  છે?”

“ઠીક, પણ તારો ધણી કહેશે તો જ મારાથી રોકાવાશે.”

એટલું કહીને એને ઘોડી હાંકી. નિસાસો નાખીને સોનબાઇ ખેતરમાં ચાલી. લખમસી સાંતી છોડીને રોટલા ખાવા બેઠો. કોચવાઇને એણે પૂછ્યું, "કોની સાથે વાત કરતી'તી ? કેમ રોઇ છો ?"

છ મહિનાથી રૂંધી રાખેલું અંતર આજ સોનબાઇએ ઉઘાડી નાખ્યું. કાંઇ બીક ન રાખી. વીકમસી પોતાનો આગલો ઘરવાળો છે, પોતાનું હેત હજુય એના ઉપર એવું ને એવું છે, પોતાને એનાથી જુદું પડવું જ નહોતું, પોતાને સૂતી મેલીને છાનોમાનો ચાલ્યો ગયો હતો; ઓચિંતો જ આજ આંહીં મળી ગયો; અને પોતે એને આજનો દિવસ પોતાને ઘેર રોકાવાના કાલાવાલા કરતી હતી; છ મહિનાથી પોતે નવા ધણી સાથે શરીરનો સંબંધ ન રાખવાનાં વ્રત લીધેલાં તે પણ એ જૂની માયાનાં માન સારુ જ છે એ બધું જ બોલી નાખ્યું. બોલતી ગઇ તે વેણેવેણ એની મુખમુદ્રા પર આલેખાતું ગયું.

લખમસી આ સ્ત્રીની સામે તાકી રહ્યો, ઊંડા વિચારમાં પડી ગયો. સાંતી જોડવાનું બંધ રાખીને લખમસી સોનબાઇ સાથે ગામમાં આવ્યો. સામે ચોરામાં જ પાવૈયાનું ટોળું બપોરા કરવા ઊતરેલું હતું. વીકમસી પણ ત્યાં બેઠો હતો. એણે આ બેય જણાં ને આવતાં જોયાં. એના મનમાં ફાળ પડી કે હમણાં લખમસી આવીને કજિયો આદરશે. ત્યાં તો ઊલટું જ લખમસીએ સુંવાળે અવાજે કહ્યું, “ફળીએ આવશો ?”

વીકમસીને વહેમ પડ્યો. ઘેર લઇ જઇને કદાચ ફજેત કરશે તો ? પણ ના ન પડાઇ. એક વાર સોનબાઇને મલવાનું મન થયું. મુખીની રજા લઇને ભેળો ચાલ્યો. ઘોડીને લખમસીએ દોરી લીધી.

બીક હતી તે ટળી ગઇ. લખમસીનાં આદરમાન બીજે ક્યાંય નહોતાં દીઠાં. કોડે કોડે રાંધેલું મીઠું ધાન લખમસીએ પરોણાને તાણખેંચ કરીને ખવરાવ્યું; ઢોલિયા ને ધડકી ઢાળીને મહેમાનને બપોરની નીંદર કરાવી; અને ધીરે ધીરે વીકમસીના મનની રજેરજ વાત એને જાણી લીધી. વાતોમાં સાંજ નમી ગઇ.

લખમસીમાં ખેડૂતનું હૈયું હતું. ઝાડવા ઉપર પંખીની અને વગડામાં હરણાંની હેતપ્રીત એણે દીઠી હતી. અને આંહીં એણે આ બે જણાંને ઝૂરી મરતાં જોયાં. એ ભીતરમાં ભીંજાઇ ગયો; પોતે સોનબાઇ વેરે પરણ્યો છે એ વાત જ ભૂલી ગયો. એનાથી આ વેદના દેખી જાતી નહોતી.

દિવસ આથમ્યો એટલે પોતી ઊઠ્યો, ફળીમાં માતાની દેરી હતી તે ઉઘાડીને ધૂપ કર્યો. માતાજીની માળ ફેરવવા બેઠો. પોતે માતાનો ભગત હતો. ભૂવો પણ હતો. રોજ રોજ સંધ્યાટાણે માતાને ઓરડે આવીને પોતે જાપ કરતો.

આજ માળા ફેરવીને એણે માતાજીની સ્તુતિ ઉપાડી. શબ્દ ગાજવા લાગ્યા તેમ તેમ એના શરીરમાં આવેશ આવવા મંડ્યો. ધૂપના ગોટેગોટ ધુમાડા ઊઠયા. લખમસીની હાક ગાજી ઊઠી. દેવી એની સરમાં આવ્યાં હતાં.

સોનબાઇઅ ઘરમાં રાંધે છે, ત્યાં એને હાક સાંભળી. સાંભળતાં જ એ બહાર દોડી આવી. આયરને ખરા આવેશમાં દીઠો. પોતાને ઓસાણ આવી ગયું. વીકમસીને ઢંઢોળીને કહ્યું, “દોડ આયર, દોડ ! ઝટ પગમાં પડી જા !”

**કાંઇ કારણ સમજ્યા વગર વીકમસી દોડ્યો. પગમાં માથું નાખી દીધું. ધૂણતાં ધૂણતાં લખમસીએ પોતાના બેય હાથ એને માથે મૂકીને આશિષ આપી કે “ખમા** ! ખમા તુંને બાપ !”

માથે હાથ અડતાં તો કોણ જાણે શાથી વીકમસીના દેહમાં ઝણઝણાટ થઇ ગયો. ખાલી ખોળિયામાં દૈવતનો ધોધ વછૂટ્યો. લખમસીને શાંતિ વળી એટલે બેય જણા બહાર નીકળ્યા. લખમસીએ પૂછ્યું : “કાં ભાઇ ! શું લાગ્યું? શું થાય છે ?” તેજભર્યો વીકમસી શું બોલી શકે ? રૂંવાડી ઊભી થઇ ગઇ હતી. અંગેઅંગમાં પ્રાણ પ્રગટી નીકળ્યા હતા. ચહેરા ઉપર શાંતિ છવાઇ ગઇ. માત્ર એટલું બોલાયું કે “ભાઇ ! મારા જીવનદાતા ! માતાજીની મહેર થઇ ગઇ . મારો નવો અવતાર થયો !”

“બસ ત્યારે, મારોય મનખો સુધર્યો, હું તરી ગયો.” એમ કહીને એણે સાદ કર્યો, “સોનબાઇ ! બહાર આવ.”

સોનબાઇ આવીને ઊભી રહી. બધુંય સમજી ગઇ. શું હતું ને શું થઇ ગયું ! આ સાચું છે કે સ્વપ્નું ! કાંઇ ન સમજાયું.

“મારા ગુના માફ કરજે ! તું  પગથી માથા લગી પવિત્ર છો. આ તારો સાચો ધણી. સુખેથી બેય જણાં પાછાં ઘેર જાવ. માતાજી તમને સુખી રાખે અને મીઠાં મોં કરાવે.”

વીકમસી ઉપકાર નીચે દબાઇ ગયો. ગળગળો થઇ ગયો અને બોલ્યો “લખમસીભાઇ ! આ ચામડીના જોડા સિવડાવું તોય તમારા ઉપકારનો બદલો

કોઇ રીતે વળે તેમ નથી. તમે મારે ઘેર મારા ભેળા આવો તો જ હું જાઉં !" લખમસીએ રાજીખુશીથી હા પાડી.

સવાર થતાં જ ગાડું જોડ્યું. સોનબાઇનો હરખ હૈયામાં સમાતો નથી. વીકમસી ગાડાની વાંસે, ઘોડી ઉપર બહુ જ આનંદમાં, મનમાં ને મનમાં લખમસીના ગુણ ગાતો ચાલ્યો આવે છે. વીકમસીને ઘેર પહોંચ્યા; એનું આખું કુટુંબ બહુ જ રાજી થયું. બીજે દિવસે લખમસીએ જવાની રજા માગી. પોતાના કાકાની સલાહ લઇને વીકમસીએ બહેન રૂપીને લખમસી વેરે આપવા પોતાનો વિચાર જણાવ્યો. લખમસીને આગ્રહ કરીને રોક્યો. લખમસીએ ખુશીથી કબૂલ કર્યું. આસપાસથી નજીકનાં સગાંઓને તેડાવી, સારો દિવસ જોવરાવી વીકમસીએ રૂપીનાં લગ્ન કરી, સારી રીતે કરિયાવર આપી, બહેનને લખમસીના ભેળી સાસરે વળાવી.

# 16. સાંઇ નેહડી

મધરાત હતી. બારે મેઘ ખાંગા બનીને તૂટી પડ્યા હતા, જગતને જાણે બોળી દેશે એવાં પાણી ઘેરી વળ્યાં હતાં. ઊંચે આભ ભાંગે તેવા કડાકા-ભડાકા, અને નીચે મહાસાગરે માઝા મેલી હોય તેવું જળબંબાકાર:વચ્ચે ફક્ત ઊંચા ડુંગરાને પેટાળે નાનાં નેસડાં જ અનામત હતાં. અંધારે આશાના ઝાંખા દીવા ઘડી ઘડી એ નેસમાંથી ટમટમતા હતા.

સમજદાર ઘોડો એ દીવાને અએંધાણે એંધાણે ડુંગરાળ જમીન પર ડાબલા ઠેરવતો ઠેરવતો ચાલ્યો જાય છે. પોતાના ગળે બાઝેલો અસવાર જરીક જોખમાઇ ન જાય તેવી રીતે ઠેરવી-ઠેરવીને ઘોડો દાબલા માંડે છે. વીજળીને ઝબકારે

નેસડાં વરતાય છે. ચડતો, ચડતો, ચડતો ઘોડો એક ઝૂંપડાની ઓસરી પાસે આવીને ઊભો રહ્યો. ઊભીને એણે દૂબળા ગળાની હાવળ દીધી.

સુસવાટ દેતા પવનમાં ઘોર અંધારે ઝૂંપડીનું કમાડ ઊઘડ્યું. અંદરથી એક કામળી ઓઢેલી સ્ત્રી બહાર નીકળી પૂછ્યું :"કોણ?"

જવાબમાં ઘોડાએ ઝીણી હાવળ કરી. કોઇ અસવાઅર બોલાશ ન આવ્યો.

નેસડાની રહેનારી નિર્ભય હતી. ઢૂંકડી આવી. ઘોડાના મોં ઉપર હાથ ફેરવ્યો. ઘોડાએ જીભેથી એ માયાળુ હાથ ચાટી લીધો.

“માથે કોણ છે, મારા બાપ ?” કહીને બાઇએ ઘોડાની પીઠ ઉપર હાથ ફેરવ્યો. લાગ્યું કે અસવાર છે. અસવાર ટાઢોહીમ થઇને ઢળી પડ્યો છે અને ઘોડાની ડોકે અસવારના બે હાથની મડાગાંઠ વળી છે.

વીજળીનો ઝબકારો થયો તેમાં અસવાર પૂરેપૂરો દેખાણો.

“જે હોય ઇ ! નિરાધાર છે. આંગણે આવ્યો છે. જગદંબા લાજ રાખશે.’

એટલું કહી બાઇએ અસવારને ઘોડા ઉપરથી ખેંચી લીધો. તેડીને ઘરમાં લઇ ગઇ, ખાટલે સુવાડ્યો, ઘોડાને ઓશરીમાં બાંધી લીધો.

આદમી જીવે છે કે નહિ ?બાઇએ એના હૈયા પર હાથ મૂકી જોયો; ઊંડા ઊંડા ધબકારા ચાલતા લાગ્યા.સ્ત્રીના અંતરમાં આશાનો તણખો ઝગ્યો. ઝટઝટ સગડી

ચેતાવી. અડાયાં છાણાં અને ડુંગરાઉ લાકડાંનો દેવતા થયો. ગોટા ધગાવી ધગાવીને સ્ત્રી એ ટાઢાબોળ શરીરને શેકવા લાગી પડી. ઘરમાં બીજું કોઇ નહોતું.

શેક્યું, શેક્યું, પહોર સુધી શેક્યું, પણ શરીરમાં સળવળાટ થતો નથી. બેભાન પુરુષને ભાન વળતું નથી, છતાં જીવ તો છે. ઊંડા ઊંડા ધબકારા ચાલી રહ્યા છે.

“શું કરું? મારે આંગણે છતે જીવે આ નર આવ્યો, તે શું બેઠો નહિ થાય? હું ચારણ, મારે શંકર અને શેષનાગ સમાં કુળનાં પખાં અને આ હત્યા શું મારે માથે ચડશે?’

ઓચિંતો જીવ મૂંઝાવા માંડ્યો. ઉપાય જડતો નથી. માનવી જેવા માનવીનું ખોળિયું પોતાની સામે મરવા પડ્યું છે.

ઓચિંતો એના અંતરમાં અજવાસ પડ્યો. પહાડોની રહેનારીને પહાડી વિદ્યાનું ઓસાણ ચડ્યું. ઘડીક તો થડકીને થંભી ગઇ.

“ફકર નહિ !દીવો તો નથી, પણ ઇશ્વર પંડે તો અંધારેય ભાળે છે ને ! ફકર નહિ. આ મળમૂતરની ભરેલી કૂડી કાયા બીજે ક્યાં કામ લાગશે ?અને આ મડું છે, મારું પેટ છે, ફકર નહિ.’

જુવાન ચારણીએ પોતાનું શરીર એ ઠરેલા ખોળિયાની પડખે લાંબું કર્યું. કામળીની સોડ તાણી લીધી, પોતાની હૂંફાળી ગોદમાં એ પુરુષને શરીરનો ગરમાવો આપવા લાગી.

ધીરે-ધીરે-ધીરે ધબકારા વધ્યા. અંગ ઊનાં થવા લાગ્યાં, શરીર સળવળ્યું અને સ્ત્રીએ ઊભી થઇ લૂગડાં સંભાળ્યાં. ટોયલી ભરીભરીને એ પુરુષના મોંમાં દૂધ ટોયું.

પ્રભાતે પુરુષ બેઠો થયો. ચકળવકળ ચારેય બાજુ જોવા માંડ્યો.

એણે પૂછ્યું :”હું ક્યાં છું/ તમે કોણ છો, બોન?”

“તું તારી ધરમની બોનને ઘેર છો, બાપ !બીશ મા.”

બાઇએ બધી વાત કહી. આદમી ઊઠીને એના પગમાં પડી ગયો. બાઇએ પૂછ્યું, “તું કોણ છો, બા?”

“બોન, હું એભલ વાળો.”

“એભલ વાળો? તળાજું ? તું દેવરાજા એભલ !”

“હા, બોન. એ પંડે જ. હું દેવ તો નથી, પણ માનવીના પગની રજ છું.”

“તારી આ દશા, બાપ એભલ ?”

“હ, આઇ, સાત વરસે હું આજ મે’ વાળી શક્યો!”

“શું બન્યું’તું, ભાઇ !”

”સાંઇ નેહડી, નમારો ચારણ કાલ વર  “તળાજા માથે સાત દુકાળ પડ્યા, આઇ !મારી વસ્તી ધા દેતી હતી. આભમાં ઘટાટોપ વાદળ, પણ ફોરુંય ન પડે. તપાસ કરતાં કરતાં ખબર પડી કે આખી ભોમ સળગી રહી છે:તેમાં એજ્ક કાળિયાર લીલાડું ચરે છે. કાળિયાર હાલે ત્યાં લીલાં તરણાંની કેડી ઊગતી આવે છે. આ

કૌતુક શું ?પૂછતાં પૂછતાં વાવડ મળ્યા કે એક વાણિયાએ પોતાની જારની ખાણો ખપાવવા સાટુ શ્રાવકના કોઇક જતિ પાસે દોરો કરાવી કાળિયારની શિંગડીમાં ડગળી પાડી તેમાં દોરો ભરી, ડગળી બંધ કરી, બારે મેઘ બાંધ્યા છે. એ દોરો નીકળે ત્યારે જ મે' વરસે. સાંભળીને હું ચડ્યો, બોન !જંગલમાં કાળિયારનો કેડો લીધો. આઘે આઘે નીકળી પડ્યો. ડુંગરામાં કાળિયારને પાડીને શિંગડું ખોલાવ્યું,ત્યાં તો મેઘ તૂટી પડ્યો. હું રસ્તો ભૂલ્યો, થીજી ગયો. પછી શું થયું તેની ખબર નથી રહી.”

“વાહ રે, મારા વીરા ! વારણાં તારાં !વધ્યાં બાપનાં !અમર કાયા તપજો વીર એભલની !”

“તારું નામ.બોન ?”

“સાંઇ નેહડી. મારો ચારણ કાળ વરતવા માળવે ઊતર્યો છે, બાપ ! સાત વરસ વિજોગનાં વીત્યાં; હવે તો ભેંસુ હાંકીને વયો આવતો હશે. લાખેણો ચારણ છે, હો ! તારી વાત સાંભળીને એને ભારી હરખ થાશે, મારા વીરા !”

“બોન! આજે તો શું આપું ? કાંઇ જ નથી. પણ વીરપહલી લેવા કોક દી તળાજે આવજે !”

“ખમ્મા તુંને, વીર ! આવીશ.”

આરામ થયે એભલ વાળો ત્યાંથી ઘોડે ચડીને ચાલી નીકળ્યો.

સાત વર્ષે વરસાદ થયો છે. ડુંગરા લીલુડા બની ગયા છે. નદીનેરાં જાય છે ખળખળ્યાં. એવે ટાણે ચારણો ધોર લઇને પરદેશથી પાછા વળ્યા. પોતાના

વહાલા ધણીને ઉમળકાભરી સાંઇ નેહડીએ એભલ વાળાની વાત કહી સંભળાવી. ગામતરેથી આવતાં તુરત જ સ્ત્રીને આ પારકા માણસની વાતો ઉપર ઊભરા ઠાલવતી દેખી ચારણને ઠીક ન લાગ્યું. એમાં વળી એને કાને પડોશીએ ફૂંકી દીધું કે ‘કોઇ પારકા મરદને તારી અસ્ત્રીએ સાત દી સુધી ઘરની અંદર ઠાંસેલો !

ચારણના અંતરમાં વહેમનું વિષ રેડાઇ ગયું. પોતાની કંકુવરણી ચારણી ઉપર એ ટાણે કટાણે ખિજાવા મંડ્યો; છતાં ચારણી તો ચૂપ રહીને જ બધાં વેણ સાંભળ્યે જતી. એને પણ વાતની સાન તો આવી ગઇ છે.

એક દિવસ ચારણ ગાય દોવે છે. ચારણીના હાથમાં વાછડું છે. અચાનક વાછડું ચારણીના હાથમાંથી વછૂટી ગાયના આઉમાં પહોંચ્યું. ચારણ ખિજાયો. એની બધા દિવસની રીસ એ સમે બહાર આવી. ચારણીને એણે આંખો કાઢીને પૂછ્યું

:"તારા હેતુને કોને સંભારી રહી છો?" હાથમાં શેલાયું (નોંજણું)હતું. તે લઇને એને સાંઇના શરીર પર કારમો પ્રહાર કર્યો.

ચારણીના વાંસામાં ફટાકો બોલ્યો. એનું મોં લાલચોળ બન્યું. થોડી વાર એ અબોલ ઊભી રહી, પણ  પછી એનાથી સહેવાયું નહિ. દૂધના બોઘરામાંથી અંજળિ ભરીને આથમતા સૂરજ સંમુખ બોલી :"હે સૂરજ !આજ સુધી તો ખમી ખાધું, પણ હવે બસ ! હદ થઇ. જો હું પવિત્ર હોઉં તો આને ખાતરી કરાવો, ડાડા !" એમ કહીને એણે ચારણ ઉપર અંજળિ છાંટી. છાંટતાં તો સમ ! સમ !સમ !કોઇ અંગારા છંટાણા હોય તેમ ચારનને રોમ્ર રોમ્ર આગ લાગી અને ભંભોલા ઊઠ્યા. ભંભોલા ફૂટીને પરુ ટપકવા લાગ્યું. ચારણ બેસી ગયો. નેહડીનાં નેણાં નીતરવા લાગ્યાં.

થોડા દિવસમાં તો ચારણનું શરીર સડી ગયું, લોહી શોષાઇ ગયું. આંસુ સારતી સારતી નેહડી એ ગંધાતા શરીરની ચાકરી કરે છે. આખરે એક દિવસ એક કંડિયામાં રૂનો પોલ કરી, અંદર પોતાનાસ્વામીના શરીરને સંતાડી, કંડિયો માથા પર ઉપાડી સતી નેહડી એકલી ચાલતી ચાલતી તળાજે પહોંચી.

રાજા એભલને ખબર કહેવરાવ્યા. રાજાએ બહેનને ઓળખી. આદરસત્કારમાં ઓછપ ન રાખી; પરંતુ બહેનની પાસે કંડિયાની અંદર શું હશે ?કંડિયો કેમ એક ઘડી પણ રેઢો મૂકતી નથી ? છાનીમાની ઓરડામાં બેસીને કેમ ભોજન કરતી હશે?એવી અનેક શંકાઓ રાજાને પડી.

એકાંતે જઇને એણે બહેનને મનની વાત પૂછી.

બહેને કંડિયો ખોલીને એ ગંધાતા અને ગેગી ગયેલા ચારણનું શરીર બતાવ્યું. એભલના મોંમાંથી નિશ્વાસ નીકળી ગયો.

“બોન ! બાપ ! આ દશા ?’

“હા બાપ ! મારા કરમ !”

“હવે કાંઇ ઉપાય ?”

“તેટલા માટે જ તારી પાસે આવી છું.”

“ફરમાવો.”

“બની શકશે ?”

“કરો પારખુ !”

“ઉપાય એક જ, ભાઇ ! બત્રીસલક્ષણા પુરુષના લોહીથી આ શરીરને નવરાવું તો જ મારો ચારણ બેઠો થશે.”

”વાહ વાહ ! કોણ છે બત્રીસલક્ષણો ? હાજરકરું.”

“એક તો તું, ને બીજો તારો દીકરો અણો.”

“વાહ વાહ બોન ! ભાગ્ય મારાં કે મારું રુધિર આપીને હું તારો ચૂડો અખંડ રાખીશ.”

ત્યાં તો કુંવર અણાને ખબર પડી. એણે આવીને કહ્યું:”બાપુ, એ પુણ્ય તો મને જ લેવા દ્યો.”

બાપે પોતાને સગે હાથે જ તરવાર ચલાવી. પેટના એકના એક પુત્રનું માથું વધેર્યું. ચારણીનો સ્વામી એ લોહીમાં સ્નાન કરીને તાજો થયો, એભલે પ્રાણ સાટે પ્રાણ આપીને કરજ ચૂકવ્યાં.

આજ પણ અસાંઇ નેહડીનો ટીંબો તળાજાથી થોડે આઘે ચારણોના બાબરિયાત ગામ પાસે ખડો છે. અને પિતાપુત્ર એભલ-અણો નીચેના દુહામાં અમર બન્યા છે:

*સરઠાં ! કરો વિચાર, બે વાળામાં ક્યો વડો ?*

*સરનો સોંપણહાર, કે વાઢણહાર વખાણીએ ?*

[હે સોરઠનામાનવી, વિચાર તો કરો. આ એભલ વાળો અને અણો વાળો—બેમાંથી કોણ ચડે ?કોનાં વખાણ કરીએ? પોતાનું શિર સોંપનાર બેટાનાં, કે સગા દીકરાનું માથું સ્વહસ્તે વાઢી આપનાર બાપનાં ?]

## 17. હોથલ

[પ્રેમશૌર્યની કોઇ વિરલ પ્રતિમાસમી, સ્ત્રીત્વ અને પુરુષત્વની સંગમ-ત્રિવેણીસમી ને જગતમાં કોઇ મહાકાવ્યને શોભાવે તેવી આ હોથલ પદ્મણી છૂટાછવાયા લેખોમાં કે નાટકોમાં આલેખાઇ ગયાં છતાં તેની કંઇક સબળ રેખાઓ અણદોરી રહી છે. હોથલનું એ વીસરાતું વીરાંગનાપદ પુનર્જીવન માગે છે—નાટકીય શૈલીએ નહિ,પણ શુદ્ધ સોરઠી ભાવાલેખન દ્વારા . વળી, એ પ્રેમવીરત્વની ગાથાના સંખ્યાબંધ દોહાઓ પણ સાંપડ્યા છે. એનો પરિચય પણ જીવતો કરવાનો ઉદ્દેશ છે. દુહાઓ મિશ્ર સોરઠી-કચ્છી વાણી ના છે.]

કચ્છની ઠકરાત કિયોર કકડાણાને પાદર ત્રંબાળુ ઢોલ ધડૂકે છે. મીઠી જીભની શરણાઇઓ ગૂંજી રહી છે. નોબત ગડેડે છે.(ગગડે છે ?) માળિયે બેઠેલી ઠકરાણી પોતાની દાસીને પૂછેછે:"છોકરી, આ વાજાં શેનાં ?"

"બાઇ, જાણતાં નથી? બસો અસવારે ઓઢો જામ આજ આઠ મહિને ઘેર આવે છે. એની વધાઇનાં આ વાજાં. ઓઢો ભા-- તમારા દેવર."

"એમાં આટલો બધો ઉછરંગ છે ?"

"બાઇ, ઓઢો તો કિયોર કકડાણાનો આતમરામ. ઓઢો તો શંકરનો ગણ કહેવાય. એની નાડી ધોયે આડાં ભાંગે. અને રૂપ તો જાણે અનિરુદ્ધનાં."

"ક્યાંથી નીકળશે ?"

“આખી અસવારી આપણા મો’લ નીચેથી નીકળશે.”

“મને એમાંથી ઓઢો દેખાડજે.”

અસવારી વાજતેગાજતે હાલી આવે છે. ડેલીએ ડેલીએ કિયોર કકડાણાની બે’ન-દીકરીઓ કંકુ-ચોખા છાંટીને ઓઢા જામનાં ઓવારણાં લે છે અને સોળ શણગાર સજીને ગોખમાં બેઠેલી જુવાન મીણલદે આઘેથી કેસરી સિંહ જેવી નિર્મળ આંખલડીઓવાળા દેવરને ભાળી ભાળીને શી ગતિ ભોગવી રહી છે !

ઓઢે બગતર ભીડિયાં, સોનાજી કડિયાં,

મીનળદે કે માયલાં , હૈડાં હલબલિયાં.

[હેમની કડીઓ ભીડેલા બખતરમાં શોભતો જુવાન જોદ્ધો ભાળીને ભોજાઇનાં હૈયાં હાલી ગયાં]

“વાહ ઓઢો !વાહ ઓઢો !વાહ ઓઢો !’ એવાં વેણ એનાથી બોલાઇ ગયાં. સામૈયું ગઢમાં ગયું.

પ્રભાતને પહોરે જદુવંશી જાડેજાઓનો દાયરો જામ્યો છે. સેંથા પાડેલી કાળી કાળી દાઢીઓ જાડેજાઓને મોઢે શોભી રહી છે. કસુંબાની છાકમછોળ ઊડી રહી છે. ઓઢો જામ પોતાની મુસાફરીનાં વર્ણનો કરે છે. દેશદેશના નવા સમાચાર કહેવા-સાંભળવામાં ભાઇ ગરકાવ છે. પોતાનાં શૂરાતનની વાતો વર્ણવતા ઓઢાની જુવાની એનામુખની ચામડી ઉપર ચૂમકીઓ લઇ રહી છે ત્યાં તો બાનડી આવી :

“બાપુ, ઓઢા જામને મારાં બાઇ સંભારે છે.”

“હા, હા, ઓઢા, બાપ, જઇ આવ. તું ને તારી નવી ભોજાઇ તો હજુ મળ્યાંયે નથી.”એમ કહીને બુઢ્ઢા જામ હોથીએ ઓઢાને મીણલદેને ઓરડે મોકલ્યો.

વાળે વાળે મોતી ઠાંસીને મીણલદે વાટ જુએ છે. આંખમાં કાજળ ચળકારા કરે છે. કાને, કંઠે, ભુજા ઉપર અને કાંડે આબરણ હીંડોળે છે. મોટા મહિપતિને મારવા જાણે કામદેવે સેના સજી છે.

ઓઢે કેસરિયાં પેરિયાં, આંગણ ઉજારો,

દીઠો દેરજો મોં તડે, સૂર થિયો કારો.

[કેસરિયા પોશાકમાં શોભતો દેવર દાખલ થયો ત્યાં તો ઓરડે અજવાળાં છવાયાં. દેરનું મોઢું દેખાતાં સૂરજ ઝાંખો પડ્યો.]

ઓઢે કેસરિયા પેરિયાં, માથે બંધ્યો મોડ,

દેરભોજાઇ આપણે, મળિયું સરખી જોડ.

[આહાહા ! વિધાતાએ તો મારી અને ઓઢાની જ જોડી સરજી પણ મારાં માવતર ભૂલ્યાં]

“માતાજી ! મારા જીવતરની જાનકીજી !તમે મારા મોટાભાઇના કુળઉજાળણ ભલે આવ્યાં,” એમ કહીને લખમણજતિ જેવા ઓઢાએ માથું નમાવ્યું.

“હાં, હાં, હાં, ઓઢા જામ  રે’વા દો,”એમ કહી ભોજાઇ દોડી, હાથ ઝાલીને દેવરને ઢોલિયા ઉપર બેસાડવા માંડી--

ઓઢા મ વે ઉબરે, હી પલંગ પિયો,

આધી રાતજી ઊઠિયાં, ઓઢો યાદ અચો.

[એ ઓઢા જામ, તું સાંભર્યો અને અધરાતની મારી નીંદર ઊડી ગઇ છે. થોડા પાણીમાં માછલું ફફડે તેમ ફફડી રહી છું. આવ, પલંગે બેસ. બીજી વાત મેલી દે.]

ઓઢો ભોજાઇની આંખ ઓળખી ગયો. દેવતા અડ્યો હોય ને જેમ માનવી ચમકે એમ ચમકીને ઓઢો આઘો ઊભો રહ્યો. “અરે !અરે, ભાભી !”

હી પલંગ હોથી હીજો, હોથી મુંજો ભા,

તેંજી તું ઘરવારી થિયે, થિયે અસાંજી મા,

[તારા ભરથાર હોથીનો આ પલંગ છે. અને હોથી તો મારો ભાઇ, એની તું ઘરવાળી.અરે, ભાભી, તું તો મારે માતાના ઠેકાણે.]

ચૌદ વરસ ને ચાર,ઓઢા અસાં કે થિયાં,

નજર ખણી નિહાર, હૈડાં ન રયે હાક્લ્યાં.

[ભાભી બોલી :મને અઢાર જ વર્ષ થયાં છે. નજર તો કર. મારું હૈયું હાકલ્યું રહેતું નથી.]

ગા ગોરણી ગોતરજ, ભાયાહંદી ભજ,

એતાં વાનાં તજ્જિએ, ખાદ્યોમાંય અખજ.

[ઓઢે કહ્યું:એક તો ગાય, બીજી ગોરાણી, ત્રીજી સગોત્રી અને ચોથી ભાઇની સ્ત્રી, એ ચારેય અખાજ કહેવાય.]

ઓઢો પાછો વળ્યો. અગ્નિની ઝાળ જેવી ભોજાઇ આડી ફરી. બાહુ પહોળા કર્યા,ઓઢાએ હાથ જોડીને કહ્યું કે--

ન હુવ રે ન થિયે, ન કઢ એડી ગાલ.

ક્યો લાગે કુલકે, કેડો મેડિયાં માલ.

[એ ભાભી, એ ન બને, એ વાત છોડી દે. કુળને ખોટ બેસે.]

"ઓઢા, ઓઢા, રહેવા દે, માની જા , નીકર--

ઉઢા થીને દુ:ખિયો, ઝંઝો થીને દૂર,

છંડાઇસ કેરોકકડો, વેંદો પાણીજે પૂર.

[દુ:ખી થઇ જઇશ. કેરાકકડાના સીમાડા છાંડવા પડશે. પાણીના પૂરમાં લાકડું તણાય એમ બદનામ થઇ નીકળવું પડશે.]

બોલ્યા વગર ઓઢો ચાલી નીકળ્યો. મીણલદે ભોંઠી પડીને થંભી ગઇ.

“અરે રાણી ! આ મો’લમાં દીવા કાં ન મળે? આ ઘોર અંધારું  કેમ?”

તમે ટૂટમૂટ ખાટકીમાં શીદ પડ્યાં? ને આ લૂગડાં ચિરાયેલાં કેમ?’

આંસૂડાં પાડીને રાણી બોલી :”તમારા ભાઇનાં પરાક્રમ !”

"મારો લખમણ જતિ ! મારો ઓઢો ?"

"ઠાકોર, મને અફીણ મગાવી આપો. ઘોળીને પી જાઉં . તમારા લખમણજતિને જાળવજો ખુશીથી. તમારા રાજમહેલમાં રજપૂતાણી નહિ રહી શકે."

બુઢ્ઢો હોથી સ્ત્રીચરિત્રને વશ થઇ ગયો. સવાર પડ્યું ત્યાં કાળો જાંબુમોર ઘોડો અને કાળો પોશાક ઓઢાની ડેલીએ હજર છે.

દેશવટાની તૈયારી કરતાં ઓઢાને મીણલદેએ ફરીવાર કહેવરાવ્યું :

માને મુંજા વેણ,(તો)વે'તા લદા વારિયાં,

થિયે અસાંજો સેણ, તો તજ મથ્થે ઘોરિયાં.

[હજુ મારાં વેણ માન, તો તારા વહેતા ઉચાળાને પાછા વાળું, જો મારો પ્રિયતમ થા, તો તારા માથે હું ઘોળી જાઉં]

મિયા ભરીને માલ, ઓધે ઉચારા ભર્યા,

ખીરા, તોં જુવાર, સો સો સલામું સજણાં.

[ઊંટને માથે પોતાની ઘરવખરી નાખી, કાળો પોશાક પહેરી, કાળે ઘોડે સવાર થઇ, પોતાના બસો અસવારને લઇને ઓઢો દેશવટે ચાલી નીકળ્યો અને કિયોર કકડાણાના ખીરા નામના ડુંગરની વિદાય લેતાં ઓઢાએ ઉચ્ચાર કર્યો કે, હે ભાઇ ખીર, હે મારા સ્વજન, તને આજ સો સો સલામો કરું છું.]

ખીરાં, તોં જુવાર, સોસો સલામું સપરી,

તું નવલખો હાર, ઓઢાને વિસારિયો.

પોતાના મશિયાઇ વીસળદેવ વઘેલાની રાજધાની પીરાણા પાટણ (ધોળકા)ની અંદર આવીને ઓઢે આશરો લીધો છે. એક દિવસ બન્ને ભાઇઓ ખાવા બેઠા છે. ભોજનની થાળી આવીને બટકું ભાંગીને વીસળદેવે નિસાસો મેલ્યો.

ખાવા બેઠો ખેણ, વીસળે નિસાસો વયો,

વડો  મથ્થે વેણ, બિયો બાંભણિયા તણો

“ અરે હે ભાઇ વીસળદેવ ! અન્નદેવતાને માથે બેસીને ઊંડો નિસાસો કાં નાખ્યો ?એવડાં બધાં તે શાં ગુપ્ત દુ:ખ છે તારે, બેલી ?” ઓઢાએ ભાઇને પૂછ્યું.

વીસળદેવે જવાબ દીધો કે “હે બેલી, બાંભણિયા બાદશાહના મે’ણાં મારે માથે રાત-દિવસ ખટક્યા કરે છે નગરસમોઇની સાતવીસું સાંઢ્યો જ્યાં સુધી હું ન કાઢી આવું, ત્યાં સુધી હું અનાજ નથી ખાતો, ધૂળ ફાકું છું.”

”બાંભણિયાની સાંઢ્યું ?ઓહો, પારકરની ધરતી તો મારા પગ તળે ઘસાઇ ગઇ. પલકારામાં સાંઢ્યું વાળીને હાજર કરું છું. મારા બસો જણ બેઠા બેઠા તારા રોટલા ચાવે છે, એને હક કરી આવું.”એમ કહીને કટક લઇને ઊપડ્યો

ઓઢે સરવર પાર, નજર ખણી નિયારિયું,

એક આવે અસવાર, નીલો નેજો ફરુકિયો.

એક તળાવડીને આરે ઓઢો જામ તડકા ગાળવા બેઠેલ છે. વાયરામાં લૂ વરસે છે. હરણાંનાં માથાં ફાટે એવી વરાળ ધરતીમાંથી નીકળે છે. એમાં આંખો માંડીને ઓઢે જોયું તો તડકામાં એક ઘોડેસવાર ચાલ્યો આવે છે. આસમાનને માપતો એનો ભાલો રમતો આવે છે. લીલી ધજા ફરકે છે. અસવારના અંગ ઉપરનું કસેલું બખતર ઝળકારા કરતું આવે છે. કૂકડાની ગરદન જેવું ઘોડાનું કાંધ, માથે બેઠેલ અસવાર, અને ઘોડાના પૂંછડાનો ઊડતો ઝંડો, એમ એક અસવાર, ત્રણ-ત્રણ અસવારો દેખાડતો આવે છે. સીમાડા ઉપર જાણે બીજો સૂરજ ઊગ્યો !

ઓઢાના અસવાર માંહોમાંહી વહેંચણ કરવા મંડ્યા : “ભાઇ, ઇ મુસાફરનો ઘોડો મારો !”---“ઘોડાનો ચારજામો મારો !”--- “અસવારનું બખતર મારું ! -- આદમીનો પોશાક મારો !”

સામે પાળે પોતાના ઘોડાને પાણી પાતો અસવાર આ લૂંટારાઓની વાતો કાનોકાન સાંભળી રહ્યો છે. મરક મરક હસે છે. જરાક પરચો તો દેખાડું, એમ વિચારીને એણે ઘોડાને તંગ તાણ્યો. એવો તંગ તાણ્યો કે--

તેજી તોળ્યે ત્રાજવે, જેમ બજારે બકાલ,

માર્યો કેનો નૈ મરે, ગાંડી મ કૂજ્યો ગાલ.

જેમ વેપારી ત્રાજવું ઊંચું કરે તેમ ઘોડાને તોળી લીધો !એ જોઇને ઓઢો બોલ્યો, “એ રજપૂતો ! ચીંથરાં ફાડો મા; આમ તો જુઓ !ડુંગરા જેવડા ઘોડાને જેણે તંગ ઊંચો ઉપાડી લીધો, એવા જોરાવર  આદમી કોઇનો માર્યો મરે નહિ. અને જોરાવર ન હોત તો એકલવાયો નીકળત નહિ. એને લૂંટવાની ગાંડી વાતો છોડી દ્યો.”

ત્યાં તો અસવાર લગોલગ આવી પહોંચ્યો. મોઢે મોસરિયું બાંધ્યું છે, મૂછનો દોરોય હજુ ફૂટ્યો નથી, ધૂમતા પારેવાના જેવી રાતી આંખ ઝગે છે, ભમ્મરની કમાનો ખેંચાઇને ભેળી થઇ ગઇ છે, મીટ મંડાય નહિ એવો રૂડો અને કરડો જુવાન નજીક આવી ઊભો.

અહાહાહ ! ઓઢા જામના અંતરમાં ટાઢો શેરડો પડી ગયો.સાહેબધણીએ સંસારમાં શું રૂપ સરજ્યું છે ! ને આવડી અવસ્થાએ અને આવે વેશે આ વીર પુરુષ બીજે ક્યાં જાય? કોઇક ગઢને ગોખે વાટ જોતી મૃગનેની ને મળવા જાતો હોય, ને કાં મળીને પાછો વળતો હોય, એવા દીદાર છે. સગો ભાઇ હોય, બાળપણનો ભેરુબંધ હોય, એવું હેત મારા કલેજામાં આજ કાં ઊગે ?

"કાં રજપૂતો !" સવારે પડકાર દીધો:"મને લૂંટવો છે ને તમારે ?શૂરવીરો, એમાં કાં ભોંઠા પડો ?કાં અક્કેક જણ આવી જાઓ, ને કાં સહુ સાથે ઊતરો; જોર હોય તો મારાં લૂગડાંઘરેણાં  આંચકી લ્યો."

રજપૂતો એકબીજાની સામે  જોવા લાગ્યા. હસીને ઓઢો બોલ્યો: "માફ કરો, મારા ભાઇ, મનમાં કાંઇ આણશો મા. મારા રજપૂતોએ ભૂલ કરી. ઊતરો, બા, કસુંબો લેવા તો ઊતરો."

"ના, ના, એમ મારાથી ન ઊતરાય. તમ સરખા શૂરવીરના દાયરામાં હું કેમ શોભું?અરે દાયરાના ભાઇઓ, આમ જુઓ. આ ખીજડાનું ઝાડ જોયું? એના થડમાં હું તીર નાખું. તમે એને ખેંચી કાઢો એટલે બસ. બાકીનું બધું તમારું !"

એમ કહી અસવારે ખભેથી ધનુષ્યની કમાન ઉતારી. ત્રણસો ને સાઠ તીરનો ભાથો ભર્યો છે એમાંથી એક તીર તાણીને કમાન ઉપર ચડાવ્યું. ઘોડાના પેંગડા ઉપર ઊભો થઇ ગયો. કાન સુધી પણછ ખેંચીને તીર છોડ્યું. હવામાં ગાજતું જતું તીર આંખના પલકારા ભેગું તો ખીજડાના થડમાં ખૂંતી ગયું. ફક્ત તીરની લાકડી ચાર આંગળ બહાર રહી.

રજપૂતોના શ્વાસ ઊંચે ચડી ગયા. ઓઢો જામ અસવારના મોં સામે જોઇને ફૂલેલ છાતીએ બોલી ઊઠ્યો: "વાહ બાણાવળી ! વાહ ધનુર્ધારી ! વાહ રે તારી જનેતા ! ધન્યભાગ્ય તારાં વારણાં લેનારી રજપૂતાણીનાં ! વાહ રજપૂતડા !"

ઝાડે ઘાવ ન ઝીલિયો, ધરતી ન ઝીલે ભાર,

નૈ કાળા મથ્થાજો માનવી, અંદરજો અવતાર.

[આ ઝાડે પણ જેનો ઘા ન ઝીલ્યો અને ધરતી જેનો ભાર ન ઝીલ્યાથી પગ નીચે કડાકા કરે છે, એ પુરુષ કાળા માથાનો  માનવી નહિ, પણ સાચોસાચ ઇન્દ્રનો અવતાર દીસે છે.]

અસવારે હાકલ દીધી.: “ઠાકોરો !ઊઠો, કોઇક જઇને એ તીર ખેંચી લાવો તો પણ હું સરસામાન સોંપી દઉં.”

રજપૂતો ઊઠ્યા, ચાર આંગળની લાકડી ખેંચવા મંડ્યા પણ તીર ચસ દેતું નથી.

“જુવાનો, ઉતાવળા થાઓ મા. ફરીને બળ વાપરો.”

પણ ઓઢાના યોદ્ધા શરમાઇ ગયા એટલે અસવાર પોતે ચાલ્યો. જઇને તીર તાણ્યું. જેમ માખણના પિંડામાંથી મોવાળો ખેંચાય તેમ તીર ખીજડામાંથી ખેંચાઇ આવ્યું.

અજાણ્યા પરદેશીનાં એક પછી એક શૂરાતન જોઇ જોઇને ઓઢાને લોહી ચડતું જાય છે. પોતાનો નાનેરો ભાઇ પરાક્રમ દાખવતો હોય તેમ ઓઢો ઓછો ઓછો થઇ રહ્યો છે. ઓઢો ઊઠ્યો. બાવડું ઝાલીને અસવારને ઘોડેથી ઉતારી લીધો. ઘોડાના ઘાસિયા પાથર્યા હતા, તેની ઉપર બેસાડીને પ્રેમભીની નજરે ઓઢાએ પૂછ્યું:

ઓઢો મુખથી આખવે, જાણાં તોજી જાત,

નામ તો હોથી નગામરો, સાંગણ મુંજો તાત.

”બેલીડા !તમારું નામ, ઠામ, ઠેકાણું તો કહો.”

”મારું નામ હોથી નગામરો. સાંગણ નગામરો મારો બાપ થાય. મારું હુલામણું નામ એકલમલ્લ.”

“એકલમલ્લ!” નામ લેતાં તો ઓઢાનાં ગલોફાં જાણે ભરાઇ ગયાં: “મીઠું નામ !ભારી મીઠું નામ ! શોભીતું નામ !”

“અને તમારું નામ, બેલી ?”એકલમલ્લે પૂછ્યું.

“મને ઓઢો જામ કહે છે.”

“આ હા હા હા ! ઓઢો જામ તમે પોતે ? ઓઢો કિયોરનો કહેવાય છે એ પંડે ? ભાભીએ દેશવટો દેવાર્યો એ કચ્છમાં અમે જાણ્યું હતું. પણ કારણ શું બન્યું’તું, ઓઢા જામ ?”

“કાંઇ નહિ, બેલી ! એ વાત કહેવરાવો મા. હોય, માટીના માનવી છીએ, ભૂલ્યાં હશું.”

“ના, ના, ઓઢા જામ ! હનુમાનજતિ જેવો ઓઢો એવું ગોથું ખાય નહિ. કચ્છનો તો પાપીમાં પાપી માણસ પણ એવું માને નહિ.”

“બેલી ! આપણે પરદેશી પંખીડાં કહેવાઇએ. કરમસંજોગે ભેળા મળ્યાં. હજી તો આંખોની જ ઓળખાણ કહેવાય. બે ઘડીની લેણાદેણી  લૂંટી લઇએ, જુદાઇની

ઘડી માથે ઊભી છે. કલેજાં ઉઘાડીને વાતો કરવા જેટલો વખત નથી. માટે મેલો એ વાતને. આવો કસુંબો પિયે.”

ઓઢાએ ને એકલમલ્લે સામસામી અંજલિ ભરી. એકબીજાને ગળાના સોગંદ આપીને અમલ પિવરાવ્યાં. પીતાં પીતાં થાકતા નથી. હાથ ઠેલતાં જીવ હાલતો નથી. કસુંબાની અંજલિઓમાં એક બીજાનાં અંતર રેડાઇ ગયાં છે. અમલ આજ અમૃતના ઘૂંટડા જેવું લાગે છે. જેમ--

મૂંમન લાગી તુંમનાં લાગી મૂં.

લૂણ વળુંભ્યાં પાણીએ, પાણી વળુંભ્યાં લૂણ.

જાણે લૂણ-પાણી ઓગળીને એકરસ થઇ જાય તેવાં સમસામાં અંતર પણ એકાકાર થઇ ગયાં. મુખે ઝાઝું બોલાતું નથી. ઓઢો વિચાર કરે છે કે ‘હે કિસ્મત ! આ બસોને બદલે એકલો એકલમલ્લ જ મારી સંગાથે ચડ્યો હોય, તો આભજમીનના કડાં એક કરી નાખતાં શી વાર ?’

એકલમલ્લે પૂછ્યું:”ઓઢા જામ, કેણી કોર જાશો ?”

“ભાઇ નગરસમોઇનાં બાંભણિયા બાદશાહની સાંધ્યું કાઢવા, કેમ કે, એ કારણે પીરાણા પાટણનો ધણી મારો મશિયાઇ વીસળદેવ પોતાની થાળીમાં ચપટી ધૂળ નાખીને ધાન ખાય છે. પણ તમે ક્યાં પધારો છો ?

એકલમલ્લે મોઢું મલકાવ્યું:”બેલી, એક જ પંથે–એક જ કામે.”

“ઓહોહો ! ભારે મજાનો જોગ; પણ તમે કોની સારુ ચડ્યા છો?”

“ઓઢા જામ ! કનરા ડુંગરની ગુંજમાં અમારાં રહેઠાણ છે. બાપુ મોતની સજાઇમાં પડ્યા. છેલ્લી ઘડીએ જીવ નીકળતો નહોતો. એને માથેય ભાંભણિયાના વેર હતાં. બાંભણિયાની સાંઢ્યો લાવવાની પ્રતિજ્ઞા અધૂરી રહેતી હતી, એટલે બાપુનો જીવ ટૂંપાતો હતો. મેં પાણી મેલ્યું અને બાપુને સદગતિ દીધી.”

“એકલમલ્લ ભાઇ ! આપણે બેય સાથે ચડીએ તો ?”

“ઓઢા જામ; સાથે ચડીએ, પણ મારો કરાર જાણો છો ? મહેનત અને કમાણી બેયમાં સરખો ભાગ અરધમાં તમે બધા અને અરધમાં હું એકલો,  છે કબૂલ ?” ઓઢો કબૂલ થયો. પણ ઓઢાના રજપૂતો રાઇતું મેળવવા મંડ્યા.

પડખોપડખ ઘોડા રાખીને બેય ભેરુબંધ હાલ્યા જાય છે. પારકરની ધરતીના તરણેતરણાને જાણે કે એકલમલ્લ ઓળખતો હોય તેમ ઝાડવાં, દેવસ્થાનો, નદીનાળાં અને ગઢકાંગરાનાં નામ લઇ લઇ ઓઢાને હોંશે હોંશે ઓળખાવતો જાય છે. બેય ઘોડા પણ એકબીજાનાં મોં અડકાડતા, નટવાની જેમ નાચ કરતા કરતા, નખરાંખોર ડાબા નાખતા ચાલ્યા જાય છે.

બરાબર રાતને ચોથે પહોરે નગરસમોઇને ગઢે પહોંચ્યા. એ કોટમાં સાતવીસ સાંધ્યો પુરાય છે. દેવળના થંભ જેવા પગવાળી,રેશમ જેવી સુંવાળી રુંવાટીવાળી, પવનવેગી અને મનવેગી--એવી અસલ થળની સાતવીસ સાંઢ્યો તો બાંભણિયા બાદશાહનાં સાચાં સવા-લખાં મોતી જેવી છે.રાતોરાત પચાસ-પચાસ ગાઉની મજલ ખેંચીને એ પંખિણી જેવી સાંઢ્યો

બાંભણિયાને ઘેર લૂંટનો માલ પહોંચાડે છે. એનો ચોકીદાર રૂડિયો રબારી હોય ત્યાં લગી ધાણીને (ઊંટના તબેલાને 'ધાણી' કહે છે) બારણે ચડવાનીયે કોની મગદૂર ? રૂડિયાનો ગોબો જેની ખોપરી ઉપર પડે એના માથામાં કાછલાં થઇને ઊડી પડે. પણ આજ ધાણી ઉપર રૂડિયો નથી. બીજા ચોકીદારોની આંખ મળી ગઇ છે.

એકલમલ્લ બોલ્યો :"ભાઇ ઠાકોરો, બોલો, કાં તો હું ધાનીનો ઝાંપો તોડું અને તમે સાંઢ્યો હાંકીને ભાગો, કાં તો તમે ઝાંપો તોડો તો હું સાંઢ્યો લઇ જાઉં."

"એકલમલ્લ, તમે ઝાંપો તોડો, અમે સાંઢ્યો બહાર કાઢશું."

રજપૂતોએ એકબીજાની સામે આંખોના મિચકારા કરીને જવાબ દીધો.

એકલમલ્લ હાલ્યો. ઝાંપાની નીચે જગ્યા હતી. હેઠળ પેસીને એકલમલ્લે પોતાની પીઠ ભરાવી, ધીરે ધીરે જોર કર્યું. ઝાડના થડનો તોતિંગ ઝાંપો ધરતીમાંથી ઊંચકાવી નાખીને આઘે ફગાવી દીધો.

રજપૂતો દોડ્યા સાંઢ્યો કાઢવા, પણ સાંઢ્યો નીકળતી નથી. ગલોફાં ફુલાવીને ગાંગરતી ગાંગરતી સાંઢ્યો આડીઅવળી દોડે છે. રજપૂતોનાં માથાંને બટકાં ભરવા ડાચાં ફાડે છે. એકલમલ્લ ઊભો ઊભો રજપૂતોનું પાણી માપે છે.

ત્યાં ચોકીદાર જાગ્યા. હાકલા-પડકારા ગાજી ઊઠ્યા. બાંભણિયાના ગઢમાં બૂમ પડી કે ‘ચોર !સાંઢ્યુંના ચોર !’નગારાને માથે ધોંસા પડ્યા. અને રજપૂતોએ કાયર થઇને કરગરવા માંડ્યું : “એકલમલ્લભાઇ, હવે અમારી આબરૂ તારા હાથમાં.... ”

“બસ, દરબારો ! શૂરાતન વાપરી લીધું?સાંઢ્યો લેવા આવતાં પહેલાં ઇલમ તો જાણવો’તો !” એમ કહીને એકલમલ્લે ભાથામાંથી તીર તાણ્યું. એક સાંઢ્યના ડેબામાં પરોવી દીધું. લોહીની ધાર થઇ તેમાં પોતાની પછેડી લઇને ભીંજાવી. ભાલા ઉપર લોહિયાળી પછેડી ચઢાવી એક સાંઢ્યને સૂંઘાડી અને પછેડી ફરફરાવતો પોતે બહાર ભાગ્યો.

લોહીની ગંધે ગંધે સાતે વીસ સાંઢ્યોએ દોટ દીધી. મોખરે લોહિયાળા લૂગડાને ભાલા ઉપર ફરકાવતો એકલમલ્લ દોડ્યો જાય છે અને વાંસે એક

સોને ચાલીસ સાંઢ્યો ગાંગરતી આવે છે.

“વાહ એકલમલ્લ ! વાહ એકલમલ્લ ! વાહ બેલીડા !” એમ ઓઢો ભલકારા દેતો આવે છે.

ત્યાં તો સૂરજ ઊગ્યો. વાંસે જુએ છે તો દેકારા બોલતા આવે છે. ધરતી ધણેણી રહી છે. આભમાં દૅંઅરી ચડી હોય તેમ બાંભણિયાની વહાર વહી આવે છે. એકલમલ્લબોલ્યો :“રજપૂતો ! કાં તો તમે સાંઢ્યોને લઇ ભાગી છૂટો, ને કાં આ વારને રોકો.”

રજપૂતો કહે : “ભાઇ ! તમે વારને રોકો. અમે સાંઢ્યોને લઇ જઇને સરખા ભાગ પાડી રાખશું !”

એકલમલ્લના હાથમાંથી લોહિયાળા લૂગડાનો નેજો લઇ રજપૂતો હાલી નીકળ્યા. પાળેલી ગાયોની પેઠે સાતે વીસ સાંધ્યો વાંસે દોડી આવે છે. પોતાના લોહીની ઘ્રાણ એને એવી મીઠી લાગે છે.

“ઓઢા જામ ! તમેય ભાગો. શીદ ઊભા છો ? મારી પાછળ મોટુ કટક આવે છે, તમે બચી છૂટો.” એકલમલ્લ બોલ્યો.

“બેલી, કોના સારુ બચી છૂટું ? કોઇનો ચૂડો ભાંગવાનો નથી.”

“અરે, કોઇક બિચારી રાહ જોતી હશે.”

“કોઇ ન મળે, બેલી ! સંસારમાં ક્યાંય માયા લગાડી નથી.”

એમ મોતના ડાચામાં ઊભા ઊભા બેય જુવાનો મીઠી મીઠી મશ્કરીઓ કરી રહ્યા છે. એકલમલ્લે ઘોડા ઉપરથી પલાણ ઉતારી, સામાન આડો અવળો નાખી, ઘોડને ખરેરો કરવા માંડ્યો.

“અરે, એકલમલ્લ ભાઇ! આવી રીતે મરવું છે? વાર હમણાં આંબશે, હો! “

**“આંબવા દ્યો, ઓઢા જામ ! તમે આ ઘસિયા ઉપર બેસો. જો મરવું જ છે, તો મોજ કરતાં કરતાં કાં ન મરવું ?”**

**બાંભણિયાની ફોજનો ફોજદાર આઘેથી જોઇ રહ્યો છે:**

“વાહ અલ્લા !વાહ તારી કરામત ! બેય દુશમન ધરપત કરીને બેઠા છે—કેમ જાણે આપણે કસુંબો પીવા આવતા હોઇએ !”

“એઇ બાદશાહ !” એકલમલ્લે ઘોડાને ખરેરો કરતાં કરતાં અવાજ દીધો, “પાછો વળી જા. એઇ લાખોના પાળનાર, પાછો વળી જા. તારી બેગમ ધ્રુસકે ધ્રુસકે રોશે.”

ખડ! ખડ! ખડ! ફોજ હસી પડી. એકલમલ્લે અસવાર થઇને ઘોડો કુદાવ્યો. તીર કામઠાં ઉપાડ્યાં.

પેલે વેલે બાણ, પૂવે તગારી પાડિયા,
કુદાયા કેકાણ, હોથી ઘોડો ઝલ્લિયે.
[પહેલે જ તીરે પાદશાહના ડંકાવાળાને પાડી દીધો, ડંકો ધૂળમાં રોળાણો.]
તોય બાંભણિયાનો સેનાપતિ દરિયલખાન ચાલ્યો આવે છે. એકલમલ્લે ધનુષ્ય ઉપાડ્યું, તીર ચડાવ્યું કાન સુધી પણછ ખેંચી પડકાર્યું, બાદશાહ, તારી થાળીમાં લાખોના કોળિયા કહેવાય. તને મારું તો પાપી ઠરું; પણ તારું છત્તર સંભાળજે. ” એકલમલ્લના ધનુષ્યમાંથી સુસવાટ કરતું તીર છૂટ્યું. બાંભણિયાનું છત્ર ઉપાડી

લીધું.

બીજે થાયે બાણ, પૂવે છત્તરપાડિયો,

કુદાયા કેકાણ, હોથી હલ્લી નીકળ્યો.

[છત્ર પાડ્યું, ઘોડો ઠેકાવ્યો અને એકલમલ્લ ચાલી નીકળ્યો. તાજુબીમાં ગરક થઇને બાંભણિયો થંભી ગયો.]

"વાહ, રજપૂત, વાહ વાહ!" એમ બોલીને દરિયલખાન સેનાપતિ પૂછે છે :

માડુ તોં મુલાન, તું કિયોરજો રાજિયો,

પૂછે દરિયલખાન, રૂપ સોરંગી ઘાટિયો.

[એ માનવી, તું એવો બહાદુર કોણ? તું પોતે જ કિયોરનો રાજા ઓઢો ?]

નૈ માડુ મુલાન, નૈ કિયોરજો રાજિયો,
ખુદ સુણ દરિયલખાન, (હું) ચાકર છેલ્લી બાજરો.

[હે સેનાપતિ, હું તો ઓઢા જામની છેલ્લી પંગતનો લડવૈયો છું. મારાથી તો સાતગણા જોરાવર જોદ્ધા આખે માર્ગે ઊભા છે. માટે પાછા વળી જાઓ. નીકર કબ્રસ્તાનું વીસ-પચીસ વીઘાં વધી પડશે.]

બાંભણિયો કે બેલીડા, કરીએ તોજી આસ,
કરોડ ડીજા કોડસું, ચંદર ઊગે માસ.

[બાંભણિયે સાદ દીધો કે હે શૂરવીર, તારી એકની જ આશા કરતો ઊભો છું. હાલ્યો આવ. દર મહિને ચાંદરાતને દિવસે તને એક કરોડ કોરીનો મુસારો ચૂકવીશ.]

"માફ કરજે, બાંભણિયા રાજા ! મને દરગુજર કરજે !"

કરોડ ન લીજે કીનજા ન કીજેં કીનજી આસ,
ઓઢો અસાંજો રાજિયો, આઉં ઓઢે જો દાસ.

[કોઇની કરોડ કોરી લૂંટીશ નહિ. મારી આશા મેલી દેજે. હું ઓઢાનો દાસ છું]

"યા અલ્લા !" એમ નિસાસો નાખીને બાંભણિયો પાછો વળી ગયો. ઓઢો અબોલ બનીને ઊભો રહ્યો છે. ઓઢાને વાચા જડતી નથી. એક જ ઘડીની ઓળખાણ થતાં જ મારે માથેથી ઓળઘોળ થઇ જનારો આ એકલમલ્લ આગલે ભવે મારે શું થાતો હશે! કેટલા જન્મનું માગણું ચૂકવવા આ માનવી આવ્યો હશે?

"ઓઢા જામ !" એકલમલ્લે સાદ કર્યો "કોનું ધ્યાન ધરી રહ્યો છો? કહેતા હતાને, કોઇની સાથે માયા લગાડી નથી?"

"બેલી! બેલી! બેલી!" ઓઢો એટલું જ ઉચ્ચારી શક્યો, જીભના લોચા વળી ગયા. ઘોડે ચડીને બેય અસવારો ચાલી નીકળ્યા. એક તળાવડીની પાળે સાંઢ્યોના બે ભાગ પાડીને રજપૂતો બેઠા છે. જાતવંત સાંઢ્યો જુદી તારવી છે અને

ખાંડિયાબાંડિયાનું ટોળું બતાવીને રજપૂતો બોલ્યા: “ એક્લમલ્લભાઇ, લ્યો આ તમારો ભાગ.”

“ઓઢા જામ !”એકલમલ્લ મરકીને બોલ્યો “જોયા તમારા રજપૂત? કેવી ખાનદાની બતાવી રહ્યા છે!”

“ધિક્કાર છે, રજપૂતો! જનેતાઓ લાજે છે!” એમ કહીને ઓઢાએ બેય ટોળાની વચ્ચોવચ્ચ ઘોડો નાખ્યો. સારી અને નરસીના સરખ ભાગ પાડી નાખ્યા. “લ્યો ભાઇ, તમારો ભાગ ઉપાડી લ્યો, એકલમલ્લ!”

“ઓઢા જામ, મને મારો ભાગ પહોંચી ગયો છે. મારી સાંઢ્યો હું તમને ભેટ કરું છું.

મારે સાંઢ્યોને શું કરવી છે ? મારા બાપુના જીવની સદ્ ગતિ સારુ જ મેં તો આ મહેનત કરી. અને હવે, ઓઢા જામ, રામ રામ ! અહીંથી જ હવે નોખા પડશું."

નહિ વિસારું

ઝાડની ડાળીઓ ઝાલીને બેય જુવાન ઊભા રહ્યા. સામસામા ઊભા રહ્યા. હૈયે ભર્યું છે એટલું હોઠે આવતું નથી. આંખમાં ઝળઝળિયાં આણીને ઓઢો બોલ્યો, "બેલીડા ! વીસરી તો નહિ જાઓને?"

"ઓઢા જામ! હવે તો કેમ વીસરાશે?"

જો વિસારું વલહા, ઘડી એક જ ઘટમાં,

તો ખાંપણમાંય ખતાં, (મુંને) મરણ સજાયું નવ મળે.

[એક પલક પણ જો મારા હૈયામાંથી હું મારા વા'લાને વિસારું તો તો, હે ઇશ્વર, મને મરણ ટાણે  સાથરોય મળશો મા, અંતરિયાળ  મારું મોત થાજો. મારું મડદું ઢાંકવા ખાંપણ પણ મળશો નહિ. ઓઢા જામ , વધુ તો શું કહું ?]

જો વિસારું વલહા, રુદિયામાંથી રૂપ,

તો લગે ઓતરજી લૂક, થર બાબીડી થઇ ફરાં.

[હે વા'લીડા, અંતરમાંથી જો તારું રૂપ વીસરી જાઉં તો મને ઓતરાદી દિશાના ઊના વાયરા વાજો. અને થરપારકર જેવા ઉજ્જડ અને આગ ઝરતા પ્રદેશમાં

બાબીડી (હોલી) પંખિણીનો અવતાર પામીને મારો પ્રાણ પોકાર કરતો કરતો ભટક્યા કરજો.]

"લ્યો, ઓઢા જામ, પરણો તે દી એકલમલ્લભાઇને યાદ કરજો અને કામ પડે તો કનરા ડુંગરના ગાળામાં આવી સાદ કરજો. બાકીતો જીવ્યા-મૂઆના જુહાર છે."

એટલું બોલીને એકલમલ્લે ઘોડો મરડ્યો. એ આભને ભરતો ભાલો, એ ખંભે પડેલી કમાન, એ તીરનો ભાથો, વંકો અસવાર, વંકો ઘોડો અને અસવારને માથે ચામર ઢોળતો એ ઘોડાના પૂંછનો ઝૂડો : બધુંય ઓઢો જામ ઊભો ઊભો જોઇ રહ્યો. પાછો વળીને એકલમલ્લ નજર નાખતો જાય છે. સલામો કરતો જાય છે. જાય છે! ઓ જાય! ખેપટમાં અસવાર ઢંકાઇ જાય છે. માત્ર ભાલો જ ઝબૂકે છે.

એક ઘોડો! ઓઢાનો ઘોડો જંબુમોર અને એકલમલ્લનો ઘોડો એળચી, એકબીજાને દેખ્યા ત્યાં સુધી બેઉ ઘોડા સામસામી હાવળ દેતા ગયા. ઘોડાનેય જાણે પૂર્વજન્મની પ્રીત બંધાણી હતી.

પંખી વિનાના સૂના માળા જેવું હૈયું લઇને ઓઢો પોતાના અસવારોની સાથે ચાલી નીકળ્યો. એને બીજું કાંઇ ભાન નથી. એના અંતરમં છેલ્લા એ ઉદગારોના ભણકારા બોલે છે, “સ્ત્રી પુરુષને કહે એવા દુહા એકલમલ્લે કાં કહ્યા ? એની તણખાઝરતી આંખડીઓ એ ટાણે અમીભરી કાં દેખાણી? એના સાવજ જેવા સાદમાં કોયલના સૂર કાં ટૌક્યા ?’

એણે ઘોડો થંભાવ્યો.

”ના, ના, હે જીવ, એ તો ખોટા ભણકારા.’

ઘોડો હાંક્યો, પણ મન ચગડોળે ચડ્યું. કોઇક ઝાલી રાખે છે, કોઇ જાણે પાછું વાળે છે. ફરી વાર ઘોડો થંભાવ્યો. સાથીઓને કહ્યું:" ઓ ભાઇઓ !

ઝાઝા ડીજ જુવાર, વીસરદેવ વાઘેલકે,

જિતે અંબી વાર, તિતે ઓઢો છંડિયો.

[જાઓ, જઇને વીસળદેવ વાઘેલાને મારા ઝાઝા જુહાર દેજો; અને જો પૂછે કે ઓઢો ક્યાં, તો કહેજો કે જ્યાં બાંભણિયાની સેના આંબી ગઇ ત્યાં ધીંગાણું કરતાં ઓઢો કામ આવી ગયો.]

એટલું કહીને ઓઢાએ ઘોડો પાછો વાલ્યો. પોતાને રસ્તાની જાણ નથી. જંબુમોરની ગરદન થાબડીને બોલ્યો, "હે દેવમુનિ, તારી કાનસૂરીએ ચોકડું છોડી

દઉં છું. તને સૂઝે તે માર્ગે ચાલ્યો જાજે.”

જંબુમોર ઘોડો પોતાના ભાઇબંધ એળચીને સગડે સગડે ડાબા મેલતો ચાલી નીકળ્યો. ચખાસર સરોવર કિનારે ઝાડવાંની ઘટા ઝળૂંબી રહી છે. પંખી કિલ્લોલ કરે છે. ચખાસરના ઝુંડમાં જઇને જંબુમોરે હાવળ દીધી. ત્યાં તો હં –હં –હં—હં ! કોઇક ઘોડાએ સામી હણેણાટી દીધી. અવાજ ઓળખાણો.એકલમલ્લન ઘોડા એળચીનો જ એ અવાજ. આઘેથી નીલો નેજો, ભાલો, ભાથો, તરવાર અને બખતર ઝાડને ટેકે પડેલાં દેખ્યાં. અહાહા ! એ જ મારા બેલીડાનો સામાન. બેલી મારો નહાતો હશે. પાળે ચડ્યો. ઝબક્યો. શું જોયું ?

ચડી ચખાસર પાર, ઓઢે હોથલ ન્યારિયાં,

વિછાઇ બેઠી વાર, પાણી મથ્થે પદમણી.

[પાળે ચડીને નજર કરે ત્યાં તો ચખાસરના હિલોળા લેતાં નીર ઉપર વાસુકિનાગનાં બચળાં જેવા પેનીઢક વાળ પાથરીને પદમણી નહાય છે. ચંપકવરણી કાયા ઉપર ચોટલો ઢંકાઇ ગયો છે.]

ચડી ચખાસર પાર, હોથલ ન્યારી હેકલી,
સીંધે ઉખલા વાર, તરે ને તડકું દિયે

[એકલી સ્ત્રી ! દેવાંગના જેવાં રૂપ !પાણી ઉપર તરે છે. મગર માફક સેલારા મારે છે.]

પદ્મિણીએ પાળ માથે પુરુષ પેખ્યો. ઓઢા જામને જોયો. ઉઘાડું અંગ જલની અંદર સંતાડી લીધું. ગરદન જેટલું માથું બહાર રાખીને હાથ હલાવીને અવાજ દીધો :

ઓઢો ઓથે ઊભિયો, રેખડિયારા જામ,
નહિ એકલમલ્લ ઉમરો, હોથલ મુંજો નામ.

[એ ઓઢા જામ, ઝાડની ઓથી ઊભા રહો. હું તમારો એકલમલ્લ નહિ. હું તો હોથલ. હું નારી. મને મારી એબ ઢાંકવા દ્યો.]
મહાપાતક લાગ્યું હોય તેમ ઓઢો અવળો ફરી ગયો. પાળેથી નીચે ઊતરી ગયો. એનું જમણું અંગ ફરકવા માંડ્યું. અંતર ઊછળીને ઊછળીને આભે અડી રહ્યું છે.

એના કલેજામાં દીવા થઇ ગયા છે. એની રોમરાઇ ઊભી થઇ ગઇ છે. પદ્મિણી પાણીમાંથી બહાર નીકળી. નવલખા મોતીનો હાર વીખરાયો હોય એવાં પાણીના ટીપાં માથાના વાળમાંથી નીતરવા મંડ્યા. થડકતે હૈયે એણે લૂગડાં પહેર્યાં. પછી બોલી :"ઓઢા રાણા, આવો."

વાચા વિનાનો ઓઢો , હાથ ઝાલીને કોઇ દોરી જતું હોય તેમ ચાલ્યો. અબોલ બન્ને કનરા ડુંગરામાં પહોંચ્યા. ભોંયરામાં દાખલ થયા. પાષાણના બાજઠ, પાષાણની રજાઇ, પાષાણનાં ઓશીકાં એવું જાણે કોઇ તપિયાનું ધામ જોયું. શિલા ઉપર ઓઢો બેઠો. પદ્મિણી ઊંડાણમાં ગઇ.

થોડીવારે પાછી આવી. કેસર-કંકુની આડ કરી. સેંથામાં હિંગળો પૂરી, આંખડીમાં કાજળ આંજી, નેણમાં સોંધો કંડારી, મલપતાં પગલાં ભરતી આવી. પાવાસરની

જાને હંસલી આવી. હોથલ આવી. એકલમલ્લની કરડાઇ ન મળે, બાણાવળીના લોખંડી  બાહુ ન મળે, ધરતીને ધ્રુજાવનારા ધબકારા ન મળે. લોઢાના બખતર હેઠળ શું એકલમલ્લે રૂપના આવડા બધા ભંડાર છુપાવેલા હતા!

“ઓઢા જામ! સમસ્યા પારખીને આવ્યો?”

“હે દેવાંગના! હું આવ્યો તો હતો તમને ભેરુ જાણીને, મારો સંસાર સળગાવીને આવ્યો છું. મારા એકલમલ્લ બેલીને માટે ઝૂરતો  આવ્યો છું.

“ઓઢા, બાપની મરણ-સજાઇ માથે વ્રત લીધેલાં કે સાંઢ્યું વાળ્યા પહેલાં વિવા ન કરું. એ વ્રત તો પૂરાં થયાં. તારી સાથે લેણાદેણી જાગી. સંસારમાં બીજા સહુ ભાઇ-બાપ બની ગયા. પણ તારી આગળ અંતર ન ઊઘડી શક્યું. આખો ભવ

બાવાવેશે પૂરો કરત. પણ ચાર ચાર મહિનાના મેલ ચડેલા તે આજ ના’વા પડી. તેં મને નાંતી ભાળી. બસ, હવે હું બીજે ક્યાં જાઉં ?’

ઓઢો ધરતી સામે જોઇ રહ્યો.

“પણ ઓઢા, જોજે હો ! મારી સાથે સંસાર માંડવો એ તો ખાંડાની ધાર છે. હું મરણલોકનું માનવી નથી. તારા ઘરમાં હોથલ છે એટલી વાત બહાર પડે તે દી તારે ને મારે આંખ્યુંનીયે ઓળખાણ નહિ રહે હોં !” ઓઢાની ધીરજ તૂટી—

ચાવ તો માર્ય જિવાડ્ય, મરણું ચંગું માશૂક હથ,
જીવ જિવાદડણહાર, નેણાં તોજાં નિગામરી.
[હોથલ, હે નિગામરાની પુત્રી, ચાહે તો મને માર, ચાહે તો જીવાડ, તારે હાથે તો

મરવું ચે મીઠું]

પછી તો--

રણમેં કિયો માંડવો, વિછાઇ દાદમ ધ્રાખ,

ઓઢો હોથલ પરણીજેં, (તેંજી) સૂરજ પૂરજેં સાખ.

[વનરાવનમાં દાડમડીનાં ઝાડ ઝૂલી રહ્યાં છે. ઝાડવાંને માથે દ્રાક્ષના વેલા પથરાઇને લેલૂંબ મંડપ રચાઇ રહ્યા છે. એવા મંડપનો માંડવો કરીને ઓઢો – હોથલ આજ હથેવાળે પરણે છે. હે સૂરજદેવ, એની સાક્ષી પૂરજે.]

ચોરી આંટા ચાર,ઓઢે હોથલસેં ડિના,

નિગામરી એક નાર, બિયો કિયોરજો રાજિયો.

[તે દિવસે સાંજને ટાણે,ઓઢો હોથલની સાથે ચોરીના ચાર આંટા ફર્યો. એક

નિગામરા વંશની પુત્રી, ને બીજો કિયોર કકડાણાનો રાજવી; માનવીએ અને દેવીએ સંસાર માંડ્યા. ડુંગરનાં ઘર કર્યાં. પશુપંખીનો પરિવાર પાળ્યો.]

સજણ સંભરિયા

એવા રસભર્યા સંસારના દસ-દસ  વરસ જાણે દસ દિવસ જેવડાં થઇને વીતી ગયાં છે. હોથલના ખોળામાં બે દીકરા રમે છે. કનરાની કુંજો એ સાવજ જેવા જખરા અને જેસળની ત્રાડોથી હલમલી હાલી છે, ઘટાટોપ ઝાડીમાં હિલોળા મચ્યા છે. એવે એક દિવસ આઘે આઘે ઓતરાદી દિશામાં જ્યાં વાદળ અને ધરતીએ  એકબીજાને બથ ભરી છે, ત્યાં મીટ માંડીને ઓઢો જામ શિલા ઉપર

બેઠો છે. એના અંતરમાં અકળ ઉદાસી ભરી છે. ત્યાં તો મેઘ-ધરતીના આલિંગનમાંથી વરસાદના દોરિયા ફૂટ્યા.

ઉત્તર શેડ્યું કઢ્ઢિયું, ડુંગર ડમ્મરિયાં,
હેડો રડકે મચ્છ જીં, સજણ સંભરિયાં

[ઓતરાદા આભમાં વાદળીઓની શેડ્યો ચડી, ડુંગરા ઉપર મેઘાડંબર ઘઘૂંભ્યો. આણું વળીને મહિયરથી ચાલી આવતી કામિનીઓ જેમ પોતાના સ્વામીનાથ ઉપર વહાલ વરસાવતી હોય તેમ ઓઢાનું  હૈયું તરફડવા માંડ્યું. ઓહોહો ! ઓઢાને સ્વજન સાંભર્યાં. પોતાની જન્મભોમ સાંભરી, બાળપણના મિત્રો સાંભર્યાં. વડેરો અને નાનેરો ભાઇ સાંભર્યાં. કિયોર કકડાણાનો પથ્થરે પથ્થર અને ઝાડવે

ઝાડવું સાંભરી આવ્યાં. ઓઢો ઉદાસ થઇ ગયો. જન્મભોમની દિશામાં જોઇ રહ્યો.]

દીકરાઓ બાપુ પાસે રમવા આવ્યા. જીવતરમાં તે દિવસે પહેલી જ વાર બાપુએ બેટાઓને બોલાવ્યા નહિ. દોડીને દીકરાઓએ માતાને જાણ કરી : “માડી, બાપુ આજે કેમ બોલતા નથી ?”

લપાતી લપાતી હોથલ આવી. હળવેક રહીને એણે પછવાડેથી ઓઢાની આંખો દાબી દીધી.

તોય ઓઢો બોલ્યો નહિ.

”ઓઢા જામ ! શું થયું છે ? રિસાણા છો? કાંઇ અપરાધ ?”

ત્યાં તો કેહૂ....ક ! કેહૂ....ક!  કેહૂ.....ક ! મોરલો ટૌક્યો.

જાણે કિયોરની ધરતીમાંથી મોરલો સંદેશા લઇને કનરે ઊતર્યો. ડળક! ડળક!

ડળક! ઓઢાની આંખમાંથી આંસુ વહેવા મંડ્યાં.

“મારો પીટ્યો મોરલો વેરી જાગ્યો!” કહીને હોથલે હાકલ દીધી

મત લવ્ય મત લવ્ય મોરલા, લવતો આઘો જા,
એક તો ઓઢો અણોહરો, ઉપર તોંજી ઘા.

[ ઓ મોરલા, તારી લવારી કરતો  તું દૂર જા.આજ એક તો મારો ઓઢો ઉદાસ છે, અને તેમાં પાછો તું ઘા પોકારીને એને વધુ અફસોસ કાં કરાવી રહ્યો છે ?]

અને મોરલા—

મારીશ તોંકે મોર, સિગણજાં ચડાવે કરે,
અર્યે ચિતજા ચોર, ઓઢેકે ઉદાસી કિયો.

[તું ઊડી જા, નીકર તીર ચડાવીને વીંધી નાખીશ; હે ચિતડાના ચોર, આજ તેં મારા ઓઢાને ઉદાસ કરી મૂક્યો.] કેહૂક ! કેહૂક ! કેહૂક ! કરતો મોરલો જાણે કે જવાબ વાળે છે : હે હોથલ !--

અસીં ગિરવરજા મોરલા, કાંકર પેટભરાં,

(મારી) રત આવે ન બોલિયાં, (તો તો ) હૈડો ફાટ મરં.

[હે પદમણી, અમે તો ડુંગરના મોરલા, અમે ગરીબ પંખીડાં કાંકરા ચણી ચણીને પેટ ભરીએ. અમારા જીવતરમાં બીજો કશોયે સ્વાદ ન મળે. પણ જો અમારી ઋતુ આવ્યેય અમે ન ટૌકીએ, ચૂપ બેસી રહીએ, અંતરમાં ભરેલાં ગીતોને દાબી રાખીએ, તો તો અમારાં હૈયાં ફાટી જાય.અમારું મોત થાય. અષાઢ મહિને અમારાથી અબોલ કેમ બેસાય ?]

એટલું બોલીને ફરી વાર પાછો કેમ જાણે હોથલને ખીજવતો હોય તેમ મોરલો પોતાની સાંકળ(ડોક) ના ત્રણ-ત્રણ કટકા કરીને કેહૂક !કેહૂક ! ટૌકવા લાગ્યો.

હોથલે ખભામાં ધનુષ્ય હતું તેની પણછ ચડાવી. ત્યાં તો ઓઢે હાથ ઝાલી લીધો.

" હાં! હાં! હાં! હોથલ !"

ગેલી મા થા ગેલડી, લાંબા ન બાંધ્ય દોર,

ગાળે ગાળે ગળકશે, તું કેતાક ઉડાડીશ મોર ?

[હે ઘેલી, ધનુષ્યની પણછ ન બાંધ. ગરની ખીણે ખીણમાં આ અસંખ્ય મોરલા ટૌકી રહેલ છે, એમાં તું કેટલાકને મારી શકીશ?]

કરાયલકે ન મારીએં, જેંજાં રત્તા નેણ,

તડ વીઠાં ટૌકા કરે, નીત સંભારે સે’ણ.

[અરે હોથલ, બિચારા મોરને તે મરાય ? એનાં રાતુંડાં નેત્ર જો, કેવાં પ્યારાં લાગે છે? અને એ બિચારાં પંખી તો ટૌકતાં ટૌકતાં એનાં વહાલશેરીને સંભારે છે.] અરે હોથલ!

રેલમછેલા ડુંગરા, ચાવો લગે ચકોર,

વીસર્યાં સંભારી દીએ, સે ન મારીજે મોર.

[આવા રેલમછેલ ડુંગરાની અંદર છલકાતાં સુખની વચ્ચે માનવીને પોતાનાં વિસારે પડેલાં વહાલાં યાદ કરાવી આપે એવા પરોપકારી મોરલાને ન મરાય.]

કહેતાં કહેતાં ઓઢાની આંખોમાંથી આંસુની ધાર ચાલી જાય છે.

”અરે ઓઢા જામ ! એવડું તે શું દુ:ખ પડ્યું? આજે શું સાંભર્યું છે ?”

એમ પૂછતી પૂછતી હોથલ એને પંપાળે છે. પણ ઓઢાનાં આંસુ થંભતાં નથી.એમ કરતાં કરતાં તો

છીપર ભીંજાણી છક હુવો, ત્રંબક હુઇ વ્યાં નેણ,
અમથી ઉત્તમ ગારિયાં, ચડી તોજે ચિત સેણ.

[જે શિલા ઉપર ઓઢો બેઠો હતો તે આખી શિલા આંસુડે ભીંજાઇ ગઇ. રોનારની આંખો ધમેલ ત્રાંબા જેવી રાતી થઇ ગઇ. ત્યાર પછી હોથલ ગરીબડું મોં કરીને બોલી : “ઓઢા, શું મારાથી અધિક ગુણવતી કોઇ સુંદરી તારા ચિત્તમાં ચડી ? નીકર, તું મને આજે આમ તરછોડત નહિ.”]

એટલું બોલતાં તો હોથલનું ગળું રૂંધાઇ ગયું. એની આંખો છલકાઇ ગઇ. હોથલની હડપચી ઝાલીને ઓઢાએ મોં ઊંચું કર્યું અને કહ્યું હોથલ! —

કનડે મોતી નીપજે, કચ્છમેં થિયેતા મઠ,

હોથલ જેડી પદમણી, કચ્છમેં નેણે ન દઠ.

[હોથલ, એવા અંદેશા આણ્ય મા, ઓઢા ઉપર આવડાં બધાં આળ શોભે ? ઓ મારી હોથલ, તારા સરખાં મોતી તો કનડામાં જ નીપજે છે. કચ્છમાં તો ભૂંડા મઠ જ થાય છે. હોથલ જેવી સુંદરી  કચ્છમાં મેં નથી ભાળી.] અને--
ખેરી બૂરી ને બાવરી, ફૂલ કંઢા ને કખ,

(પણ) હોથલ હલો કછડે, જિતીં માડુ સવાયા લખ.

[કચ્છમાં તો ખેર, બાવળ અને બોરનાં ભૂંડાં કાંટાળાં ઝાડ ઉગે છે. ત્યાં કોઇ ફૂલ-મેવાની વનસ્પતિ નથી. તોય, એ હોથલ, મને આજ મારો કચ્છ સાંભરે છે, કેમ કે, ત્યાં લાખેણા જવાંમર્દો નીપજે છે. હાલો, હોથલ, એ ઉજ્જડ રણવગડા જેવી તોય મરદોની ભોમકામાં હાલો.]

મારો કચ્છ ! વાહ મારું વતન ! મને કચ્છ વિના હવે જંપ નથી. ઓહોહોહો! જ્યાં

-

ભલ ઘોડા, કાઠી ભલા, પેનીઢક પેરવેસ,

રાજા જદુવંસરા, ઓ ડોલરિયો દેસ.

[એવા રૂડા ઘોડા ને એવા વંકા કાઠી જોદ્ધાઓ પાકે છે, જેના અંગ ઉપર પગની

પેની સુધી ઢળકતા પોશાક શોભે છે, તે પોતાના દેહને જરાયે ઉઘાડો રાખવામાં એબ સમજે છે, અને જ્યાં જાદવવંશના ધર્મી રાજા રાજ કરે છે :એવા મારા ડોલરિયા દેશમાં – મારા કચ્છમાં – એક વાર હાલો, હોથલદે !] અને વળી--

વંકા કુંવર, વિક્ટ ભડ, વંકા વાછડીએ વછ,
વંકા કુંવર ત થિયેં, પાણી પીએ જો કચ્છ.

[રાજાના રનબંકા કુંવરો, બંકા મરદો અને ગાયોના બંકા વાછડા જો કચ્છનું પાણી પીએ તો જ એનામાં મરદાનગીઆવે. મારા જખરા—જેસળને પણ જો કચ્છનું નીર પિવડાવીએ, તો એ સાવજ સરખા બને.] હાલો, હોથલ, હાલો કચ્છમાં; અરે દેવી !

હરણ અખાડા નહિ છડે, જનમભોમ નરાં,

હાથીકે વિંધ્યાચળાં, વીસરશે મૂવાં.

[કનડાનાં છલકાતાં સુખની વચ્ચે હું મારી જનમભોમને કેમ કરીને વીસરું? હરણ એના અખાડાને, માનવી એની જનમભોમને અને હાથી વિંધ્યાચળ પહાડને કેમ વીસરે? એ તો મરીએ ત્યારે જ વીસરાય.]

હોથલ ! મને તારા સુંવાળા ખોળામાં માથું મેલીને સૂતાંય આજ નીંદર નથી. મારો સૂકો અળગતો કચ્છ સાંભર્યા કરે છે.

ગર મોરાં, વન કુંજરાં, આંબા ડાળ સૂવા,
સજણરો કવચન, જનમધર, વીસરશે મૂવા.

[હોથલ, મારી હોથલ, મોરને એનો ડુંગર, કુંજરને એનાં જંગલ, સૂડા-પોપટને એની આંબાડાળ, વહાલાં સ્વજનનો કડવો બોલ અને પોતપોતાની જનમભોમ,

એટલાં તો મરીએ ત્યારે જ વીસરાશે.]

જનમભોમની આટલી ઝંખના ! હોથલ સડક થઇ ગઇ. માનવીને માનવીના કરતાંય જનમભોમનાં ઝાડ-પથરા આટલાં બધાં વહાલાં? હોથલ અજાયબીમાં ગરક બની ગઇ. ઓઢાના મુખમંડળ ઉપર એને જાણે કોઇ જનેતાની છાયા છવાઇ ગઇ હોય એવું જોયું. માતાના થાનેલા ઉપરથી વિછોડાયેલું બાળક ફરી વાર માની ગોદમાં સૂવા તલસતું હોય એવું દીઠું. એ બોલી "ઓઢા રાણા ! કચ્છમાં ખુશી થી હાલો."

જનમભોમમાં

ઠાકરદ્વારની ઝાલરો ઉપર સંધ્યાની આરતીના ડંકા પડ્યા ત્યારે અંધારે અંધારે લપાઇને ઓઢા-હોથલે એનાં બે બાળકો સાથે પોતાની વહાલી જન્મભોમને પાદર

આવીને વિસામો કર્યો.

“હોઠલ ! કિયોરનાં ઝાડવાં તો લળી લળીને વારણાં લે છે. વાયરા બથમાં લઇને ભેટી રહ્યાં છે. ધરતીયે સગી જનેતા જેવી ખોળો પાથરે છે. આહાહાહા! હોથલ, જનમભોમની માયા તો જો!”

“ઓઢા જામ!” હોથલ હસી “હવે માનવીના આવકાર કેવાક મીઠા મળે છે તેટલું ગામમાં જઇને તપાસી આવો. અમે આંહીં બેઠાં છીએ.”

“કાં?”

“ઓઢા, ઠીક કહું છું. માનવીના હૈયામાં મારગ ન હોય તો છાનાંમાનાં પાછા વળે જશું.”

અંધારે ઓઢો એકલો ચાલ્યો; શેરીએ શેરીએ ફૂલ અને મોતીડાંનાં આદરમાનની

આશા કરનાર આ લાડકડા કુંવરને શેરીઓના સૂનકાર ખાવા ધાય છે. માણસોનાં મોઢાં નિસ્તેજ થઇ ગયાં છે. ઘરેઘરની પછીતે ઓઢાએ કાન માંડ્યા. પોતાના નામનો મીઠો સખુન કોઇના મોંમાંથી સંભળાતો નથી. કિયોરની ભૂમિ ઉપરથી ઓઢાના ગુણ વીસરાયા છે. વાહ ! વાહ સમય ! હું થાપ ખાઇ જાત. ડાહી હોથલે ભલો ચેતવ્યો ત્યાં તો-

“બાપ ઓઢાણ્ય! બા....પો ઓઢા....ણ્ય! બે....ટા ઓઢાણ્ય!” એવો અવાજ આવ્યો. એક ભીંત પછવાડે ઓઢો ચમકી ઊભો રહ્યો. ઓરડાની ફળીમાં પોતાના નામને આ કોણ લાડ લડાવી રહ્યું છે? પાછો અવાજ આવ્યો, “બાપ ઓઢાણ્ય! તારા નામેરી જેવી જ તું હઠીલી કે બાપ! અધરાત સુધી વટકીને કાં ઊભી છો, બાપ ! લે હવે તો પ્રાસવ્ય !”

ઓઢાના અંતરનો મે’રામણ ઊછળ્યો. ઓઢાને સમજ પડી:’આ તો મારો ચારણ. એને મેં દીધેલી  ભેંસની પાડીનું એણે ‘ઓઢાણ્ય’ નામ પાડ્યું લાગે છે.’

ત્યાં તો ફળિયામાં ભેંસે પ્રસવો મેલ્યો અને ચારણને સાદ કર્યો : “હાં ચારણ્ય ! તાંબડી લાવ્ય. ઓઢાણ્યને ઠપકો લાગ્યો, ઠપકો લાગ્યો. ઝટ તાંબડી લાવ્ય.” તાંબડીમાં દૂધની શેરો ગાજવા લાગી, અને દોહતો દોહતો ચારણ ‘વાહ ઓઢા ! વાહ ઓઢા ! તારા નામને !’ એમ પોરસ દેતો ગયો.

પછવાડે ઊભેલો પરદેશી પ્રેમને આંસુડે પોતાનાં નેત્રો પલાળી રહ્યો છે. આજ આખા કિયોરમાં એક જ માનવી મને વીસર્યું નથી.

મિતર કિજે મંગણાં, અવરાં આરપંપાર,

જીવતડાં જશ ગાવશે, મુવાં લડાવણહાર.

[મિત્ર કરીએ તો ચારણને જ કરીએ; બીજી સહુ આળપંપાળ, ચારણ જીવતાં જશ ગાય, પણ મૂઆ પછી કેવાં લાડ લડાવે છે !]

પોતાના માથા ઉપર ફેંટો હતો તેનો ગોટો વાળીને ઓઢાએ ફળીમાં ફગાવ્યો. ઝબકીને ચારણે જોયું. જોઇને દોડ્યો. ”ઓઢા ! બાપ ઓઢા ! ઓઢા, જીવતો છો ?”

“સાહેબધણીની દયાથી!”

બેય જણ બથ લઇને ભેટ્યા. ઓઢે સમાચાર પૂછ્યા,”ગઢવી, ભાઇ—ભાભી સહુ ખુશીમાં?”

“મારા બાપ ! ભૈનું મોટું ગામતરું થયું. ને આજ કિયોર કડાણાને માથે નાનેરા ભાઇ બુઢ્ઢાએ આદું વાવી દીધાં છે. તું ભાગવા માંડ. તને ભૂંડે મોત મારશે. ભાઇ,

વસ્તી વીફરી બેઠી છે. કિયોરની ધરતીમાંથી ઇશ્વર ઊઠી ગયો છે.”

“બસ, ગઢવા ?”

”બસ !”

ફરી બેય જણાએ બથ લીધી. ઓઢાએ જુહાર દીધા. અંધારે ચોરની જેમ ઓઢો લપાતો પાદર આવ્યો.

“હોથલ ! હાલો, જનમભોમ જાકારો દે છે.”

“કાં?”

“કાં શું? માનવીનાં પારખાં નહોતાં. તેં આજ દુનિયાની લીલા દેખાડી.”

“જનમભોમની વહાલપ જાણી લીધી.?”

“જાણી લીધી — પેટ ભરીને માણી લીધી.”

“હવે ઓરતો નહિ રહી જાય ને ?”

“સાત અવતાર સુધી નહિ.”

“હાલો ત્યારે, ક્યાં જાશું?”

“પીરણેપાટણ, મશિયાઇને આંગણે.”

”જોજે હો, તું મને ત્યાં છતી કરતો નહિ. દીધેલ કોલ ભૂલતો નહિ.”

## છતી કરી

પીરાણા પાટણના સરોવર-કિનારા સૂના પડ્યા છે. પશુડાં પાણી વિના ટળવળે છે. પનિયારીઓના કલ્લોલ ત્યાં અબોલ બની ગયા છે. વીસળદેવ કાકાએ

ભત્રીજાઓને સાવધ કર્યા:” ભાઇ જેસળ, ભાઇ જખરા, સરોવરની પાળે ચઢશો મા, હો ! કાળઝાળ સાવજ રહે છે.”

પંદર-સોળ વરસના બેય બાળકો હૈયામાં ઘા ખાઇ ગયા. પદમણીના પુત્રો તે ટાણે કાકાબાપુની ચેતવણી પી ગયા, પણ ત્યાર પછી બેયને પલકારેય જંપ નથી. પોતાની મર્દાઇ ને અપમાન મળ્યાં છે. માથામાં એક જ વાતની ધમધમાટી મચી ગઇ છે કે ‘ક્યારે સાવજ મારીએ!’

સાંજના અંધારામાં સરોવરની પાળે ઝાડની ઘટામાં કોઇ ભેંકાર નરસિંહ અવતાર જેવા એ સાવજના પીળા ડોળા દેવતાના અંગારા જેવા ઝગી રહ્યા છે. આઠ હાથ લાંબો, ડાલામથ્થો, છરા જેવા દાંત કચકચાવતો કેસરી લપાઇને બેઠો છે.

“ઊઠ, ઊઠ, એય કૂતરા!” પંદર વરસના પદમણીપુત્રોએ સાવજને પડકાર્યો.

વનરાજ આળસ મરડીને ઊઠયો. કેશવાળી ખંખેરીને ઊઠ્યો, મહા કાળઝાળ જોગંદર જાણે સમાધિનો ભંગ થાય ને ઊઠે તેમ ઊઠ્યો. ઝાડવાં હલમલી ઊઠે તેમ ત્રાડ દીધી. પૂંછડાનો ઝુંડો ઊંચે ઉપાડીને પોતાની પડછંદ કાયાને સંકેલી છલંગ મારી. પણ આભની વીજળી જેમ પ્રચંડા જલધરને વીંધી લે, એમ જેસળની કમાનમાંથી છૂટેલા તીરે સાવજને આકાશમાં અદ્ધર ને અદ્ધર પરોવી લીધો. એના મરનની કારમી કિકિયારીએ રાતના આસમાનને જાને ચીરી નાખ્યું. પછડાટી ખાઇને એ ધરતી માથે પડ્યો. એના પ્રાણ નીકળી ગયા.

પીરાણા પાટણનો દરબારગઢ તે દિવસે પ્રભાતે માનવીની ગિરદીમાં ફાટફાટ થાય છે. ‘શાબાશ ! શાબાશ!’ ના જાણે મેહુલા મંડાણા છે. પંદર વરસના બેટાઓની પીઠ થાબડતા શૂરવીરો જાણે ધરાતા નથી.

“ઓઢા જામ ! આવા મહાવીરો જેના થાન ધવ્યા છે તે જનેતાની તો ઓળખાણ આપો! જેસળ-જખરાનું મોસાળ કોણ?”

ઓઢાના મુખમંડળ ઉપરની બધી કાંતિ પલક વારમાં શોષાઇ ગઇ. સૂરજ ઉપર કાળી વાદળીના ઓછાયા ઊતર્યા. એને હોથલનો કરાર સાંભર્યો. એ કેમ બોલે ? અમુક વાઘેલાના ભાણેજ, ફલાણા ઝાલાઓના ભાણેજ, સોલંકીના ભાણેજ—એમ કંઇ કંઇ બનાવટી નામ આપીને ઓઢાએ વાત ઉડાવી. પણ દાયરામાંથી દરેક વાર જાણકારોના જવાબ મળ્યો કે ‘જૂઠી વાત ! એવું કોઇ કુળ નથી. એને કોઇ દીકરી નથી.સાચું કહો, ઓઢા જામ !”

ઓઢાની જીભ ખિલાઇ ગઇ. ડાયરો દાંત કાઢવા લાગ્યો. જેસળ-જખરાની આંખના ખૂણામાંથી અંગાર ઝર્યો. કેડેથી તરવારો તાણીને બેય ભાઇઓએ બાપના મસ્તક

ઉપર તોળી.

“બાપુ, કેમ ગોટા વાળી રહ્યા છો ? અમારી જનેતાના કુળમાં એવું તે શું કલંક છે કે ભરદાયરા વચ્ચે અમારી હાંસી કરાવી રહ્યા છો ?બોલો, નીકર ત્રણેયનું લોહી અહીં છંટાશે.”

“ બેટા, રે’વા દિયો, પસ્તાશો.”

“ભલે બ્રહ્માંડ તૂટે. બોલો.”

ઓઢાનું અંતર આવતી કાલના વિજોગની બીકે ચિરાઇ ગયું. હોથલને હાથમાંથી ઊડી જતી એ જોઇ  રહ્યો. છાતી કઠણ કરીને એણે ઉચ્ચાર્યું:

“દાયરાના ઠાકોરો ! દીકરાને માથે તો છે ઇંદ્રાપુરનું મોસાળ. એની જનેતા મરતલોકનું માનવી નહી. પદમણી છે.”

“પદમણી કોણ?”

“હોથલ !”

“વાહવા ! વાહવા ! વાહવા ! હોથલના પેટમાં પાકેલા પુત્રો ! હવે શી તાજુબી ! ઓઢાને ઘેર હોથલદે નાર  છે. વાહ રે ઓઢાના તકદીર ! પદમણીનો કંથ ઓઢો!” પણ જગતના જે જે કારમાં ઓઢાને સ્વાદ ક્યાંથી રહે? વાયરા વાત લઇ ગયા. હોથલ છતી થઇ. અરેરે ! ઓઢા, વચને પળ્યો નહિ. હવે હોથલના ઘરસંસાર સંકેલાઇ ગયા.

ચિઠિયું લખિયલ ચાર, હોથલજે હથડે,

ઓઢા વાંચ  નિહાર, અસાંજો નેડો એતરો.

[હોથલે આંસુડાં પાડતાં ઓઢાને કાગળ લખ્યો. ચાર જ વેણ લખ્યાં:ઓઢા, આપણા નેહ-સ્નેહનો આટલેથી જ અંત આવ્યો.]

આવન પંખિ ઊડિયાં, નહિ સગડ નહિ પાર,

હોથલ હાલી ભોંયરે, ઓઢા તોં  જ્વાર.

ચિઠ્ઠીલખીને હોથલ ચાલી નીકળી. કનરાના ભોંયરામાં જઇ જોગણના વેશ પહેરી લીધા. પ્રભુને ભજવા લાગી, પણ ભજનમાં ચિત્ત શી રીતે ચોંટે ?

ભૂંડું લાગે ભોંયરું, ધરતી ખાવા ધાય,

ઓઢાં વણનાં એકલાં, કનડે કેમ રેવાય ?

[ભોંયરું ભેંકાર લાગે છે. ધરતી ખાવા ધાય છે. ઓઢા વિનાની એકલી હોથલ કનડામાં કલ્પાંત કરતી રહી છે.]

સાયર લેર્યું ને પણંગ ઘર, થળ વેળુ ને સર વાળ,
દનમાં દાડી સંભરે, ઓઢો એતી વાર.

[સાયરનાં જેટલાં મોજાં, વરસાદનાં જેટલાં બિંદુ, રણની રેતીના જેટલા કણ અને શિર પર જેટલા વાળ, તેટલી વાર એક્કેક દિવસમાં ઓઢો એને યાદ આવે છે.]

દાડી ચડતી ડુંગરે, દલના કરીને દોર,
ઝાડવે ઝાડવે જીંગરતા, (હું) કેતાક ઉડાડું મોર ?

[ડુંગરા ઉપર મોરલા ટહુકે છે અને મને ઓઢો યાદ આવે છે. મોરલાને ઉડાડવા માટે દિલની પણછ કરીને હું ડુંગરે ડુંગરે ચડું છું પણ ઝાડવે ઝાડવે જ્યાં મોરલા

ગરજે છે, ત્યાં હું કેટલાકને ઉડાડું?] બીજી બાજુ--

સામી ધાર દીવા બળે, વીજળી ચમક ભળાં,

ઓઢો આજ અણહોરો, હોથલ ને ઘરાં.

[સામા ડુંગરામાં દીવા  બળે છે, વીજળી ચમકારા કરે છે અને વર્ષાઋતુના એવા રૂડા દિવસમાં વિજોગી ઓઢો એકલો ઝૂરે છે, કેમકે હોથલ ઘેર નથી.]

ઓઢો ને હોથલ બેય ચાતકો ઝૂરતાં રહ્યાં. માથે કાળની મેઘલી  રાત પડી અને સંજોગનો સૂરજ કદીયે ઊગ્યો નહિ.

વાર્તાકાર કહે છે કે ઓઢાનું હૈયું વિયોગે ફાટી પડ્યું; અને એના મૃતદેહને દહન કરતી વખતે અંતરીક્ષમાંથી હોથલ ઉપાડી ગઇ; પુત્રના લગ્ન કાળે હોથલ

પોંખવા આવે અને એ વખતે પુત્ર-વધૂએ એનો પાલવ ઝાલીને રોકી રાખ્યાં વગેરે.

‘કનડો ડુંગર’ કાઠિયાવાડમાં બે-ત્રણ જગ્યાએ બતાવવામાં આવે છે. હોથલ કાઠિયાવાડણ હતી એવીયે લોકોક્તિ છે. ગીરના ડુંગરમાં એનાં ચમત્કારો હજીયે થતા હોવાની વાતો બોલાય છે. કોઇ કહે છે કે પાંચાળમાં હોથલિયો ડુંગર અને રંગતળાવડી છે તે જ હોથલનું રહેઠાણ; કોઇ મેંદરડા પાસેનો કનડો ડુંગર બતાવે છે.જ્યારે કનડો ડુંગર કચ્છ પ્રદેશનીયે ઉત્તરે થરપારકર તરફ હોવાનું મક્કમપણે કહેવાય છે. આ વાર્તાના દુહા અસલ તો કચ્છી ભાષામાં હશે. પણ અત્યારે એમાં કાઠિયાવાડી વાણી સારી પેઠે ગૂંથાઇ ગઇ છે.]

# 18. વલીમામદ આરબ

“જમાદાર સા’બ, ચલો રોટી ખાવા.”

“નહિ, હમ ખાયા.”

“ચલો ચલો, જે બટકું ભાવે તે , મેરા ગળાથ [સોગંદ]”

“નહિ નહિ, હમ અબી ખાયા.”

ત્રણ ગમને ત્રિભેટે, આછે પાણીએ ઝૂલતી એક નાની વાવ હતી. એ વાવને માથે માના ખોળા જેવી ઘટા પાથરીને એક જૂનો વડલો ઊભો હતો. એક દિવસ ઉનાળાને બપોરે એ હરિયાળા દેવઝાડની છાંયડીમાં, વાવને ઓટે બે જણા બેઠા હતા, એક આરબ ને બીજો વાણિયો. ભાથાનો ડબરો ઉઘાડી ટીમણ કરવા બેઠેલો

ડાહ્યો વાણિયો એ આરબને ઢેબરાં ખાવા સોગંદ દઇ-દઇને બોલાવે છે. તેનું એક કારણ છે. એક તો કાંટિયા વર્ણથી સદાય ડરીને ચાલનાર ગામડિયો વેપારી એને ખવરાવી-પિવરાવી કે સોપારીનો ઝીણો ભૂકો આપી દોસ્તી બાંધી લ્યે; અને બીજું, આજે આ શેઠ લાઠી ગામે પોતાના દીકરાની વહુને દાગીના ચડાવવા ગયેલા, ત્યાંથી વેવાઇની સાથે કાંઇક તકરાર થવાથી ઘરેણાંનો ડબો ભેળો લઇને પાચા વળેલા છે. તેથી માર્ગે આવા હથિયારબંધ સંગાથીનો ઓથ જરૂરનો હતો. એટલે જ વાણિયે સોગંદ આપી આપીને આખરે ચાઊસને બે ઢેબરાં ખવરવ્યે જ છૂટકો કર્યો.

રોઢો ઢળવા લાગ્યો એતલે આરબે એક ખંભે હમાચો નાખીને બીજે ખંભે લાંબી નાળવાળી બંદૂક લટકાવી. કમ્મરના જમૈયા સરખા કરીને કસીકસીને ભેટ બાંધી.

દંતિયે દાઢી ઓળીને આરબ નીચે ઊતર્યો. વાણિયાએ પણ ઘોડી ઉપર ખલતો નાખીને તંગ તાણ્યો.

આરબે સવાલ કર્યો, “કાં સેઠ, ક્યાં જાવું છે?”

“ખોપાળા સુધી.”

“મારો પન એ જ મારગ છે. ચાલો.”

ચાઊસ અમરેલીની નોકરીમાંથી કમી થઇને વડોદરે રોટીની ગોતણ કરવા જાતો હતો. બેય જણા ચાલતા થયા. તે વખતે આરબને ઓસાણ આવવાથી એણે પૂછ્યું, “સેઠ, કાંઇ જોખમ તો પાસે નથી ને ?”

“ના રે બાપુ! અમે તે જોખમ રાખીએ! પંડેપડ જ છું.”

આરબે ફરી કહ્યું, “સેઠ, છુપાવશો નહિ. હોય તો મારા હાથમાં સોંપી દેજો, નીકર જાન ગુમાવશો.”

“તમારે ગળે હાથ, જમાદાર, કાંઇ નથી.”

શેઠના ખડિયામાં ડાબલો હતો. ને ડાબલામાં બે-ત્રણ હજાર રૂપિયાનું ઘરેણું હતું.

બન્ને આગળ ચાલ્યા. આંકડિયા અને દેરડી વચ્ચેના લાંબા ગાળામાં આવે ત્યાં તો ગીગો શિયાળ નામનો એક નામીચો કોળી પોતાના બાર જુવાનોને લઇને ઓડા બાંધી ઊભેલો છે.

આ જમદૂતોને દૂરથી આવતા જોતાં જ શેઠના રામ રમી ગયા; એનો સાદ ફાટી ગયો. એનાથી બોલી જવાયું, “મારી નાખ્યા, ચાઊસ! હવે શું કરશું?”

"કેમ? આપણી પાસે સું છે, તે લૂંટસે?"

"ચાઊસ, મારી પાસે પાંચ હજારના દાગીના છે."

"હ—ઠ બનિયા! ખોટું બોલ્યો હતો કે! લાવ હવે ડબો કાઢીને જલદી મને આપી દે, નહિ તો આ કોળીઓ તારો જાન લેશે."

વાણિયાએ ડબરો કાઢીને આરબના હાથમાં દીધો, આ બન્યું તે સામે આવનાર કોળીઓએ નજરોનજર જોયું. અને છેટેથી બૂમ પાડી, "ઓ ચાઊસ, રહેવા દે રહેવા, નહિ તો તું નવાણિયો કુટાઇ ગયો જાણજે."

"સેઠ!" ચાઊસે વાણિયાને કહ્યું, "હવે તું તારે ઘોડી હાંકી મૂક. જા, તારી જિંદગી બચાવ; મને એકને મરવા દે."

વાણિયે ઘોડી હાંકી મૂકી. એને કોળીઓએ ન રોક્યો. એ તો આરબને જ ઘેરી વળ્યા અબે હાકલ કરી, “એલા ચાઊસ, હાથે કરીને મરવા માટે ડબરો લીધો કે?”

ચાઊસ કહે, “હમ ઉસકા અનાજ ખાયા.”

“અરે, અનાજ નીકળી જશે. ઝટ ડબરો છોડ !”

“નહિ, ઉસકા અનાજ ખાયા.”

“અરે ચાઊસ, ઘરે છોકરાં વાટ્ય જોઇ રે’શે.”

“નહિ, ઉસકા અનાજ ખાયા.”

કોળીઓએ ચાઊસનો પીછો લીધો, પણ ચાઊસની નજીક જવાની કોઇની હિંમત ન ચાલી, કારણ કે ચાઊસના હાથમાં દારૂગોળો ભરેલી બંદૂક હતી. કોળીઓને ખબર હતી કે આરબની બંદૂક જો છૂટે, તો કદી ખાલી ન જાય.

હમાચામાં દાગીનાનો ડબરો છે, હાથમાં બંદૂક છે, અને આરબ ઝપાટાભેર રસ્તો કાપતો જાય છે, આઘે આઘે કોળીઓ ચાલ્યા આવે છે; જરા નજીક આવીને કામઠાં ખેંચીને તીરનો વરસાદ વરસાવે છે; આરબ એ ખૂંતેલા તીરને પોતાના શરીરમાંથી ખેંચી, ભાંગી, ફેંકી દેતો જાય છે. કોળીઓને બંદૂકની કાળી નાળ બતાવી ડરાવતો જાય છે. એટલે ડરીને કોળીઓ દૂર રહી જાય છે. અને આરબ રસ્તો કાપતો જાય છે.

પણ આરબ શા માટે બંદૂકનો બાર કરતો નથી? કારણ કે એ ભરેલી દારૂગોળી સિવાય, બીજી વખત ભડાકો કરવાનું એની પાસે કાંઇ સાધન નથી. માટે જ ફક્ત ડરાવીને એ પોતાનો બચાવ કરી રહ્યો છે.

ત્યાં તો આંકડિયા ગામની લગોલગ આવી પહોંચ્યા. કોળીઓએ જાન્યું કે આરબ જોતજોતામાં ગામની અંદર પેસી જશે. ગીગા શિયાળનો જુવાન ભાણેજ બોલી ઊઠ્યો, “અરે શરમ છે! બાર-બાર જણાની વચ્ચેથી આરબ ડબરો લઇને જાશે! ભૂંડા લાગશો! બાયડિયુંને મોઢાં શું બતાવશો?”

આ વેણ સાંભળતાં તો કોળીઓ આરબ પર ધસ્યા. આરબે ગોળી છોડી. ગીગાના ભાણેજની ખોપરી વીંધી, લોહીમાં નાહી-ધોઇને સનસનાટ કરતી ગોળી ચાલી ગઇ. એ તો આરબની ગોળી હતી !

પણ આરબ પરવારી બેઠો, અને કોળીઓ એના પર તૂટી પડ્યા. આરબના હાથમાં રહ્યો કેવલ એક જમૈયો. સાત કોળીઓને એણે એકલાએ જમૈયાથી સુવાડ્યા, ત્યાં તો ગામ નજીક આવી ગયું, ગીગો અને તેના જીવતા સાથીઓ પાછા ચાલ્યા ગયા.

લોહીમાં તરબોળ આરબ ધીરે ધીરી ડગલાં માંડે છે .એની આંખો પર લોહીના થર બાઝી ગયા છે. શરીરમાંથી લોહી ટપકી રહ્યું છે. એને રસ્તો દેખાતો નથી. ચાલતો ચાલતો એ સીતાપુરી નદીને કાંઠે ઊતર્યો અને એક વીરડા ઉપર લોહિયાળું મોઢું ધોવા બેઠો.

નદીને સામે કાંઠે આંકડિયા નામનું ગામ હતું. આઇ જાનબાઇની જગ્યાના ઓટા ઉપર ગામના ગરાસદાર ચારણ વીકોભાઇ બેઠેલા. એની નજર પડી કે કોઇ

લોહીલુહાણ, જખ્મી આદમી પાણી પીવા બેઠો છે. વીકોભાઇ એની પાસે આવ્યો. ત્યાંતો એ અજાણ્યા માણસનો પગરવ સાંભળીને અંધ બની ગયેલો આરબ બે હાથે પોતાનો હમાચો દબાવી બૂમ પાડી ઊઠ્યો કે “ચોર! ચોર!”

વીકાભાઇએ આરબને ટાઢો પાડ્યો, એનું શરીર સાફ કર્યું. ઘેર લઇ ગયા. પડદો રાખ્યો. હોશિયાર વાળંદને બોલાવી જખ્મો પર ટેભા લેવરાવ્યા અને પોતે બરદાસ કરવા લાગ્યા.

વળતે જ દિવસે ગીગો શિયાળ પોતાના ત્રીસ માણસોને લઇ આવી પહોંચ્યો. વીકાભાઇને કહેવરાવ્યું કે “મારો ચોર સોંપી દિયો; નહિ તો ગામના ચારેય પાસ કાંટાના ગળિયા મૂકી હું ગામ સળગાવી દઇશ.”

વીકાભાઇ કહે, “ગીગા, શરણે આવેલાને ન સોંપાય. હું ચારણ છું.”

ગીગો કહે, “મારા ગામને પાદરે મારા મારા ભાણેજની ચેહ બળે છે.એ જુવાન ભાણેજના મારનારને હું એ જ ચિતામાં બાળું ત્યારે જ મને ઠારક થાય તેમ છે. માટે સોંપી દ્યો. નીકર તમારી આબરૂ નહિ રહે.”

વીકાભાઇના સાઠ રબારી હાથમાં લાકડી લઇને ઊભા થઇ ગયા અને ગીગાને હાકલ કરી કે “તો ગીગલા, થઇ જા માટી! અમે જીવતા છીએ ત્યાં સુધી આશરે આવેલાને તું એમ લઇ જઇશ?”

ગામ આખું ગરજી ઊઠ્યું. ગીગો લજવાઇને પાછો ચાલ્યો ગયો. દિવસ ગયા. આરબને આરામ થયો. પણ સૂતાં કે બેસતાં આરબ પોતાનો હમાચો છોડતો નથી. આરામ થયે એણે વીકાભાઇની રજા માગી.

વીકાભાઇએ પૂછ્યું, “ચાઊસ! રસ્તામાં વાપરવાની કાંઇ ખરચી છે કે ?”

ઓછાબોલો ચાઊસ ફક્ત એટલું જ બોલ્યો, “નહિ.”

વીકાભાઇ સમજ્યા કે આરબ ગીગા શિયાળથી ડરી જઇને આવી માગણી કરે છે. બન્ને જણા ખોપાળે પહોંચ્યા. આરબના મનમાં તો મૂંઝવણ ઊપડી હતી. દાગીનાવાળા વાણિયાનું નામ એને યાદ નહોતું આવતું, અને પારકી થાપણ હવે એને સાપના ભારા સમાન થઇ પડી હતી. ધણીને ઘરાણું પહોંચાડ્યા પહેલાં એને નીંદર આવે તેમ નહોતું.

ત્યાં તો ખોપાળાની બજારમાં એણે દાગીનાના માલિક વાણિયાને દીઠો. દોડીને એણે દાગીનાનો ડબરો વાણિયાના હાથમાં મૂકી કહ્યું, “શેઠ, આ તમારા દાગીના જલદી ગણી લ્યો.”

વીકાભાઇની તાજુબીનો પાર ન રહ્યો. એ પૂછે છે કે “અરે ચાઉસ! આટલી બધી મૂડી બગલમાં હતી તોયે કેમ કહેતા હતા કે પાસે કાંઇ નથી?”

આરબે ઉત્તર દીધો કે “એ તો પારકી થાપણ.”

વીકોભાઇ બોલ્યા, “રંગ છે તારી જનેતાને, ચાઉસ!”

એને સમજાયું કે આરબે પોતાની ખાતર નહિ, પણ આ પારકા માલને ખાતર ધીંગાણું ખેડ્યું હતું. એણે શેઠને બધી વાત કહી સંભળાવી. જેની સ્વપ્ને પણ આશા નહોતી એ દાગીના મળવાથી શેઠને અંતરે આનંદ માતો નહોતો. એણે આરબને બક્ષિસ આપવા માંડી–રૂપિયા પાંચ ! આરબે માથે ચડાવીને પાછા વાણિયાના હાથમાં ધરી દીધા.

શેઠની પીઠ પર એક ખાસડાનો ઘા કરીને વીકોભાઇ બોલ્યા, “કમજાત ! વ્યાજના ખાનારા! તારા પાંચ હજારના દાગીના ખાતર મરવા જનારને પાંચ રૂપરડી આપતાં તું શરમાતો નથી ?”

આરબ વડોદરે પહોંચી ગયો. એના અંતરમાં વીકાભાઇનું નામ રમતું રહ્યું. આરબનો બચ્ચો ઉપકાર ન ભૂલે. વડોદરાના મહારજા ફતેહસિંહરાવના દરબારમાં આરબ નોકરી કરે છે. એમ થતાં એક વખત મહારાજાના એક વણિક મિત્ર પોતાની સ્ત્રીને પરગામ તેડવા ગયા, તેની સાથે એ જ આરબને મોકલવામાં આવ્યો.

શેઠ-શેઠાણી રથ જોડીને વડોદરા તરફ ચાલ્યાં આવે છે. બપોરને વખતે એક વાવ આવી ત્યાં શેઠાણીનો રથ છૂટ્યો છે. શેઠ વહેલા વડોદરે પહોંચવા માટે આગળ ચડી ગયા છે.

શેઠાણીએ આરબને કહ્યું :”ભાઇ, વાવમાં જઇને પાણી લઇ આવો ને !”

ચોપાસ સૂનકારભરી સીમ જોઇને ચાઊસે જવાબ દીધો :”અમ્મા, રથ છોડીને તો હું નહિ જાઉં !”

“અરે, ચાઊસ, ગાંડા છો? એટલી વારમાં આંહીં કોણ આવી ચડે છે ?’

અચકાતે હૈયે, ઝાડને થડે બંદૂક ટેકવી આરબ પાણી ભરવા વાવમાં ઊતર્યો. બહાર આવીને જ્યાં જુએ ત્યાં ન મળે બંદૂક કે ન મળે શેઠાણી.  હેબતાઇ ગયેલ

ગાડાખેડુએ આંગળી બતાવીને કહ્યું, “ઓ જાય ઊંટ ઉપર ચડેલા બે સંધીઓ– બંદૂક અને શેઠાણીને બેયને લઇને.”

વાવના પથ્થર પર માથું પટકાવીને આરબ ચીસો પાડવા લાગ્યો. પણ બંદૂક વિના એનો ઇલાજ નથી રહ્યો. એવામાં ઓચિંતો ઘોડી ઉપર ચડીને એક રજપૂત નીકળ્યો. રજપૂતે આરબને આક્રંદ કરતો જોઇ, વાત સાંભળી, ઘોડી ઉપરથી ઊતરીને રજપૂતે કહ્યું, “આ લે, ચાઊસ, તાકાત હોય તો ઉપાડ આ બંદૂક, ચડી જા મારી ઘોડી માથે; પછી વિધાતા જે કરે તે ખરું.”

વીજળીના ઝબકારાને વેગે આરબે ઘોડી પર છલાંગ મારી, હાથમાં બંદૂક લીધી અને ઘોડી મારી મૂકી. જોતજોતામાં સંધીના ઊંટની પછળ આરબની ઘોડીના ડાબલા ગાજ્યા.

ઊંટ પર એક સંધી મોકરે બેઠો છે; બીજો એક પછવાડેના કાંઠામાં બેઠો છે; અને વચ્ચે બેસાડેલાં છે શેઠાણીને. આરબ મૂંઝાણો. એ શી રીતે ગોળી છોડે! પાછલાને ગોળી મારતાં શેઠાણી પણ વીંધાઇ જાય તેવું હતું. આરબ મૂંઝાય છે.

પાછલા દુશ્મનના હાથમાં પણ આરબવાળી ભરેલી બંદૂક તૈયાર છે. એણે મોખરેના સવારને કહ્યું, “ઊંટને જરાક આદો કર એટલે આ વાંસે વયા આવનાર ઘોડેસવારને હું પૂરો કરું.”

જેમ ઊંટ આડો ફર્યો તેમ તો સનનન કરતી આરબની અણચૂક ગોળી છૂટી; છૂટ્યા ભેળો તો મોખરેનો હાંકનાર પડ્યો. બીજી ગોળી ઊંટ ઉપર – અને ઊંટ બેસી ગયો. ત્રીજી ગોળીએ પછવાડેનો સંધી ઠાર થયો. શેઠાણીને અને શેઠાણીના પચાસ હજારના દાગીનાને બચાવીને આરબ પાછો વળ્યો.

બહાદુર આરબ હવે તો મહારાજનો અંગરક્ષક બન્યો છે, બહુ બોલવાની એને આદત નથી. નીચું જોઇને જ એ હાલેચાલે છે.

ફરી એક વાર એના શૌર્યનું પારખું થયું. એણે એક દિવસ મહારાજાને શિકાર ખેલતાં સિંહના પંજામાંથી ઉગારી લીધા. ત્યારથી એ મહારાજાના સૈન્યમાં મોટો હોદ્દેદાર બન્યો છે.

પેશકશી ઉઘરાવવા માટે મહારાજ પોતે સોરઠમાં વરસોવરસ મોટી ફોજ લઇને આવે છે. આ વખતે ફોજનો સેનાપતિ એ બુઢ્ઢો આરબ હતો. દરેકે દરેક રાજમાં જો મહારાજ સરકાર જાય તો વસ્તીને તેમ જ તે રાજને હાડમારીની હદ ન રહે; એટલે રાજાઓ પોતે જ સીધાદોર થઇને સામે પગલે ચાલી ખંડણી ભરી આવતા. આ વખતે ગાયકવાડના દેરાતંબુ લીંબડી મુકામે તણાયા છે.

બુઢ્ઢા આરબના મગજમાં હરદમ એક માનવી તરવરી રહ્યો છે, એનો જીવનદાતા વીકોભાઇ. પણ એ નામ આરબ ભૂલી ગયો છે; ગામનું નામ પણ યાદ નથી, ’ઇકડી’ ‘ઇકડી’ કરે છે. એના મનમાં હતું કે જો ભેટો થાય તો જીવનદાતાનું થોડુંક કરજ ચુકાવું.

એક દિવસ રાજાએ કચેરી ગાયકવાડના તંબૂમાં ભરાયેલી છે. જરિયાની ચાકળા પર આરબનું આસન છે; પણ આરબ ઊઠીને બહાર ગયેલ. તેવામાં વીકાભાઇ તંબૂમાં આવી પહોંચ્યા. અને વીકાભાઇએ તો પેલા આરબની ખાલી પડેલી ગાદી ઉપર ઝુકાવ્યું. જોતાં જ મહારાજા ફત્તેહસિંહ ની આંખ ફાટી રહી. ત્યાં તો આરબ અંદર આવ્યો. આઘેથી જોતાં જ વીકાભાઇને ઓળખ્યા.

“ઓ મારા જીવનદાતા ! મારા બાપ !”કરતો દોડીને આરબ વીકાભાઇન ચરણોમાં ઢળી પડ્યો. મહારાજાને તમામ વૃત્તાંતથી વાકેફ કર્યા.

મહારાજાએ જાહેર કર્યું, “આ વીકાભૈ જે રાજાના હામી (જામીન) થાય તેની પેશકશ અમે ખમશું.” ત્યારથી પ્રત્યેક રાજમાં વીકાભાઇને મોટાં આદરમાન મળવા લાગ્યાં. નાણાંનો પણ તોટો ન રહ્યો. આજ એની ત્રીજી પેઢી આંકડિયાના અરધા ભાગનો ભોગવટો કરે છે. આ લગભગ સંવત 1915ની વાત છે.

## 19. ઓળીપો

પરણીને આવી છે તે ઘડીથી રૂપીને જંપ  નથી. એને તો, બસ, એક જ રઢ લાગી ગઇ છે. બાપોદર ગામના આઘા આઘા  ઓરિયામાંથી જ્યારે રૂપી માટીના થર ખોદી રહી હોય છે, ત્યારે એને ભાન નથી રહેતું કે ઓરિયાની ભેખડમાં પોતે કેટલી ઊંડી ઊંડી ચાલી જાય છે. વટેમાર્ગુ જોતાં જોતાં ચેતવતાં જાય છે, “રૂપી, ભેખડ પડશે ને તુંને દાટી દેશે, હો બેટા !”

પણ રૂપી તો મેરની દીકરી. એને તો એનાં ઘરખોરડાં આભલાં જેવાં ઊજળાં કરવાં છે. ઓરડામાં કમાનો વાળવી છે. દાણા ભરવાની મોટી મોટી કોઠીઓ ઘડીને તેના ઉપર નકશી કરવી છે. ગોખલા કંડારવા છે, ભીંત ઉપર ચિતરામણ

આલેખવાં છે. રૂપીને ઠાવકી, ચીકણી, માખણના પિંડા જેવી ધોળી માટી વગર કેમ ચાલે? દટાઇ જાય તોયે શું?

માટીના સૂંડલા પોતાને માથે મેલીને, મલપતી મલપતી, રૂપી ચાલી આવે છે. ધોમધખતા તાપમાં એનું રૂપાળું મોં રાતુંચોળ થાતું આવે છે. મોતીની સેર વીખરાણી હોય તેવાં પરસેવાનાં ટીપાં ટપકતાં આવે છે. કૂવાને કાંઠેય મેરાણીઓ મોઢાં મચકોડી વાતો કરે છે, “બાઇ, આ તો નવી નવાઇની આવી છે ! કૂવામાં પાણી જ રે’વા દેતી નથી. કુણ જાણે અધરાતથી બેડાં તાણવા માંડે છે.”

નિસરણી ઉપર ચડીને રૂપી જ્યારે પોતાના ઘરની પછીતને અને ઊંચા ઊંચા કરાને ઓળીપા કરે છે,ત્યારે પાડોશણો આશીર્વાદ દેતી જાય છે કે ‘વાલામૂઇ પડે તો ઠીક થાય !’ ભૂખી-તરસી  વહુને આખો દિવસ ઓળીપો કરતી  નિહાળીને

સાસુ-સસરો હેતાળ ઠપકો આપે છે કે, “અરે રૂપી, ખાધાનીયે ખબર ન પડે, બેટા?” એને માથે ચારેય છેડે છૂટું ઓઢણું ઢળકે છે. એના ઘઉંવરણા ગાલ ઉપર ગોરમટીના છાંટા છંટાઇ ગયા છે. એના દેહના દાગીના ધૂળમાં રોળાણાં છે. શરણાઇ-શી એના હાથની કળાઇઓ કોણી સુધી ગારામાં ગરકાવ છે. તોય રૂપીનાં રૂપ કાંઇ અછતા રહે ?

રૂપીનો વર નથુ રોટલા ખાવા આવે છે. એકલા બેસીને ખાવાનું એને ભાવતું નથી.

“રૂપી !” નથુ બહાર નીકળીને એને સાદ કરે છે : “ રૂપી, આવડી બધી કેવાની અધીરાઇ આવી છે, ઘર શણગારવાની? કાંઇ મરી બરી તો નથી જાવાની નથ ના !”

“લે, જો તો, બાઇ! નથુ કેવી વાણી કાઢી રિયો છે ! મેરની દીકરી ખોરડું ન શણગારે ત્યારે એનો જન્મારો કાંઉ ખપનો, નથુ ?”

“હે ભગવાન ! આ મેરની છોકરી તો નવી નવાઇની ! કવરાવ્યો મને ! ભગવાન કરે ને નિસરણી લસરે જાય !” એટલું કહીને નથુ હસે છે.

“તો તો, પીટ્યા, તારે જ મારી ચાકરી કરવી પડશે. સાજી થાઉં તોયે તારા ખોળામાંથી ઊઠાં જ નહિ ને ! ખોટી ખોટી માંદી પડેને સૂતી જ રાં !”

રૂપી અને એનો વર નથુ ખોરડાની પછીતે ઊભાં ઊભાં આવી મીઠડી વાતો કરીને અંતર ભરી લેતાં ને પેટ ભરવાની વાતો ભૂલી જતાં હતાં. ઇશ્વરે પોતાની વહુને થોડાજ સમયમાં ઘરની આવી મમતા લગાડી દીધેલી દેખીને નથુડો પોતાના અંતરમાં સ્વર્ગનું સુખ અનુભવી રહ્યો છે. નિસરણીની ટોચે ઊભીને કરો લીંપતી

સ્ત્રી જાણે આભની અટારીમાં ઊભેલી અપ્સરા હોય એવું એવું એને લાગ્યા કરતું. ગોરમટીનાં છાંટણાંમાં ભીંજાયેલી એ જુવાન મેરાણી નથુને મન તો કોઇ નવલખાં રત્ને મઢેલી પ્રતિમા જેવી દેખાતી. એના હૈયામાંથી ઉદગાર નીકળી જતો કે ‘ઓહોહો ! બાપોદર ગામના જુવાનિયામાં મારા સરખો સુખી મેર બીજો કોઇ ન મળે.’

એમ કરતાં કરતાં અષાઢ ઊતરીને શ્રાવણ બેઠો. જોતજોતામાં તો બાપોદર ગામ હરિયાળી કુંજ જેવું બની ગયુ. નદી અને નેહરાં છલોછલ હાલ્યાં જાય છે. ધરતીનાં ઢોરઢાંખર અને પંખીડાં હરખમાં હિલોળા મારે છે, ને રૂપીયે વારતહેવાર રહેવા મંડી છે. સવાર પડે છે ને હાથમાં ચોખા-કંકાવટી લઇ રૂપી બાપોદરનાં દેવસ્થાનો ગોતે છે, પીપળાને અને ગાયોને ચાંદલા કરી કરી ચોખા ચડાવે છે,

નાગદેવતાના રાફડા ઉપર દૂધ રેડે છે. રૂપીને મન તો આ સૃષ્ટિ શી રળિયામણી હતી ! ઓહોહો! શી રળિયામણી હતી!

શીતળા-સાતમ અને ગોકળ-આઠમના તહેવારો ઢૂકડા આવ્યા. સાતમ-આઠમ ઉપર તો મેરાણીઓ ગાંડીતૂર બને. પરણેલી જુવાનડીઓને પિયરથી તેડાં આવે. રૂપીનેય માવતરથી સંદેશા આવ્યા કે 'સાતમ કરવા વહેલી પહોંચજે.'

સાસુ-સસરાએ રાજીખુશીથી પોતાની લાડકવાયી વહુને મહિયર મહાલવાની રજા આપી. નવી જોડ લૂગડાં પહેરી, ઘરેણાંગાંઠા ઠાંસી, સવા વાંભનો ચોરસ ચોટલો ગૂંથી, સેંથે હિંગળો પૂરી ને આંખે કાજળ આંજી રૂપી પિયર જવા નીકળી. માથે લૂગડાની નાની બચકી લીધી.

પરણ્યા પછી આજ પહેલી જ વાર નથુએ રૂપીને એના ખરા રૂપમાં નીરખી, નથુ પાસે રૂપી રજા લેવા ગઇ. નથુથી ન રહેવાયું, “રૂપી ! આ બધું પિયરિયામાં મા’લવા રાખી મૂક્યું’તું ને?” ‘નથુ ! નથુ !’ બોલેને તો ઓછી ઓછી થે જાછ! તંઇ આ શણગાર તો નથુ માટે કોઇ દી નુતા સજ્યા!”

“લે, જો તો બાઇ ! આડું કાં બોલતો હઇશ, નથુ ! કામકાજ આડે મને વેશ કરવાની વેળા જ કે દી હુતી? અને આજે પે’ર્યું છે એય તારે જ કાજે ને ! તું હાલ્ય મારી હરે. મને કાંઇ ત્યાં એકલાં થોડું ગમશે?” એટલું બોલતાં તો રૂપીની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

“અરે ગાંડી ! એમાં કોચવાઇ ગી ?અને મા-બાપની રજા વિના મારાથી અવાય ખરું કે ?”

“હું ફુઇને અને મામાને બેયને કે’તી જાઉં છું ને ! તું જરૂર આવજે. હો !તારા વન્યા મારી સાતમ નૈ સુધરે હો, નથુડા !”

એટલું કહીને રૂપી સાસરા કને ગઇ. પોતાની તોછડી, મીઠી વાણીમાં મેરની કન્યાએ તુંકારો દઇને કાલું કાલું વેણ કહ્યું, “મામા, નથુને ચોકસ મેલજે, હો ! નીકર મારી સાતમ નૈ સુધરે.”

સાસુને પગે પડીને રૂપી બોલી :’ફુઇ ! નથુને ચોકસ મેલજે, હો ! નીકર મારી સાતમ નૈ સુધરે.”

“માડી, મેલશું તો ખરા; પણ તારાં માવતરનું સાચેખોટેય તેડું તો જોવે ને !”બુઢ્ઢી સાસુએ જવાબ દીધો.

"અરે કુઇ, એનો ધોખો તું કરીશ નૈ. હું ત્યાં પહોંચ્યા ભેરી જ તેડું મોકલાવીશ ને !"

એમ કહીને રૂપી બચકું ઉપાડીને બહાર નીકળી—કેમ જાણે ફરી કોઇ દિવસ પાછું આવવાનું જ ન હોય  એવી આંસુડેભરી આંખે ખોરડા સામે ટાંપી રહી. ખડકીમાંથી નીકળતા પગ ભારે થઇ ગયા, છાનોમાનો નથુ પાદર સુધી વળાવવા ગયો. છલંગો મારતી મૃગલી જાણે પાછું વાળીને જોતી, લાકડીના છેડા ઉપર ટેકવેલા નથુના ગરીબડા મોં સામે તાકતી ગઇ. એનો છેલ્લો બોલ એક જ હતો, "નથુડા, આવજે હો ! નીકર મારી સાતમ નૈ સુધરે."

આઘે આઘે રૂપીના ઓઢણાનો છેડો પણ ઊડતો અલોપ થયો, ત્યારે એક નિસાસો મેલીને નથુ ગામમાં ગયો. કામકાજમાં એનું ચિત્ત પરોવાઇ ગયું.

"અરરર ! માડી ! દીકરીને પીટ્યાંઓએ કામ કરાવેં કરાવેંને અધમૂઇ કરે નાખી, માથેથી મોડિયો ઉતાર્યં. પહેલાં મૂવાં રાખહ  જેવાંએ પાણીની હેલ્યું ખેંચાવવા માંડી."

"પણ, માડી. તને કહ્યું કુણે ?"

"કુણે શું, તારી પડોશણુંએ. સવારથી સાંજ લગે દીકરીને ઓળીપામાં જ દાટે દીધી, માડી ! આમ તો જો ! મોં માથે નૂરનો છાંટોય ન મળે. અને પદમ જેવી મારી રૂપીની હથેળિયું તો જો –રોગી ઉતરડાઇ જ ગી."

"માડી, તને કોઇ ભંભેરે ગુ(ગયું) છે, હો ! અમારાં પાડોશી ભારી ઝેરીલાં છે. તું કોઇનું માનીશ મા, હો! અને તેં મને તેડું મોકલ્યું, તારેં નથુને કીમ ન તેડાવ્યો? ઇ તો રિસાઇને બેઠો છે. ઝટ દઇને ખેપિયો મેલ્ય."

“ચૂલામાં જાય તારો નથુડો ! મારે એ ભૂતને તેડાવવો જ નથ. અને લાખ વાતેય તને પાછી ઇ ઘરને ઉંબરે ચડવા દેવી નથ. ઘણાય મેર મળી રહેશે; એકની એક દીકરીને આખો જનમારો ઓળીપામાં નથ દાટેં દેવી !”

દડ! દડ! દડ! રૂપીની કાળીકાળી બેમોટી આંખોમાંથી પાણી દડી પડ્યાં. એના હૈયામાં ધ્રાસકો પડી ગયો. એનું બોલવું માવતરને ગળે ઊતરતું જ નથી. અદેખી પાડોશણોએ પિયરિયાંના કાનમાં નિંદાનું ઝેર રેડી દીધું હતું. રૂપી શું બોલે, કોને સમજાવે? સાસરિયાંનું સારું બોલનારી એ છોકરીને સહુએ શરમાળ, ગુણિયલ  અને આબરૂરખી ગણી હસી કાઢી. જેમ જેમ એ બોલતી ગઇ, તેમ તેમ સહુને એને માટે વધુ ને વધુ અનુકંપા ઊપજતી ગઇ. અબોલ બનીને એ છાનીમાની ઓરડામાં બેસી ગઇ. રોવા જેટલું તો ત્યાં એકાંત ક્યાંથી હોય?

રૂપીનો બાપ બાપોદર ગયો. વેવાઇઓને વસમાં વેણ સંભળાવ્યાં. બિચારા બુઢ્ઢા માવતર અને નથુ –એ ત્રણેય જણાંને તો ધરતી માર્ગ આપે તો સમાઇ જવા જેવું થઇ ગયું. ત્રણેયને એમ લાગ્યું કે રૂપીએ માવતરની આગળ દુ:ખ ગાયું હશે. રૂપીના બાપેનનથુને  ગૂંજે થોડા રૂપિયા ઘાલ્યા અને છૂટાછેડાનું લખણું કરાવી લીધું. તે દિવસના નથુના ઘરબારમાંથી રામ ઊડી ગયા. ધાનનો કોળિયો કોઇને ભાવતો નથી. નથુને મનસૂબા ઊપડે છે.

સારા સુખી ઘરનો એક જુવાન મેર ગોતીને માબાપે રૂપીનું નાતરું કર્યું. રૂપીને રૂંવે રૂંવે આગ ઊપડી, પણ ગભરૂડી દીકરી માવતરની ધાક અને શરમમાં દબાઇ ગઇ. એની છાતી ઉપર કોઇ મોટી શિલા જાણે ચંપાઇ ગઇ.

પિંજરમાં પુરાતી સારિકા થોડી વાર જે ચિચિયારી કરે તેમ રૂપીએ વિલાપ કર્યો કે “મને નાથુ પાસે જાવા દિયો. મારે નાતરે નથ જાવું.”

એનું કલ્પાંત કોઇએ ન સાંભળ્યું. એ મૂરખી છોકરીને માવતરે સુખનું થાનક ગોતી દઇ એના હાથ ઝાલ્યા અને ગાડે નાખી. રૂપી કેમ કરીને રોવા મંડે ? ઘૂમટા વગર સ્ત્રી બિચારી પોતાનું રોણું સંતાડે શી રીતે? મેરની દીકરીને ઘૂમટા ન હોય.

ચોથે દિવસે રૂપી ભાગીને પાછી આવી અને ચીસ પાડી ઊઠી કે “નૈ જાઉં ! નૈ જાઉં ! મારા કટકા કરી નાખશો તોયે બીજે નહીં જાઉં. મને નથુ પાસે મેલો.”

માવતરે માન્યું કે બે દિવસ પછી દીકરીનું મન જંપી જશે. રૂપી પાણી ભરવા જાય છે. પાદર થઇને કંઇક વટેમાર્ગુ નીકળે છે. ક્યો માણસ ક્યે ગામ જાય છે એટલુંય પૂછ્યા વગર સહુને કહે છે, “ભાઇ, બાપોદરમાં નથુ મેરને મારો સંદેશો

દેજો ને કે સોમવારે સાંજે મને નદીની પાળ પાસે આવીને તેડી જાય; ત્યાં ઊભી ઊભી હું એની વટ્ય જોઇશ!"

વટેમાર્ગુ બે ઘડી ટાંપીને હાલ્યા જાય છે. બોલતાં જાય છે કે "ફટક્યું લાગે છે !"

સોમવારે બપોરે લૂગડાંનો ગાંસડો લીધો. "મા, હું ધોવા જાઉં છ."

માએ માન્યું, ભલે મન જરી મોકળું કરી આવે. ફૂલ જેવાં ઊજળાં લૂગડાં ધોઇ, માથાબોળ નાહી, લટો મોકળી મેલી, ધોયેલ લૂગડાં પહેરી, ધૂનાને કાંઠે લાંબી ડોક કરી કરીને મારગ માથે જોતી રૂપી થંભી છે. ક્યાંય નથુડો આવે છે ? ક્યાંય નથુની મૂર્તિ દેખાય છે ? એની હાલ્ય જ અછતી નહીં રહે; એ તો હાથી જેવા ધૂલના ગોટા ઊડાડતો ને દુહા ગાતો ગાતો આવશે ! નહીં આવે ? અરે, ન આવે કેમ ? સંદેશા મોકલ્યા છે ને ! કેટલા બધા સંદેશા !

સૂરજ નમવા મંડ્યો, પણ નથુડો ન આવ્યો. સાંજના લાંબા લાંબા ઓછાયા ઊતરવા લાગ્યા. તોય નથુડો ન આવ્યો. પંખી માળામાં પોઢ્યા, ગૌધન ગામમાં પહોંચ્યું. ધૂનાનાં નીર ઊંઘવા લાગ્યા. ઝાડ–પાંદડાને જંપવાની વેળા થઇ, તોય નથુડો ન આવ્યો. ઘોર અંધારું થઇ ગયું તોય નથુડો ન જ આવ્યો. અરેરે, નથુડાનું હૈયું તે કેવું વજ્જર જેવું ! એને મારી જરાય દયા ન આવી?

”રૂપી ! રૂપી ! રૂપી !” એવા સાદ સંભળાણા. રૂપી ચમકી :’કોના સાદ ? નથુના ? ના, ના. આ સાદ તો ગામ ભણીથી આવે છે.’ સાદ ઢૂકડા આવ્યા. ‘આ સાદ તો મારી માના. મારી મા મને ગોતવા આવે છે.’

'નથુ, તેં તો મારી સાતમ બગાડી! અરે ભૂંડા, સંદેશાય ન ગણકાર્યા ! પણ હું હવે પાછી ક્યાં જાઉં? હવે તો આપણે એકબીજાના હાથના આંકડા  ભીડીને ભાગે નીકરશું.'

“રૂપી ! રૂપી ! રૂપી !” ગામને માર્ગેથી માતાના સાદ આવ્યા. જવાબમાં ધુબ્બાંગ !” દેતી રૂપી ધૂનામાં કૂદી પડી. ઓઢણામાં બાંધેલા પથ્થરોએ એને તળિયે સંતાડી રાખી. પણ નથુડો તો ન જ આવ્યો.

“રૂપી ! રૂપી ! રૂપી ! પોકારતી મા ધૂનાના કાંઠે આવી. રાતનાં નીર બડબડિયાં બોલાવતાં જાણે હાંસી કરતાં હતાં કે ‘રૂપીની મા ! દીકરીને ઓળીપાના દુ:ખમાંથી બરાબર ઉગારી, હો !’

# 20. કરિયાવર

“આ માંડ્યું-છાંડ્યું ને ચાકળા-ચંદરવા કોના સારુ રાખી જા છ, બેટા હીરબાઇ? બધુંય ઉતારીને તારા ઘર ભેળું કરી દે, બાપ !”

“ના, બાપુ, ભીંત્યું અડવી ન કરાય.”

“અરે, બેટા, હવે વળી મારે ભીંત્યું અડવી શું ને ભરી શું ? ઉતારી લે, બાઇ ! એકેએક ચીજ ઉતારી લે. મેંથી એ નહિ જોયું જાય, બેટા ! મને એ માંડ્યચાંડ્ય કરનારી સાંભરશે ને ઠાલું મારું મન બળશે.

નિસરણી માંડીને દીકરી દીવાલો ઉપરથી શણગાર ઉતારી રહી છે, અને બુઢ્ઢો બાપ એને ઘરની તમામ શોભા સંપત્તિ કરિયાવરમાં લઇ જવા અગ્રહ કરે છે.

માનું ઘણાં વર્ષથી અવસાન થયું છે. સાત ખોટની એક જ દીકરી હીરબાઇને ઉછેરી ઉછેરી બાપે આજ અઢાર વર્ષની ઉંમરે એને પરણાવી છે. આજ ભાણેજ (જમાઇ) તેડવા આવેલા હોવાથી બાપ દીકરીને દાયજો દેવા લાગ્યો છે. બેડાં, ત્રાંબાકૂંડીઓ, ડબરાં, ગાદલાં, ગોદડાં, ધડકીઓ, તોરણ, ચાકળા, ચંદરવા, સોનારૂપાના દાગીના—જે કાંઇ પિતાના ભર્યાભાદર્યા ઘરમાં હતું, તે તમામ પિતા દીકરીને દેવા આગ્રહ કરે છે. ગાડાં ને ગાડાં ભરાઇ રહ્યા છે.

“હાંઉ બાપુ ! હવે બસ કરી જાઓ.” હીરબાઇએ આડા હાથ દીધા.

“પણ હું રાખી મેલું કોના સાટુ, બાપ ? હું તો હવે બે ચોમાસાં માંડ જોઇશ. અને મારું ગામતરું થયે તો આ પિતરાઇઓ આંહીં તને થોડા ડગલુંય ભરવા દેવાના છે?”

દીકરી મોં છુપાવતી જાય છે, પાલવડે આંસુડાં લૂછતી જાય છે અને બાપુના ઘરના શણગાર ઉતારતી જાય છે.

“હીરબાઇ,” ડોસો પોતાની પાઘડીને છેડે ચીંથરામાં બાંધેલા વાઘનખ લઇને આવ્યો. “આ લે, બેટા, અમારો ભાણેજ થાય એને ગળે પહેરાવજે. મેં તો કૈંક વરસો થયાં દીપડો મારીને કાઢી રાખેલ – તારે ભાઇ થાય એની ડોકે બાંધવાની આશાએ; પણ સૂરજે સાવઝના નખ પહેરનારો નહિ સરજ્યો હોય..... હશે ! હવે પ્રભુ તારું મીઠું મોં કરાવે ત્યારે પે’રાવજે, હો!” માનો જણ્યો ભાઇ એ વખતે હીરબાઇને સાંભરી આવ્યો, આજ ભોજાઇ વગર નણંદનું માથું ઓળી મીંડલા ગૂંથી દસેય આંગળીએ ટાચકા ફૂટે એવાં મીઠડાં લઇ સાસરે વળાવનાર કોઇ ન મળે! અને બાપનું ભાણું દસ વરસથી પોતે સાચવેલું તેનું હવે જતન રાખનાર કોઇ ન રહ્યું. હીરબાઇએ એકાંતે આંસુ ઢાલવ્યાં.

પચીસેક ગાડાંની હેડ્યો ભરાઇ ને કરિયાવર તૈયાર થયો. હીરબાઇએ નાહીધોઇ, અણાતને અરધે તેવાં વસ્ત્રાભૂષણો સજી, રૂપનીતરતાં અંગને જાણે સોનેરૂપે મઢી લીધું. માવતરના ઘરને છાંયડે ફરી વાર કદી બેસવું નથી એવું જાણીને છેલ્લી મીટ માંડી બહાર નીકળી. ગાયો-ભેંસો એને બહુ વહાલી હતી, એટલે જઇને પશુડાંને ગળે બાઝી પડી; પશુ જાણે જુદાઇની ઘડી પારખી ગયાં હોય તેમ મોંમાંથી ખડનાં તરણાં મેલી દઇ હીરબાઇના હાથપગ ચાટવા લાગ્યાં.

“બાપુ, આ વોડકી વીંયાય ત્યારે મને બળી ખાવા બોલાવજો, હો! નીકર બોઘરું ભરીને ખીરું મોકલજો.”હીરબાઇએ પોતાની માનીતી ગાય સામે આંગળી ચીંધીને બાપને ભલામણ દીધી.

“અરે બેટા, બોલાવવાની વળી કોને ખબર છે? તારા ભેળી ગાડાને કાંઠે બાંધતી જ જા ને, બાઇ!” એમ કહીને બાપુએ વોડકી પણ પુત્રી ભેળી વળાવી.

આગળ દીકરીનું વેલડું, પડખે લાકડી લઇને ડગુમગુ વળાવવા જતો બુઢ્ઢો બાપ; અને પાછળ કરિયાવરનાં પચીસ ગાડાં; એવી આખી અસવારી ચાંપરડા ગામના દરબારગઢમાંથી અમૃત ચોઘડિયે ચાલતી થઇ. હીરબાઇ તો ચાંપરડાનો હીરો હતી, એટલે અરધું ગામ એને વળાવવા હલક્યું છે. એક બાજુ અઢાર વરસની યૌવનમસ્ત કાઠી કન્યા રેવાલ ચાલે ઘોડી ખેલવતા પોતાના કંથને નિહાળીને આવતી કાલથી મીઠો ઘરસંસાર માંડવાના મનોરથને હીંડોળે હીંચે છે... અને બીજી બાજુ બુઢ્ઢા, બોખા બાળક જેવા બાપને પોચો પોચો રોટલો ઘડી, એના ગરભને ઘીમાં ચોળી, તાણ કરી કરી કોણ ખવરાવશે એની ચિંતા જાણે કે એના મનોરથ-હીંડોળાને છેદી રહી છે.

દાદાને આંગણે આંબલો,

આંબલો ઘોર ગંભીર જો !

એક તે પાન દાદા તોડિયું,

દાદા, ગાળ નો દેજો જો !

અમે રે લીલા વનની ચરકલી,

ઊડી જાશું પરદેશ જો !

આજ રે દાદા કેરા દેશમાં,

કાલે જાશું પરદેશજો !

એમ કરતાં આખી અસવારી ચોરે પહોંચી, એટલે હીરબાઇનો કાકો અને તેના બે જુવાન દીકરા ચોરેથી હેઠા ઊતર્યા. હીરબાઇએ જાણ્યું કે મળવા આવે તો મળીને બાપુની ભરભલામણ પણ દઇ લઉં. એવી ઇચ્છાથી એણે જમણે પડખે વેલડીના માફાનો પડદો ઊંચો કર્યો. આંખો ભીની હતી છતાં ઓશિયાળું હાસ્ય આણીને એણે પોતાના કાકા-પિતરાઇ ભાઇઓનાં છેટેથી ઓવારણાં લીધાં.

“કાકા, મારા બાપને સાચવ—”

એટલું વેણ પૂરું નથી થયું તો બન્ને જુવાનો બોલ્યા, “ગાડાં પાછાં વાળો.”

“કાં, શીદ પાછાં વળાવો છો ?”બુઢ્ઢાએ પૂછ્યું.

“તું નિર્વંશ છો, ડોસા ! અમે કાંઇ નિર્વંશ નથી. અમે કંઇ મરી  નથી પરવાર્યા, તે આખો દરબારગઢ દીકરીના દાયજામાં ઠાલવીને પારકે પાદર મોકલી રિયો છો !”

“અરે ભાઇ, મારે એકનું એક પેટ, એને આજ નથી મા કે નથી ભાઇ, એને હું કરિયાવર પણ ન દઉં? અને હવે હું મૂએ મારો ગરાસ ને દરબારગઢ તો તમારા જ છે ને ?”

“તું તો ઘણુંયે લૂંટાવી દે! પણ અમે નાના ગીગલા નથી. પાછાં વાળો ગાડાં, નીકર કાંઇક સાંભળશો!”

હીરબાઇએ આ દેખાવ નજરો નજર દીઠો. બુઢ્ઢો બાપ બે હાથ જોડી કરગરે છે અને પિતરાઇઓ ડોળા ફાડી ડાંગો ઉગામે છે. દીકરીને રૂંવાડે રૂંવાડે ઝાળ લાગી ગઇ. માફાનો પડદો ઉછાળી ઘૂમટો તાણી ઠેકડો મારીને હીરબાઇ નીચે ઊતરી

અને બાપુનો હાથ ઝાલી કહ્યું: “બસ બાપુ, પતી ગયું, હાલો, પાછા વળો. ભાઇ ગાડાખેડુઓ, ગાડાં તમામ પાછાં વાળો. આજ શકન સારાં નથી.”

“પાછાં શીદ વળશે?” એવી હાક દેતો હીરબાઇનો વર ઘોડીને મોખરે હાંકી લાવ્યો; એનો પંજો એની તરવારની મૂઠ ઉપર પહોંચ્યો “કાઠી!” હીરબાઇએ ઘૂમટો અડો કરીને હાથ ઊંચો કર્યો. “કાઠી, આજ કજિયાનું વેળુ નથી: અને તું મૂંઝા મા. સૌ પાછા વળો.”

ગાડાં પાછાં વળ્યાં. હીરબાઇ અડવાણે પગે પાછી ઘેર આવી. ડેલીમાં આવીને જોયું તો બાપુ હજુ પાછળ દૂર ચાલ્યા આવે છે; ઘોડી પર બેઠેલ ધણી વિચારમાં પડી ગયો છે. એને જોઇને હીરબાઇ બોલી, “કાઠી, તારે હૈયે ધરપત રાખ: તને સંતાપવો નથી.”

એમ કહી પોતાના હેમે મઢ્યા ગળામાંથી ઝરમર કોટિયું, કાંઠલી, ચંદનહાર વગેરે દાગીના કાઢી ધણીને આપતાં આપતાં બોલી: " આ લે કાઠી, તું બીજું ઘર ગોતી લેજે–અને મારી વાટ્ય જોવી મેલી દેજે."

"કાં ?"

"કાં શું? હવે તો બાપને ઘેર દીકરો ન જન્મે ત્યાં સુધી મારે સંસાર વાસવો નથી. મારા બાપના ઘરમાં પીંગલે ભાઇ ન મળે, એટલે જ ભરી બજારમાં જીવતાર બગડે ને! હવે તો પારણામાં ભાઇને હીંચોળીને જ આવીશ. નીકર જીવતરભરના જુહાર સમજજે, કાઠી ને તું વાટ્ય જોઇશ માં. તને રાજીખુશીથી રજા છે "ઘર કરી લેજે. આલે, આ ખરચી." એટલું કહીને બાઇએ દાગીનાની અને રુપિયાની પોટલી પોતાના ધણીના હાથમાં દીધી. કરિયાવરનો સામાન પાછો ઠલવાઇ ગયો.

વળતા દિવસથી હીરબાઇએ બાપના ઘરમાં આખું ખાડું હતું તેમાંથી ડુંગરની ટૂંક તોડી નાખે એવી, દેવલના થંભ જેવા પગવાળી ત્રણ ત્રણ આંટાળાં શીંગે શોભતી, ફાંટફાંટ જેટલાં આઉવાળી સાત કૂંઢી ભેંસોને નોખી તારવી ગોવાળોને આજ્ઞા દીધી કે “ભાઇ આયડુ, આપણી સીમના ઊભા મોલમાં આ સાતેયને પહર ચારવા મંડો અને - મારો બાપ કરું ! - ડિલે ક્યાંય માખી નામ ન બેસવા દેજો; ”

ભરવાડો એ રીતે ભેંસોને સાચવવા મંડ્યા. ભેંસોના દૂધના ફગર ચડવા લાગ્યા. બબે જણ બદલાય ત્યારે દોવાઇ રહે એવાં તો આઉ ભરાતાં થયાં. એક ભેંસનું દૂધ બીજીને પવાય, બીજીનું ત્રીજીને, ત્રીજીનું ચોથીને... અને એ રીતે છેક છઠ્ઠીનું દૂધ સાતમીને પિવરાવવા લાગી. છેવટે સાતમીના દૂધમાં સાકર, કેસર ને એલચી–જાયફળ નાખી, અંદર સળી ઊભી રહે એવો કઢો કરી સગી જનેતા જેમ પેટના બાળકને પિવાડે તેમ દીકરી બાપુને પિવડાવવા લાગી. બાપને તો એક

હસવું ને બીજી હાણ જેવું થઇ પડ્યું છે. શરમિંદો બનીને પિતા કન્યાની સામે કાલાવાલા કરે છે કે, “ગગી બેટા, મને આ અવસ્થાએ કેસર ને આ કઢા તે કાંઇ શોભે? અને તું તારી આ ધારણા મેલી દે, બા! મા’મહિનાનું તો માવઠું કે’વાય.”

“કાંઇ બોલશો મા, બાપુ.” એટલું કહીને પુત્રી પિતાને દૂધના કઢા પાવા લાગી. દીકરી હતી તે માતા બની ગઇ.

એક મહિનો, બે મહિના ને ત્રણ મહિના—ત્યાં તો સાઠ વરસના ડોસાને જુવાનીના રંગ ફૂટવા લાગ્યા. કાયાનું અણુયે અણુ કિરણો કાઢતું થયું. ધોળા વાળને કાળપ ચડી. ઘોડે સવારી કરીને સવાર-સાંજ બાપ સીમાડાની બહાર દોડતાં હરણ સાથે હોડ કરવા લાગ્યો. અને મોં માગ્યાં મૂલ ચૂકવીને દીકરીએ બાપને કાઠીની એક જુવાન કન્યા વેરે પરણાવ્યો. એક વરસ અને એક દીકરો, બીજું વરસ, બીજો

દીકરો; અને હીરની દોરીએ હીંચોળતી બહેનને હાલરડાં ગાતી ભાયાતોએ સાંભળી. રાત ને દિવસ બહેન તો પોતાના ભાઇઓને નવરાવવા-ધોવરાવવામાં, ખવરાવવા-પિવરાવવામાં ને એનાં બાળોતિયાં સાફ કરવામાં તલ્લીન બની ગઇ છે. એમ કરતાં તો ત્રણ વરસની રૂંઝ્યો વળી ગઇ અને ચોથે વરસે સીમાડા ઉપર ખેપટ ઊડતી દેખાણી. જોતજોતામાં કોઇ રોઝી ઘોડીનો અસવાર ઝાંપામાં દાખલ થયો. ગામની પનિહારીઓ ઠાલાં બેડાં લઇને દરબારગઢમાં દોડી: “ બા, વધામણી ! ધાંધલ આવી પહોંચ્યા છે !”

આવીને કાઠીએ ઘરાણાં-રૂપિયાની પોટલી પડતી મેલી.

“બાપુ.” હીરબાઇએ બાપને કહ્યું: “હવે આ વખતે તો ગઢની ખીલી પણ નહિ રહેવા દઉં, તમે નવી વસાવી લેજો !” એમ બોલીને હીરબાઇએ ગાડાં ભર્યાં;

દરબારગઢમાં એક ખીંટી પણ ન રહેવા દીધી. ફરી વાર વેલડું જોડાણું:ગામ વળાવવા હલક્યું; ચોરો આવ્યો; માફાની ફડક ઊંચી થઇ; હીરબાઇએ ગલગોટાના ફૂલ જેવું ડોકું બહાર કાઢ્યું, અને ચોરે પ્રેત જેવા નિર્જીવ બની બેઠેલા ભાયાતોને પડકારી સંભળાવ્યું “આવો, કાકા અને ભાઇઓ! હવે ફરો આડા!”

“ના....રે, બેટા, અમે ક્યાં કહીએ છીએ?”

“શેના કહો ? પારણે એકને સાટે બે રમે છે. અને હવે તો ગાડાંની હેડ્યું ગણ્યા જ કરજો.

[આ ઘટના જૂનાગઢ નજીક ચાંપરડા ગામે બની છે. કાઠીનું નામ વાઘો વાળો અથવા ઊગો વાળો બોલાય છે. કોઇ વળી આ બનાવ આયરોમાં બન્યો હોવાનું કહે છે.]

## 21. શેત્રુંજીને કાંઠે

શેત્રુંજીના કાંઠા બારેય માસ લીલાછમ રહેતા. ગોઠણ ગોઠણ-વા ઊંચું ખેડવાનું ખડ આઠેય પહોર પવનમાં લહેરિયાં ખાતું, અને બેય કાંઠાની ભેંસો, ડુંગરાના ટૂકને તોડી નાખે તેવાં જાજરમાન માથાં હલાવી, પૂંછડાં ફંગોળી ફંગોળી ઊભે કાંઠે ચારો ચરતી, પાસેની ગીરમાંથી સાવઝની ડણકો સંભળાતી.

બેય કાંઠે પારેવાંના માળા જેવા આહીરોના બે નેસડા પડ્યા છે. સવાર-સાંજ ભેંસોના આંચળની શેડ્યોને ધમોડે અને છાશને વલોણે બેય નેસડા સીમ બધી ગજવી મેલે છે. અંદર સળી ઊભી રહી જાય એવાં ઘાટાં દૂધ દોણામાં સમાતાં નથી. વલોણાં ઘુમાવતી આહીરાણીઓ નોતરાં ઉપર આખા અંગને એવી તો

છટાથી નીંડોળે છે કે જાણે શરીરમાંથી રૂપની છોળો છલકાઇ ઊઠે છે. કાયાના સરોવર જાણે હેલે ચડે છે.

પહોર દિવસ ચડતાં બેય નેસડામાંથી ભેંસો ધોળીને બે છોકરાં નીકળે છે: એક છોકરો ને એક છોકરી : બેયની દસબાર વરસની અવસ્થા વહી જાય છે. છોકરાને ઉઘાડે માથે વેંત વેંતનાં ઓડિયાં ઓળેલા હોય છે. ને છોકરીનો મીંડલા લઇને વાળેલો મોટો અંબોડો ભાતીગળ લૂગડાની કૂચળીમાં ઢંકાયેલો હોય છે. બેયના હાથમાં લાકડી;બેય આંબલીની ઊંચી ઊંચી ડાળીથી પાકા પાકા કાતરા ગોતી કાઢી, લાકડીને ઘાએ મનધાર્યા નિશાન આંટીને પાડી નાખે, અને વહેંચી ખાય. વાંદરાં જેવાં રમતિયાળ બે છોકરાં ગોંદરાનાં ઝાડની ઘટામાં ઓળકોળાંબો રમે છે. પણ ઘણી વાર છોકરી એ છોકરાને ઝાલી લે છે. પણ ઘણી વાર તો છોકરો જાણીબૂઝીને જ પોતાને ઝાલવા દે છે. આણલદેને ઝાલવી તે કરતાં એના હાથે

ઝલાવું એમાં દેવરાને વધુ આનંદ પડતો. ઘણી વાર તો આ જાણીજોઇને ઝલાઇ જવાની દેવરાની દાનત દેખાઇ આવતી. આણલદે ખિજાઇને કહેતી કે “તો કાંઇ  નહિ, બાઇ ! આવી રમતમાં શી મઝા પડે ? સાચુકલો તો તું દોડતો નથી ને !”

“તો તો સવારથી સાંજ સુધીય તારે માથેથી દા નહિ ઊતરે. ખબર છે ?”

માંહી મોતી પડ્યું હોય તોય વીણી લેવાય, એવાં નિર્મળ શેતલનાં પાણી ખળખળ નાદે ચાલ્યાં જતાં, અને આણલદે ને દેવરો બન્ને ભેખડ ઉપર બેસીને પાણીમાં પગ બોળતાં. બેય જણાંની દસેય આંગળીએ માછલી ટોળે વળતી અને બેમાંથી કોના પગ ઊજળા તે વાતનો વાદ ચાલતો.

“આમ જો, દેવરા, મારા પગ ઊજળા.”

“એમાં શું? કોઢિયાંના પગ ઊજળા હોય છે. ઊજળાં એટલાં કોઢિયાં !”

“એમ તો આપણા ગામના ગધેડાંય ધોળા હોય છે !”

ઉનાળાના બપોર થતા ત્યારે આંબલી અને વડલાની છાંયડીમાં નદીની લહેરીઓથી દેવરાની આંખો મળી જતી, વાગોળતી ભેંસનાં શરીરનો તકિયો કરીને દેવરો પોઢી જતો અને આણલદે એકલી ઊભી ઊભી ડોબાંનું ધ્યાન રાખતી, કોઇ કોઇ વાર સમળીઓનાં પીંછાં લઇને દેવરાના ઓડિયાંમાં ઊભાં કરતી, કોઇ વાર દેવરાની પછેડીની ફાંટે બાંધેલ બાજરાનો લીલોછમ રોટલો માછલીઓને ખવરાવી દઇ, પછી ભૂખ્યા છોકરાને પોતાના હાથનો ઘડેલો રોટલો ખવરાવવા બેસતી. ખાતો ખાતો દેવરો બોલતો “અરેરે, આણલદે! મારી મા બિચારી ગલઢી થઇ ગઇ; એને હાથે હવે તાર જેવા રોટલા થાતા નથી.”

“તો હું તુંને દા’ડી રોટલા ઘડીને લાવી દઇશ.”

“કેટલા દી? જોજે હો, બોલ્યે પળીશ ને ? ખૂટલ નહિ થા ?

“હાં ! સમજી ગઇ ! તો તો આ લે !” એમ કહીને આણલદે અંગૂઠો બતાવતી.

સાંજે ખાડું ઘોળીને દેવરો પોતાને નેસડે જાતો ત્યારે જાણી-જોઇને એકાદ પાડરું હાંકવું ભૂલી જાતો. પાછળથી આણલદે પાડરું હાંકીને દેવરાને ઘેર જાતી અને હાકલ કરીને કહેતી કે “એલા દેવરા, રોજ પાડરું હાંકવું ભૂલી જાછ, તે ભાન ક્યાં બળ્યું છે ? આયરનો  છોકરો થઇને આવો ભૂલકણો કાં થિયો ?આ લે, હવે જો ભૂલીશ તો હું મારાં ડોબા ભેળું હાંકી જઇશ.”

દેવરાની રંડવાળ મા આ કુંજના બચ્ચા જેવી છોકરીને ટીકી ટીકીને જોઇ રહેતી અને એને ઊભી રાખીને ધોળા તલનું ગૂંજું ભરાવી કહેતી: “લે. માડી આણલદે, તું રોજ પાડરું મેલવા આવછ તેનું આ મહેનતાણું.”

તરત દેવરો બોલતો :”મા, દા’ડી દા’ડી તમે એને તલનાં ગૂંજાં કાં ભરાવો? ઇ તો હેવાઇ થઇ જાશે, હો ! પછી નત્ય ઊઠીને  ઉંબરા ટોચશે.”

ડોશી પાડોશીના ઘરમાં જઇને વગર બોલાવી, વગર સાંભળ્યે, વેવલી બનીને કહેતી :’જો તો ખરી, બાઇ ! કેવી જોડ્ય મળી જાય છે: આવી છોડી આંગણે આવે તો મારે ભવની ભૂખ ભાંગી જાય ને ?”

“પણ ડોશી ! તમે રાજા માણસ કાં થાવ ? ક્યાં હરસૂર આયરનું ખોરડું ને ક્યાં તમારો કૂબો !”

“ઠીક, માડી ! થિયું ત્યારે !” એમ બોલી ડોશી ડુંગર જેવડો નિસાસો મૂકતી.

આણલદેના અંગ ઉપર બાળપણ ઊતરીને હવે તો જોબનના રંગ ચડતા થયા છે. માથા ઉપરથી મોશલો ઊતરીને હવે તો ચૂંદડી ઓઢાઇ ગઇ છે. હવે આણલદે ભેંસો ચારવા આવતી બંધ થઇ છે. પણ સવાર-સાંજ માથે પીત્તળની હેલ્ય મેલી નદીએ પાણી ભરવા નીકળે છે: તે વખતે જ એકબીજાની સાથે ચાર આંખોના મેળાપ થાય છે, અને એમાંય તે, આંખો હજુ મળી  ન મળી હોય ત્યાં તો બેય જણાંની પાંપણો, કંજૂસ માણસના પટારાની જેવી તરત નીચી ઢળી પડે છે. બાળપણની એટલી છૂટી જીભ પણ જાણે આજ કોઇ અદીઠ કારણથી ઝલાઇ ગઇ છે ને મોંમાંથી વાચા ફૂટતી નથી. વીરડાને કાંઠે બેસીને પાણી ઉલેચતી પોતાની બાળપણની ભેરુડીની ચૂંદડીના છેડા નદીના વાયરની અંદર ફરકતા હોય અને એમ થાતાં માથાનો સવા ગજ ચોટલો બહાર ડોકિયાં કરી જાતો હોય તે જોવામાં

પણ એબ છે એવું માનનારો દેવરો આયાર, નીચે ઢળેલ પોપચે, ભેખડ ઉપર સૂનમૂન બેઠો રહેતો.

આણલદેનો બાપ માનશે, એ આશા હજુ દેવરે ખોઇ નથી. બરાબર એ જ વખતે હરસૂર આયરના ઘરમાં ધણી-ધણિયાણી વચ્ચે આવી વાતો ચાલી રહી છે. “ના, ના, મારી સાત ખોટ્યની એક જ દીકરીને એ ડોસલીનાં ગોલાપાં કરવા સારુ ઢોરની જેમ દોરી નથી દેવી. માવતરમાં ખાધાનું ને પહેર્યા ઓઢ્યાનું અઢળક સુખ લીધું, અને હવે એને રાંકના ઘરમાં જઇ થીગડાં પેરવાં, ખરું ને ?”

“અરે આયરાણી, બેય જણાંને નાનપણની પ્રીત્યું છે, અને શું દીકરીને એ દખી થવા દેશે ? વળી આપણને કરિયાવર કરવાની ક્યાં ત્રેવડ નથી ?’

“આપણે સોને મઢીએ તોય પીટ્યાં ઉતારી લેશે. એને બે તો છોડિયું છે. આંકેલ સાંઢ જેવી ઇ બેય નણંદું બાપડી દીકરાનાં ઘરાણાં- લૂગડાં પેરી ફાડશે. મારે ઇ નથી કરવું. હું તો અછોઅછો સાયબીમાં દીકરીને દેવાની છું. અને આપણે ક્યાં ચિંતા છે?” સો ઠેકાણેથી આયરો અવાયા પડે છે.”

“પણ છોડીનું મન.....”

“ઇ તો અણસમજુ કહેવાય. બે દી આંસુડાં પાડશે. પછી વૈભવ ભાળશે ત્યાં બધુંય વિસારે પડી જાશે.”

“ઠીક ત્યારે !” કહીને આણલદેનો બાપ ડેલીએ ચાલ્યો ગયો.

નેસને પાદર પરગામની બંદૂકો વછૂટી. ઢોલત્રાંસાં ધડૂક્યાં. શરણાઇઓના મીઠા સૂર મંડાણા. પરદેશી આયરની જાન વાજતે-ગાજતે સામૈયે ગામમાં ગઇ, અને તલવારધારી મોડબંધાએ પોતાના ગોઠણ સુધી ઢળકતા લાંબા હાથે સાસરાની ઊંચી ઊંચી ડેલીએ ઊભા રહીને તોરણનું પાંદડું તોડ્યું. વરરાજાનાં તો બબ્બે મોઢે વખાણ થવા લાગ્યાં, અને આયરોની દીકરીઓએ ઓરડે જઇને આણલદેને વાત કરી, “બેન, આવો આયર કોઇ દી ગામમાં પરણવા આવ્યો નો’તો. તું તો બહુ ભાગ્યશાળી !”

રાંદલમાના અખંડ બળતા બે દીએવલડાની સામે બેઠેલી ડિલ ભાંગી પડે એટલાં સોનાંરૂપાંમાં શોભતી આણલદેનાં બેય નેત્રોમાંથી ડળક ડળક આંસુડાં ચાલવા લાગ્યાં; દીવાની જ્યોત એ પાણીવાળી આંખોમાં ઝળહળી ઊઠી, અને રાંદલમાની મૂર્તિ સામે બે હાથ જોડીને મનમાં મનમાં આણલદે બોલી, “હે મા! તું

સૂરજદાદાની રાણી થઇને મારી ફજેતી થાવા દઇશ? તારા સતના દીવડા બળે છે, ને શું હું ગાય ખાટકીવાડે દોરાય તેમ દોરાઇ જઇશ?'

માંડવા નીચે ગામેગામના આયરો એકઠા મળ્યા છે. નિખારેલ પાણકોરાનાં નવાં લૂગડાં અને માથે પછેડીઓ પહેરી કૈંક જુવાનો કડિયાળી ડાંગ પછાડતા ટલ્લામારે છે. વરલાડડો ઢોલેરો દસેય આંગળીએ વેઢ પહેરીને બાજઠ ઉપર વીરભદ્ર જેવો શોભે છે. સહુ ફૂલગુલાબી થઇને ફરે છે. ફકત દેવરાના અંગ ઉપર જ ઊજળાં લૂગડાં નથી કે મોં ઉપર જરીકે તેજ. દેવરો ભાનભૂલ્યો થઇને ભમે છે. બારી ઉઘાડીને આણલદે પછીતે નજર કરે છે, ત્યાં દેવરાને નીચે ઢળેલ માથે ચાલ્યો જતો દેખે છે. આણલદે કહે છે કે --

આ ભાઠાળા ભમે, (ઇ) રૂપાળાસું રાચું નહિ,

(તું) ડોલરિયો થઇને, માણ ને માંડવ દેવરા ! [1]

“અરે દેવરા, આંહીં ભમનારા આયરો રૂપાળા છે, પણ એ નાદાનોનાં રૂપથી હું રાજી નથી. તું માંડવા નીચે શીદ નથી મહાલતો ?”

“આણલદે ! હવે તો ડોલરિયા થઇને ફરવાના દી વયા ગ્યા. હવે બળતાને શીદ બાળો છો, બાઇ! હવે તો ભૂલી જાવ ને અંજળ-દાણોપાણી લખ્યાં છે તેની સાથે ફેર ફરો, કંસાર જમો,સંસાર માંડો.”

“અરે દેવરા !”

મળિયા મૂઢ ઘણાય, મનસાગર મળિયા નહિ,

(તેની) તરસ્યું રહી તનમાંય, દલ અમારે દેવરો ! [2]

"ને તું મનેઆજ શે દાવે ઠપકો દઇ રિયો છો? બોલ્ય! બોલી નાખ! છે તારી હિંમત? છે છાતીમાં જોર? અબઘડી જ આ મીંઢળ તોડીને ચાલી નીકળું !"

દેવરાએ ડોકું ધુણાવ્યું.

"હાઉં ત્યારે. તું જ ઊઠીને મને દોરી દેછ ને !"

ટોળામાંથી તારવ્યે, ઢાંઢું દિયે ધોર,

(એમ) ચિત અમારું ચોર, દોરી દીધું દેવરે ! [3]

"દેવરા, ચોર જેમ પારકા પશુના ટોળામાંથી એક ઢોરને તારવી જઇને બરાડા  પાડતું કોઇક્ને સસ્તે ભાવે વેચી નાખે છે, તેમ તું પણ આજ મને

પશુતુલ્ય ગણીને પરાયાને હવાલે કરી રહ્યો છો; રડતી - કકળતીને દોરીને દઇ રહ્યો છો.”

વરઘોડિયાંને માયરે પધરાવ્યાં, ચોરીએ ચડી ચાર આંટા ફરવાનો સમય થયો પણ આણલદેની કાયા સ્થિર નથી રહેતી.

ફરતાં ચડે મું ફેર, મંગળ આંટા મન વન્યા,

(મારી) કેમ આંખ્યુંમાં અંધેર, ચિતડું ચગડોળે ચડ્યું.[4]

વરકન્યા કંસાર જમવા બેઠાં. પણ એ કંસાર તો કન્યાને મન વિષ જેવો છે:

ચોરી આંટા ચાર, (હું) ફડફડતે દલડે ફરી,

(પણ) કેમ જમું કંસાર, દ:ખ માને મું દેવરો [5]

‘શેત્રુંજી કાંઠે ઝાડવે ઝાડવાની ને જળની માછલીઓની સાખે મેં જેની સાથે એક ભાણે બેસીને રોટલા ઘડવાના મીઠા કોલ દીધા, એ પુરુષને ત્યજી હું આજ કોની સાથે કંસારના કોળિયા ભરવા બેઠી છું ? અરેરે, આયરાણીના બોલનું શું આટલું જ મૂલ!” વિચારી વિચારીને કન્યા ઝૂરે છે. કુળમરજાદનાં લંગર જેને પગે પડી ગયાં, તેનાથી નાસી છુટાતું નથી. જાન ઊઘલવાની વેળા થઇ છે. પાનેતરનો ઘૂમટો તાણીને ઓરડાની પાછલી પરસાળે થાંભલી ઝાલીને ઊભી છે. શું કરું? જીભ કરડીને મરું? કે છેડાછેડીની ગાંઠ છોડીને વનરાવનના મારગ લઉં? એવા મનસૂબા કરે છે ત્યાં દેવરો આવીને ઊભો રહ્યો.

“આણલદે! બાળપણનો ભેરુબંધ આજ છેલ્લી આશિષ દેવા આવ્યો છે.”

સિધાવો ભલે સજણાં, લિયો લાખેણા લાવ,

દેવરા કેરા દાવ, અમ કરમે અવળા પડ્યા. [6]

અંતર વલોવાઇ જતું હ્તું તેને દબાવીને દેવરો કોઇ પ્રેત હસે તેમ હસ્યો.

“હાં ! હાં ! દેવરા, જાળવી જા !”

દેવરા, દાંત મ કાઢ્ય, દોખી તારા દેખશે,

હસવું ને બીજી હાણ્ય, વાતું બેયની વંઠશે. [7]

“આણલદે! હવે વળી વાત વંઠીને શી થવાની હતી? હવે હતું એટલું તો બધુંય હારી ગયાં. મારાં નાનપણથી સાચવેલાં રતન આજ રોળાઇ ગયાં. હવે શેની બીક છે? સિધાવો, આણલદે ! અને હવે ભૂલી જજો.”

“થયું. હવે તો દેવરા !”

કોથળ કાંધ કરે વાલમ થાજે વૈદ,

આવજે તું આહીર, દેશ અમારે દેવરા.[8]

“કોઇ દિવસ મારી માંદગી તપાસવા વૈદને વેશે ઓસડિયાંની કોથળી ખંભે નાખીને અમરે દેશ આવજે, દેવરા !”

સામવિયું સગા, (કે’તો)પાલખિયું પુગાડિયે,

આવ્યે આષાઢા, ડમ્મર કરીને દેવરા [9]

“હે સ્વજન, તું કહે તો તને લેવા માટે હું સામી પાલખી પહોંચાડીશ. આષાઢીલા મેઘ સમ પિયુ, તારો મેઘાડમ્બર કરીને પ્રીતનાં નીર વરસાવવા આવજે !”

આણલદે વેલ્યમાં બેઠી પૈડાં સિંચાણાં; નાળિયેર વધેરાયાં અને  જોતજોતામાં તો વેલડું શેત્રુંજી-કાંઠાનાં ઝાડવાં વળોટી ગયું. ઘૂઘરમાળના રણકાર, આઘે આઘેના વગડામાં આણલદે રોતી હોય તેના રુદનસ્વર જેવા, પાદર ઊભેલો દેવરો સાંભળતો રહ્યો.

સાજણ હાલ્યાં સાસરે, આંસુડાં ઝેરી,

પાડોશી હાલ્યાં વોળામણે, માવતર થ્યાં વેરી.

માવતર થ્યાં વેરી તે કિયો,

સુખદુ:ખ મનમાં સમજી લિયો.

કે, તમાચી સુમરો ગિયાં સાજણને તજીએ શેરી,

સાજણ હાલ્યાં સાસરે, આંસુડાં ઝેરી.

નદીને તીરે ઝાડ ઊભાં છે. વેલ્યમાં બેઠેલી આણલદે એ ઘટામાં પણ પોતાના વાલમનાં સંભારણાં ભાળે છે. આહાહા ! આંહીં આવીને દેવરો રોજ દાતણ કરતો. હું એને તાજાં દોહીને ફીણાળાં દૂધ પાતી,

(આ) તરવેણીને તીર, (અમે) સાગવનેય સરજ્યાં નહિ,

(નીકર) આવતડો આહીર, દાતણ કરવા દેવરો.

“અરેરે !હું માનવીનો અવતાર પામી, તે કરતાં આ નદીને કાંઠે વનનું ઝાડવું સરજાઇ હોત તો કેવું સુખ થાત ! રોજ મારો પ્રીતમ દેવરો મારી ડાળખી તોડીને દાતણ કરત. હું મૂંગૂં મૂંગું ઝાડવું થઇને એનાં દરશન તો કરત !મારી ડાળીઓ ઝુલાવીને એને વીંઝણો તો ઢોળત ! મારી છાંયડી કરીને એનો તડકો તો ખાળત! પણ કર્મની કઠણાઇએ હું તો સ્ત્રીનો અવતાર પામી.”

બપોરના તડકા થયા. વૈશાખની લૂ વરસવા લાગી. જાનૈયા ભૂખ્યા થયા. નદીકાંઠો આવ્યો એટલે ટીમણ કરવા માટે ગાડાં છોડવામાં આવ્યા. સહુએ ખાધું. તે પછી નદીને વીરડે જાનડીઓએ વીરડો ઉલેચ્યો, પણ પાણી આછરે નહિ.

જાનડીઓએ અરસપરસ હોડ વદી, “એલી બાઇયું, જેને પોતાનો વર વા’લો હશે, એને હાથે પાણી આછરશે.”

રૂપાળાં છૂંદણાંવાળા હાથની સુંવાળી થપટો વીરડાંના ડોળાં પાણીને વાગવા લાગી, પણ પાણી તો એકેય આહીરાણીના અંતરની વહાલપની સાક્ષી પૂરતું નથી. થાકીને જાનડીઓ સામસામી તાળીઓ દેવા લાગી. ત્યાં બે-ચાર જણી બોલી “એલી એય, ઓલી વહુ લાડડીને ઉતારો વેલ્યમાંથી હાથ ઝાલીને હેઠી, જોઇએ તો ખરાં, ઇ નવી પરણીને આવે છે તે વર ઉપર કેવું હેત છે ?”

મનની વરાળને પાણી કરીને પાંપણે ટપકાવતી આણલદે વીરડાને કાંઠે આવી. આવીને મંત્ર બોલે તે રીતે મનમાં બોલી :

(આ) વેળુમાં વીરડો, ખૂંદ્યો ન ખમે વીર,

(પણ) આછાં આવજો નીર, જે દૃશ્ય ઊભો દેવરો.

“આ મારો વીર વીરડો, બીજી સ્ત્રીઓનાં ખૂંદણ ખમી શક્યો નહિ, એનાં પાણીને ચોખ્ખા કરવાનું કોઇથી ન બન્યું. અને હવે એને કેટલોક ખૂંદવો! હવે તો હે વિધાતા, જે દિશામાં મારો પ્રિયતમ દેવરો ઊભો હોય તે દિશામાંથી આછાં નીરની સરવાણીઓ ચાલી આવજો.”

આટલું કહીને જ્યાં આણલદેએ એક જ છાપવું ભરીને વીરડો ઉલેચ્યો, ત્યાં તો પોતાના પિયરની દિશામાંથી વીરડામાં આછી સેર્યો આવવા લાગી. દેવરાનો સંદેશો દેતી હોય તેમ સરવાણીઓ બડબડિયાં બોલાવી દેવરાના અંતર સરીખા ચોખ્ખા પરપોટા પાણી ઉપર ચડાવવા લાગી. ઘડીક વારમાં તો વીરડો જાણે મોતીએ ભર્યો હોય તેવી કાળી, વાદળી, લીલી, પીળી ને ધોળી કાંકરીઓ પાણીને

તળિયે ચળકી રહી. આખી જાને આછું પાણી પીધું. જાનડીઓમાં વાતો ચાલીકે ‘વાહ રે વહુઆરુનાં હેત ! ઢોલરો કેવો નસીબદાર!”

વરઘોડિયાંના સામૈયાં થાય છે. ઢોલરાનું કળશી કુટુંબ કુળવહુવારુનાં પગલાં થયા જાણીને કોડે ઊભરાય છે, પણ વહુને તો એ હેતપ્રીતમાં કયાંય જંપ નથી:

સામૈયાના સૂર, ફૂલ-દડો ફાવે નહિ,

દેવરો મારે દૂર, ઢોલરે મન ઢળે નહિ.

વરઘોડિયાંને ફૂલદડે રમાડો; ગલાલની કોથળીઓ ભરાવો: ઢોલરાને લગનનો પૂરેપૂરો લહાવો લેવરાવો: કોડભરી લાડકીને ઓછું ન આવવા દેજો: પણ-

મૂઠી ભરીને માર, ગલાલનો ગોઠે નહિ,

અંતરમાં અંગાર, દેવરા વણ દા યું પડે.

આણલદેનું શરીર ઢોલરાના હાથના ગલાલના માર શી રીતે ખમી શકે ! એને તો એ ગલાલની મૂઠીઓ સળગતા અંગારા સરખી લાગતી હતી. દેવરા વિના બીજાના હાથનો ગલાલ શે સહેવાય?

થંભ થડકે, મેડી હસે, ખેલણ લગ્ગી ખાટ,

સો સજણાં ભલે આવિયાં, જેની જોતાં વાટ.

એવા ઉછાળા મારતા અંતરે ઢોલરો અધરાતે દાયરામાંથી છૂટો પડીને પોતાના ઓરડા તરફ ચાલ્યો આવે છે. ચારેય ભીંતે ચોડેલ ચાકળા-ચંદરવાનાં આભલાં ઉપર દીવાનું તેજ ચળકારા કરતું હોવાથી ઓરડામાં કેમ જાણે નાનકડું

આભામંડળ ગોઠવાઇ ગયું હોય તેવું દેખાય છે. મારાં પગલાંના અવાજ ઉપર કાન માંડીને આયરાણી ક્યારની આતુર હૈયે ઓરડાને બારણે ટોડલા ઝાલીને ઊભી હશે, એવું ચિંતવતો ચિંતવતો ઢોલરો જ્યાં ઓશરીએ ચડે, ત્યાં તો ઊલટું પોતાની નવી વહુ મશ - ઢળેલા મોઢે ઓરડામાં બેઠેલી દેખીને એના ઉતાવળે ડગલાં દેતા પગ ઢીલા પડી ગયા. માતાએ ઉલતથી શણગારેલ ઓરડામાં આણલદેને શું કાંઇ ઊણપ લાગી હશે? હસીને સામાં દગલાં માંડવાને બદલે સૂનકાર હૈયે બેઠી કેમ રહી છે? માવતરની લાડકવાયી દીકરીને મહિયર સાંભરતું હશે? હું એને મનગમતો નહિ હોઉં? એવી ચિંતાએ ચડીને, સ્ત્રી જેમ પોતાના સ્વામીને મનાવવા કોમળ ઇલાજો કરે તેમ, પુરુષ પોતાની પરણેતરને રીઝવવા માટે મહેનત કરવા મંડ્યો:

“ચાલ આણલદે !તારો ચોટલો ગૂંથી દઉં. તારા માથામાં ફૂલેલ તેલનાં કચોળાં ઠલવું. ચાલ, મન ઉપરથી ભાર ઉતારી નાખ.” એમ કહીને ઢોલરો અડકવા આવ્યો, ત્યાંતો હરણી પારધીને દેખી ફાલ ભરે તે રીતે આયરાણી ખસીને આઘે જઇ બેઠી.

“કાં ?”

“કાં શું ?”

ચોટો ચાર જ હાથ, ગૂંથ્યો ગોરે માનસે,

(એના) ગુણની વાળેલ ગાંઠ, દોરો છોડે દેવરો.

"આયર, આ ચોટલામાં તો બીજા હાથનો દોરો ગૂંથાઇ ગયો અને ક્યારની એ ગાંઠ વળી ગઇ. હવે તું આઘેરો રે'જે, સંસારને સંબંધે હું તારી પરણેતર ઠરી છું ખરી, ને મરીશ ત્યાં સુધી તારા ઘરમાં રહી તારા ગોલાપાં કરીશ, પણ તારો ને મારો છેડોય અડવાના રામરામ જાણજે."

ઢોલરો સમજી ગયો, ઘૂંટડો ગળી ગયો, પણ માન્યું કે થોડી પંપાળીશ ત્યાં જૂની પ્રીત ભૂલીને નવા નેહ બાંધશે. એવું ચિંતવીને ફરી વાર ફોસલામણાં આદર્યાં, "આણલદે! મૂંઝા મા, ઉતાવળી થા મા. એમ કાંઇ આખો ભવ નીકળવાનો છે? આપણો તો આયર વરણ: જૂની વાતો ભૂલી જાવામાં આપણને એબ નથી. આવ, આપણે ચોપાટ રમીએ."

“ઢોલરા !તું જેવો ખાનદાન આયર આજ શીદ ચીંથરા ફાડી રહ્યો છે? તુંને ખબર નથી, આયર, પણ—

સાવ સોનાને સોગઠે, પરથમ રમિયલ પાટ,

(તે દી) હૈયું ને જમણો હાથ, દા’માં જીતેલ દેવરો.

“કાંઇ નહિ આણલદે, તારું ચિત્ત ચકડોળે ચડ્યું છે. આજની રાત તું નીંદર કરી જા. મનના ઉકળાટ હેઠા બેસી જશે. લે, તને ઢોલિયો ઢાળી દઉં. સુખેથી સૂઇ જા. બીશ મા, હું મરજાદ નહિ લોપું.”

એમ કહીને ઢોલરાએ  ઢોલિયો ઢાળીને તે પર મશરૂની તળાઇ બિછાવી. પણ આણલદેને તો એ ગોખરુની પથારી બરાબર છે:

કિમ સોઉં સજણા, મું સૂતેય સખ નહિ,

પાંપણનાં પરિયાણ, ભાળ્યાં પણ ભાંગે નહિ.

“મારે શી રીતે સૂવું? મારી બે પાંપણો નોખી પડી ગઇ છે, એ દેવરાનાં દર્શન કર્યાં વિના તો ભેળી જ થાય તેમ નથી. પોપચાં બિડાવાની જ ના પાડે છે. જે દી એને જોશું તે દી જ હવે તો જંપીને સૂશું, નીકાર જીવતર આખુંય જાગવાનું છે.” મનાવી મનાવીને ઢોલરાની જીભના કૂચા વળી ગયા, મનોરથ જેના મનનાં માતા નથી એવો ફાટતી જુવાનીવાળો આહીર આજ પરણ્યાની પહેલી રાતે પોતાની પરણેતરના આવા આચાર દેખીને અંતરમાં વલોવાઇ ગયો. એનાં રૂંવાડાં બેઠાં થઇ ગયાં. એના શરીરમાં થરેરાટી છૂટી અને હોઠ કંપવા લાગ્યાં. ધીરેધીરે ક્રોધ ઊપડવા લાગ્યો, આંખો તાંબાવરણી થઇ ગઇ.

'અરરર ! એક સ્ત્રીની જાત ઊઠીને આટલી હદ સુધી મને તરછોડે ? પરણ્યા પછી પારકા પુરુષનું નામ ન છોડે? એમ હતું તો મને પ્રથમથી કાં ન ચેતવ્યો? મારી ફજેતી શીદ બોલાવી? મને ટળવળતો કાં કરી મેલ્યો ? બળાત્કાર કરું? ચોટલે ઝાલીને બહાર કાઢું ? કે આંહીં કટકા કરું ?' થર! થર !થર !થર !આખું અંગ ધ્રૂજી ઊઠ્યું. ધગધગતા શબ્દો હોઠે આવીને પાછા વળી ગયા.

'ના, ના, જીતવા!' એમાં એનો શો ગુનો? જન્મનો જે સંગાથી હતો એના પરથી સ્ત્રીનું હેત શી રીતે ખસે? આખો ભવ બાળીને પણ આંહીં કુળમરજાદને કાજે મારાં વાસીદાં વાળવા જે તૈયાર થઇ રહી છે એ શું મારવા લાયક, કે પૂજવા લાયક ?હું ભૂલ્યો. મારા સ્વાર્થે મને ભાન ભુલાવ્યું. આવી જોગમાયાને મેં દૂભવી !'

અંતરમાં ઊછળેલું બધુંય વિષ પી જઇને ઢોલરો બહાર નીકળ્યો, ઓશરીમાં પથારી નાખીને ઊંઘી ગયો. આણલદેએ આખી રાતનું જાગરણ કર્યું.

ભળકડું થાતાં તો આણલદે ઘરના કામકાજમાં સહુની સાથે વળગી પડી. છાણના સૂંડા ભરીભરીને ભેળા કરવા માંડી, વાળવા લાગી અને તેવતેવડી નણંદોની સાથે છાશનું વલોણું ઘુમાવવા લાગી. સાસુજીએ ઊઠીને નવી વહુને ધૂળરાખમાં રોળાતી દેખી.

“અરે દીકરા, આવીને તરત તે કાંઇ વાસીદાં હોય? મેલી દે સાવરણી. હમણાં તો, બેટા, તારે ખાવાપીવાના ને હરવા ફરવાના દી કે’વાય.”

“ના, ફુઇ, મને કામ વગર ગોઠે નહિ. પાંચ દી વે’લું કે મોડું કરવું તો છે જ ને ?”

વહુના હાથ અડ્યા ત્યાં ત્યાં જાણે મોતીડાં વરસ્યાં, સાસુ ને નણંદો તો હોઠે આંગળાં મેલીને ટગર ટગર જોઇ જ રહી કે કેવી ચતુર વહુ આવી છે !

પણ વચ્ચે વચ્ચે વહુના હાથમાં સાવરણી ને નેતરાં થંભી જાય છે. વહુને કોઇ બોલાવે તો એ સાંભળતી નથી. આંખો જાણે ક્યાં ફાટી તહે છે. એ વાતનું ધ્યાન કોઇને નથી રહ્યું.

જમવાનું ટાણું થયું છે. સાસુએ હોંશેહોંશે જૂઇના ફૂલ જેવા ચોખા રાંધ્યા છે."વહુ, દીકરા, થાકી ગઇ હોઇશ, માટે બેસી જા ફળફળતા ચોખા ખાવા."

ચોખામાં તપેલી ભરીને ઘી રેડ્યું, દળેલી સાકાર છાંટી, પણ કોણ જમે ! વહુ તો બેઠી બેઠી લવે છે કે,

ઊનાં ફળફળતાંય, ભોજનિયાં ભાવે નહિ,

હેતુ હૈયામાંય, દાઝે સૂતલ દેવરો.

“અરેરે, ઊનાં ભોજન તો હું શી રીતે જમું? મારા અંતરમાં દેવરો સૂતો છે, તેની કોમળ કાયા એ ઊના કોળિયાથી દાઝી જાય તો?” એવી વહાલાની વિજોગણ એક બાજુથી ખાતીપીતી નથી, ને બીજી બાજુ કુળધર્મનું જતન કરવાનું ક્યાંય ચૂકતી નથી. પણ દિવસ પછી દિવસ વીતતા ગયા. અંતરના ઉત્પાત સંતાડવા આણલદે બહુ બહુ મથી, તોયે એનો ચિત્તભ્રમ ઉઘાડો પડવા લાગ્યો. મોતીની ઇંઢોણી ઉપર ત્રાંબાની હેલ્ય મેલી સૈયરોના સાથમાં પાદરને કૂવે પાણી ભરવા જાય છે. તોયે આણલદેની એક પણ હેલ્ય હજી ભરાતી નથી. પાણીમાં જાણે દેવરાનો પડછાયો પડ્યો હોય, એવી કલ્પના કરતી કરતી આણલદે ઊભી રહે છે.

સીંચણ હાથમાં થંભી રહે છે. એમ ને એમ દિવસ આથમે છે. કૂવામાં પડછાયો દેખાતો બંધ થાય છે, પારેવાં ઘુઘવાટા છોડીને માળામાં લપાય છે, વાદળાં વીખરાય છે, ને દિશાઓ ઉપર અંધારાના પડદા ઊતરે છે, ત્યારે આણલદે ઠાલે બેડે ઘેર આવે છે અને સાસુના ઠપકાને સાંભળીને  લવે છે :

સીંચણ ચાળીસ હાથ, પાણીમાં પૂગ્યું નહિ,

વાલ્યમની જોતાં વાટ, દી આથમાવ્યો દેવરા

“હે બાઇજી, સીંચણ તો ઘણુંય ચાળીસ હાથ લાંબું હતું, પણ પાણીને પહોંચ્યું જ નહિ. મારો દિવસ તો દેવરાની વાત જોવામાં જ આથમી ગયો.”

નિસાસા નાખીને સાસુ બોલ્યા કે “અરેરે ! આ હરાયું ઢોર આંહીં ક્યાંથી આવ્યું ? આનું તો ફટકી ગયું લાગે છે ! આ તો મારું કુળ બોળવાની થઇ !”

સાજણ ચાલ્યાં સાસરે, આડાં દઇને વન,

રાતે ન આવે નીંદરાં, દીનાં ન ભાવે અન્ન.

દીનાં ન ભાવે અન્ન તે કોને કહીએં?

વાલાં સજણાંને વેણે વળગ્યાં રહીએં.

સાંજનું ટાણું છે. દેવરો પોતાના ઘરની ઓશરીએ બેઠો છે. ડોશી આવીને પૂછે છે કે “ગગા, આજ તો તારા સારુ જારનો ખીચડો મેલું છું, ભાવશે ને ?”

”માડી, મને ભૂખ નથી લાગી.”

“ભૂખ કેમ ન લાગે, બેટા? ફડશ રોટલો લઇને સીમમાં ગ્યો’તો, એમાં શું પેટ ભરાઇ ગયું?”

“પણ, માડી, હમણાં મને પેટમાં ઠીક નથી રે’તું.”

“બાપુ ! ગઇ વાતને પછેં ભવ બધો સંભાર્યા જ કરાય? હવે તથ્યા મેલી દે ને એ વાતની !”

”ના, મા, એવું કાંઇ નથી.”એટલું બોલતાં દેવરાને ગળે ડૂમો ભરાઇ આવ્યો.

દેવરાની બે જુવાન બહેનો ઓશરીના ખરણિયામાં ખીચડો ખાંડતી હતી; તેમની આંખમાં પણ ભાઇનું ગળેલું શરીર જોઇ જોઇને ઝળઝળિયાં આવી ગયાં.

“ઠીક, માડી ખીચડો કરજો, સહુ ભેળાં બેસીને આજ તો ખાશું.”

“બસ, મારા બાપ !”

ડોશીને તો જાણે બારે મેઘ ખાંગા થઇ ગયા.

બરાબર એ ટાણે એક બાવો ને બાવણ એકતારો વગાડતાં ચાલ્યાં આવે છે, ને ભજનનાં વેણ સાંભળીને દેવરાના કાન ચમકે છે :

પે’લા પે’લા જુગમાં, રાણી, તું હતી પોપટીને

અમે રે પોપટ રાય, રાજા રામના.

ઓતરા તે ખંડમાં આંબલો પાક્યો ત્યારે,

સૂડલે મારી મને ચાંચ, રાણી પીંગલા !

ઇ રે પાપીડે મારા પ્રાણ જ હરિયા ને,

તોય નો હાલી તું મોરી સાથ, પીંગલા!

દનડા સંભારો ખમ્મા, પૂરવ જલમના સે'વાસના.

દેવરાને ભજન બહુ પ્યારું લાગ્યું, એણે બાવા-બાવણને બોલાવી પોતાની ઓશરીએ બેસાડ્યા, ભજન આગળ ચાલ્યું:

બીજા બીજા જુગમાં રે તું હતી મૃગલી ને,

અમે મૃગશેર રાય, રાજા રામના,

વનરા રે વનમાં સાંધ્યો પારાધીડે ફાંસલો ને,

પડતાં છાંડ્યા મેં મારા પ્રાણ, રાણી પીંગલા !

ઇ રે પાપીડે મારા પ્રાણ જ હરિયા ને,

તોય નો આવી તું મોરી પાસ, પીંગલા !

દનડા સંભારો ખમ્મા, પૂરવ જલમના સે'વાસના.

સાંભળી સાંભળીને દેવરાની છાતી વીંધાવા લાગી:

ત્રીજા ત્રીજા જુગમાં રે તું હતી રાણી, બામણી ને,

અમે હતા તપેસર રાય, રાજા રામના.

કંડળિક  વનમાં રે ફૂલ વીણવા ગ્યા’તાં મુને,

ડસિયલ કાળુડો નાગ, રાણી પીંગલા !

ઇ રે પાપીડે મારા પ્રાણ જ હરિયા ને,

તોય નો આવી તું મોરી પાસ, રાણી પીંગલા !

દનડા સંભારો ખમ્મા, પૂરવ જલમના સે’વાસના.

ચોથા ચોથા જુગમાં રે તું રાણી પીંગલા ને,

અમે ભરથરી રાય રે,

ચાર ચાર જુગનો ઘરવાસ હતો જી રે

તોય નો હાલી તું મોરી સાથ, રાણી પીંગલા !

આડોશીપાડોશી તમામ ભજન ઉપર થંભી ગયા છે. દેવરા જેવો વજની છાતીવાળો જુવાન પણ આંસુડાં વહાવી રહ્યો છે, ઘરમાં ઘરડી મા રડે છે. ઓશરીમાં જુવાન બે બહેનો રુએ છે. પાલવડે આંસુડાં લૂછતાં જાય છે, 'તોય નો આવી તું મોરી પાસ—' ના પડઘા ગાજી રહ્યા છે, તે વખતે વેલ્યની ઘૂઘરમાળ રણકી, અને ડેલીએ જાણે કોઇએ પૂછ્યું કે "દેવરા આયરનું ઘર આ કે ?"

પોતાનું નામ બોલાતાં તરત દેવરો ડેલીએ દોડ્યો અને કોઇ પરદેશી પરોણાને દેખીને, ઓળખાણ નહોતી છતાં, વહાલું સગું આવ્યું હોય તેવે અવાજે કહ્યું, "આવો, બા, આવો, આ ઘર રામધણીનું, ઊતરો."

ઠેકડો મારીને ગાડાખેડુ નીચે ઊતર્યો. બેય જણા ખભે હાથ દઇને ભેટ્યા. બળદનાં જોતર છોડી નાખ્યાં. મહાદેવના પોઠિયા જેવા રૂડા, ગરુડના ઇંડા જેવા ધોળા અને હરણ જેવા થનગનતા બે બળદોને અમુલખ ભરત ભરેલી ઝૂલ્યો ઉતારી લઇને દેવરે ગમાણમાં બાંધી દીધાં. નાગરવેલ જેવું અષાઢ મહિનાનું લીલું ઘાસ નીર્યું. ગળે ઘૂઘરમાળ બાંધેલી તે બજાવતા બેય બળદ ખડ બટકાવવા મંડ્યા. અને પછી હિંગળોકિયા માફાનો પડદો ઊંચો કરીને કંકુની ઢગલીઓ થાતી આવે તેવી પાનીઓવાળી એક જોબનવંતી સ્ત્રી નીચે ઊતરી. વેલ્યનો ગાડાખેડુ મોખરે ચાલ્યો, સ્ત્રીએ પાછળ પગલાં દીધાં. અજાણ્યો ગાડાખેડુ ઓશરીએ ચડ્યો અને ડોશીને ટૌકો કર્યો, “આઇ, આ અમારી બે’નને પોખી લ્યો.”

ચકિત થતાં ડોશી બહાર આવ્યા. આ બે'ન કોણ? પોંખણા શાનાં? આ ગાડાખેડુ ક્યાંનો ? કાંઇ સમજાતું નથી. ગાડાખેડુએ પોતાની સાથેની સ્ત્રીને કહ્યું:"બોન, બાપ, સાસુને પગે પડ."

યુવતીએ ડોશીના પગમાં માથું ઢાળી દીધું. વગર ઓળખ્યે ડોશીએ વારણાં લીધાં. દેવરાની બન્ને બહેનો મહેમાનને ઘરમાં લઇ ગઇ, અને દેવરો તો ઓશરીએ આવીને ઢોલરા સામે ચકળવકળ તાકી જ રહ્યો. "ઓળખાણ પડે છે ?"ઢોલરાએ પૂછ્યું.

"થોડી થોડી ! તાજા જ જોયા હોય એવી અણસાર છે."

"હું ઢોલરો, દેવરા! તારું હતું તેને ચોરી ગયેલો, તે આજ પાછું દેવા આવ્યો છું."

“શું, ભાઇ?”

‘તારું જીવતર, તારી પરણેતર.”

“મારી પરણેતર ? ”

“હા, બાપ, તારી પરણેતર. હૈયાના હેતથી તને વરેલી ઇ તારી પરણેતર, મેં ભૂલથી વેચાણ લીધેલી. વહેવારને હાટડે માનવી વેચાતાં મળે છે; પણ માનવીએ માનવીએ ફેર છે, એની મને જાણ નહોતી, દેવરા !”

“આયર ! ભાઇ !” એટલું જ બોલાયું. દેવરાની છાતી ફાટવા લાગી.

“દેવરા, જરાય અચકાઇશ મા, હું પરણ્યો ત્યારથી જ એ તો મા-જણી બોન રહી છે.” કપાળ ઉપર પરસેવાનાં ટીપાં બાઝ્યાં હતાં તેને લૂછતો લૂછતો દેવરો કંઇક

વિચારે ચડી ગયો. પછી મનમાં નક્કી કર્યું હોય એવા અવાજે  પોતાની માને સાદ પાડ્યો, “માડી! બેય બોનુંને પાનેતર પહેરાવો અને કટંબને બોલાવો; ઝટ કરો, સમો જાય છે.”

ઢોલરો ચેત્યો “અરે ભાઇ, આ તું શું કરછ? હું આટલા સારુ આવ્યો’તો?”

“ઢોલરા, તેં તો એવી કરી છે કે મારું ચામડું ઊતરડી તારી સગતળિયું નખાવું તોય તારો ગણ ન જાય ! અને તારા જેવા આયરને મારી બોનું ન દઉં તુ હું કોને દઇશ?”

“પણ, ભાઇ બે –”

“બોલ મા !”

દીકરિયું દેવાય, વઉવું દેવાય નહિ,
એક સાટે બે જાય, ઢાલ માગે તોય ઢોલરો

“ઢોલરા, ભાઇ, દીકરીઓ તો દેવાય, પણ પોતાની પરણેતરને પાછી આણીને સોંપી દેવી, એ તો  મોટા જોગીજતિથીયે નથી બન્યું. હું  બે આપું છું, તોપણ તારી ઢાલ(તારું લેણું) તો મારા ઉપર બાકી જ રહેલી જાણજે.”

ઘડિયાં લગન લેવાયાં. થડોથડ બે માંડવા નખાયા. એકમાં દેવરા અને આણલદેની જોડ બેઠી. બીજામાં ઢોલરો અને દેવરાની બે બહેનોની ત્રિપુટી બેઠી. જોડાજોડ વિવાહ થયા. અને પછી તો પાંચ છોકરાં ને છઠ્ઠી ડોશી  છયે માનવીની ચાતીઓમાં સુખ ક્યાંય સમાયાં નહિ, છલકાઇ ગયાં. સહુએ સાથે બેસીને જુવારનો ખીચડો ખાધો.

## 22. રા’ નવઘણ

“લે આયરાણી, તારી છાતીને માથે બે ધાવે છે એમાં આ ત્રીજાનો મારગ કર.” એમ બોલતો આલિદર ગામનો આહીર દેવાયત બોદડ પોતાને ઓરડે દાખલ થયો અને એક્કેક થાનોલે અક્કેક બાળકને ધવરાવતી બોદડની ઘરવાળીએ પોતાની છાતી ઉપર છેડો ઢાંક્યો. ધણીના હાથમાં પાંભરીએ વીંટેલ નવા બાળકને એ નીરખી રહી પોતાના હૈયા ઉપર પારકાને ધવરાવવાનું કહેતાં સાંભળીને એને અચંબો થયો.એણે પૂછ્યું, "કોણ આ ?”

આયર ઢૂંકડો આવ્યો. નાક ઉપર આંગળી મૂકીને કાનમાં કહ્યું, "મોદળનો રા’—જૂનાણાનો ધણી.”

“આંહીં ક્યાંથી ?”

"એ.... જૂનાગઢનો રાજપલટો થયો. ગુજરાતમાંથી સોળંકીનાં કટક ઊતર્યાં. ને તે દી સોળંકીની રાણિયું જાત્રાએ આવેલી તેને દાણ લીધા વિના રા'ડિયાસે દામેકુંડ ના'વા નો'તી દીધી ખરી ને, અપમાન કરીને પાછી કાઢી'તી ને. તેનું વેર આળ્યું આજ ગુજરાતના સોળંકીઓએ રાજા દુર્લભસેનના દળકટકે  વાણિયાના વેશ કાઢીને જાત્રાળુના સંઘ તરીકે ઉપરકોટ હાથ કરી લીધો. પછી રા'ને રસાલા સોતો જમવા નોતર્યો. હથિયાર-પડિયાર ડેલીએ મેલાવી દીધાં. પછે પંગતમાં જમવા બેસાડીને દગાથી કતલ કર્યો. વણથળી અને જૂનોગઢ, બેય જીતી લીધાં."

"આ ફૂલ ક્યાંથી બચી નીકળ્યું ?" દીકરા-દીકરીને ધૂંટડેધૂંટડા ભરાવતી આહીરાણી માતા પોતાને ખોળે આવનાર એ રાજબાળ ઉપર માયાભરી મીટ માંડી રહી.

“બીજી રાણિયું તો બળી મૂઇ, પણ આ સોમલદેને ખોળે રાજબાળ ધાવણો હતો ખરો ના, એટલે એને જીવતી બહાર સેરવી દીધી. મા તો રખડી રખડીને મરી ગઇ. પણ આ બેટડાને એક વડારણે આંહીં પહોંચતો કર્યો છે. આપણે આશરે ફગાવ્યો છે.”

“અહોહો! ત્યારે તો મા વિનાના બાળ ભૂખ્યોતરસ્યો હશે. ઝટ લાવો એને, આયર!” એમ કહીને આહીરાણીએ પોતાના ડાબા થાનેલા ઉપરથી દીકરીને વછોડી લીધી. બોલી, "બાપ જાહલ! મારગ કર, આ આપણા આશરા લેનાર સારું. તું હવે ઘણું ધાવી; ને તું તો દીકરીની જાત, પા’ણા ખાઇનેય મોટી થાઇશ; માટે હવે આ નમાયાને પીવા દેતારો ભાગ.”

એમ કહીને દેવાયતની ઘરવાળીએ જૂનાગઢના રાજફૂલના મોંમાંથી અંગૂઠો મૂકાવીને પોતાનું થાન દીધું. ભૂખ્યો રાજબાળ ઘટાક ઘૂંટડા ઉતારવા મંડ્યો. અમીના કુંભ જેવા આહીરાણીના થાનમાંથી ધારાઓ ઢળવા લાગી. અનાથને ઉછેરવાનો પોરસ એને દિલમાં જાગી ઊઠ્યો, પારકા પુત્રને દેખીને એને પાનો ચડ્યો. ધાવતો ધાવતો રાજબાળ અકળાઇ જાય એટલું બધું ધાવણ ઊભરાયું.

દેવાયત નિહાળી રહ્યો. બાઇએ કહ્યું, "તમતમારે હવે ઉચાટ કરશો મા. મારે તો એક થાનોલે આ વાહણ અને બીજે થાનોલે આ આશ્રિત. બેયને સગા દીકરાની જેમ સરખા ઉછેરીશ, જાહલ તો વાટ્યમાં પડી પડીય વધશે. એનો વાંધો નહિ."

“પણ તું હજી સમજતી નથી લાગતી.”

“કાં ?”

“વાંસે દા બળે છે, ખબર છે ને; સોળંકીઓએ જૂનાણા માથે થાણું બેસાર્યું છે. એનો થાણદાર બાતમી મેળવી રહ્યો છે. ડિયાસનું વંશબીજ આપણા ઘરમાં છે એવી જો જાણ થશે તો આપણું જડમૂળ કાઢશે.”

“ફકર નહિ, મોરલીધરનાં રખવાળાં. તમતમારે છાનામાના કામે લાગી જાવ. આશરો આપ્યા પછી બીજા વિચાર જ ન હોય. તમારી સોડ્ય સેવનારીના પેટનું પાણી નહિ મરે. ભલે સોળંકિયુનો થાણેદાર જીવતું ચામડું ઉતારતો.”

દેવાયત ડેલીએ ચાલ્યો ગયો અને આંહીં આહીરાણી માતા એના નવા બાળને અંગે અંગે હાથ ફેરવતી, મેલના ગોળા ઉતારતી ને પંપાળતી વહાલ કરવા લાગી.

“બાપા! તું તો આઇ ખોડિયારનો, ગલધરાવાળીનો દીધેલો. તારી વાત મેં સાંભળી છે. તું તો રા’ડિયાસના ગઢનું રતન: તારાં વાંઝિયાં માવતરને ઘરે નવ સરઠુંના રાજપાટ હતાં. છતાં, ચકલાંયે એના ઘરની ચણ્ય નો’તાં ચાખતાં. તારી માવડી અડવાણે પગે હાલીને અયાવેજ ગામે આઇ ખોડિયારને ઓરડે પહોંચી’તી. ત્યાં એને માતાએ તું ખોળાનો ખૂંદતલ દીધેલો. દેવીનાં વરદાનથી તારાં ઓધાન રિયાં’તાં. અને, તારી માને તો તું જરાપણમાં જડેલો, મા તારી માગતી’તી કે,

દેવી દેને દીકરો, (હું)ખાંતે ખેલાવું,
જોબન જાતે નો જડ્યો, (હવે) જરાપણે ઝુલાવું.

“ને તારાં તો ઓધાન પણ કેવાં દોયલાં હતાં !તું તો માનો દુશ્મન હતો, ડાયલા !” એમ કહીને આહીરાણીએ લાડથી બાળકની દાઢી ખેંચી. ધાવતો બાળક

ત્રાંસી  નજરે આ પડછંદ આહીરાણી માના મલકતા મોં સામે જોઇ રહ્યો. “તું તો માના ઓદરમાંથી નીકળતો'તો જ ક્યાં ! તુંને ખબર છે? તારી અપરમાયુંએ કામણ-ટ્રમણ કરાવેલાં. જતિએ મંત્રી દીધેલ અડદના પૂતળાને બહારનો વા લાગે તો તું બા'ર નીકળ ને ! પૂતળું ભોંમાં ભંડારેલ, ત્યાં સુધી તુંયે માના પેટમાં પુરાયેલ: પછી તો તારી જનેતાને આ કપટની જાણ થઇ. એણેય સામાં કપટ કર્યાં. ખોટેખોટો પડો વજડાવ્યો કે રાજમાતાને તો છૂટકો થઇ ગયો. હૈયાફૂટી અપરમાયું તો દોડી ગઇ પૂતળું તપાસવા. ભોંમાં ભંડારેલ માટલી ઉપાડીને જોયું ત્યાં તો, હે દોંગા ! એના મંતરજંતર બધા ધૂળ મળી ગયા ને તું સાચોસાચ અવતરે ચૂક્યો. સાંભળ્યું, મારા મોભી ?’

કોઇ ન સાંભળે તેવી રીતે ધીરી ધીરી વાત કહેતી ને કાલી કાલી બનતી માતાએ બાળકના ગાલ આમળ્યા. બાળકના પેટમાં ઠારક વળી કે તરત એના હાથપગ

ઉછાળા મારવા લાગ્યા. એણે પોતાની સામેના થાન પર ધીંગા આહીરપુત્ર વાહણને ધાવતો દીઠો. ઝોંટૈને સામે પડેલી ધાવવા સારુ પાછાં વલખાં મારતી આહીરની દીકરીને દીઠી. ત્રણેય છોકરાં એકબીજા સામે ટીકી રહ્યાં. ત્રણેય જણાં ઘૂઘવાટા કરવા લાગ્યાં.

પાંચેક વરાની અવધ વટી ગઇ હતી. વાહણ, નવઘણ અને જાહલ માનો ખોળો મૂકીને ફળીમાં રમતાં થયાં છે. ત્રણેય છોકરાં શેરીમાં અને આંગણામાં ધમાચકડી મચાવે છે. નવઘણનાં નૂરતેજ અજવાળિયાના ચાંદા જેવાં ચડી રહ્યાં છે. એમાં એક દિવસ સાંજે આલિદર ગામને સીમાડે ખેપટની ડમરી ચડી. દીવે વાટ્યો ચડી ત્યાં તો જૂનાગઢ-વણથળીથી સોલંકીઓનું દળકટક આલિદરને ઝાંપે દાખલ થયું. થાણેદારે ગામફરતી એવી ચોકીબેસાડી દીધી કે અંદરથી બહાર કોઇ ચકલુંય ફરકી ન શકે. ઉતારામાં એણે એક પછી એક આહીર કોમના પટેલિયાઓને

તેડાવી ઝરડકી દેવા માંડી, "બોલો, દેવાયત બોદડના ઘરમાં ડિયાસનો બાળ છે. એ વાત સાચી ?” તમામ આહીરોએ માથાં ધુણાવીને ના પાડી, "હોય તો રામ જાણે; અમને ખબર નથી.”

“બોલો, નીકર હું જીવતી ખોળ ઉતરડી દઇશ. હાથેપગે નાગફણિયું જડીશ.”

આહીરાણીનું ધાવણ ધાવેલા એકવચની મુછાળાઓમાં આ દમદાટીથી ફરક ન પડ્યો. પણ સોલંકીના થાણદારને કાને તો ઝેર ફૂંકાઇ ગયું હતું. લાલચનામાર્યા, કે અદાવતની દાઝે એક પંચોળી આહીરે ખુટામણ કર્યું હતું. થાણદારે દેવાયતને તેડાવ્યો. દેવાયતને ખબર પડી ગઇ હતી કે ઘર ફૂટી ગયું છે.એને સોલંકીએ પૂછ્યું, "આપા દેવાયત, તમારા ઘરમાં ડિયાસનો દીકરો ઊઝરે છે એ વાત સાચી ?”

રૂપેરી હોકાની ઘૂંટ લેતાં દોગું મોઢું કરીને દેવાયતે ઉત્તર દીધો, "સાચી વાત, બાપા ! સહુ જાણે છે. મલક છતરચો જ નવઘણ મારે ઘેર ઊઝરે છે."

આલિદર-બોડીદરના આહીર ડાયરાનાં મોઢાં ઉપર મશ ઢળી ગઇ. સહુને લાગ્યું કે દેવાયતના પેટમાં પાપ જાગ્યું. દેવાયત હમણાં જ નવઘણને દોરીને દઇ દેશે. “આપા દેવાયત !” થાણેદારે મે'ણું દીધું, "રાજાના શત્રુને દૂધ પાઓ છો કે ?રાજનું વેર શીદ વહોર્યું ?સોલંકીની બાદશાહી વિરુદ્ધ તમે પટેલે ઊઠીને કાવતરાં માંડ્યાં છે કે ?”

“કાવતરું હોત તો સાચું શા સારુ કહી દેત ?”

“ત્યારે ?”

"મારે તો રાજભક્તિ દેખાડવી હતી. ડિયાસનો દીકરો મારે ઘરે ઊઝરતો નથી. પણ કેદમાં રાખેલ છે. એ મોટો થાત એટલુ હું મારી જાણે જ દોરીને એની ગરદન સોળંકીયુંને સોંપી દેત. હું સોળંકીઓનો લૂણહરામી નથી."

આહીર ડાયરાને મનથી આજ ઉલ્કાપાત થઇ ગયો લાગ્યો. કંઇકને દેવાયતના દેહના કટકે કટકા કરવાનું મન થયું. પણ ચોગરદમ સોલંકીઓની સમશેરો વીંટાઇ વળી હતી. ત્યાંથી કોઇ ચસ દઇ શકે તેમ નહોતું.

"ત્યારે તો ઝાઝા રંગ તમને, આપા દેવાયત ! રાજ તમારી ભક્તિને ભૂલશે નહિ. નવઘણને તેડાવીને અમારે હવાલે કરો."

"ભલે બાપ ! અબઘડી ! લાવો દોતકલમ ! ઘર ઉપર કાગળ લખી દઉં."

દેવાયતે અક્ષરો પાડ્યા કે “આયરાણી, નવઘણને બનાવી ઠનાવી રાજની રીતે આંહીં આ આવેલા આદમી હારે રવાના કરજે.” વધુમાં ઉમેર્યું કે “રા’રખતી વાત કરજે.”

“રા’ રખતી વાત કરજે !” એવી સોરઠી ભાષાની સમસ્યામાં ગુજરાતના સોલંકીઓને ગમ પડી નહિ. સોલંકીના અસવારો હોંશે હોંશે પોતાના ધણીના બાળશત્રુનો કબજો કરવા દોડ્યા. જઇને આહીરાણીને આહીરનો સંદેશો દીધો. વહાણની મા બધું છલ વરતી ગઇ.

“હં - અં બાપુ !અમે તો ઇ જ વાટ જોઇને બેઠા’તાં; ઇ લાલચે તો છોકરાને ઉઝેર્યો છે. લ્યો, તૈયાર કરીને લાવું છું.”

એમ ડેલીએ કહેવરાવીને આહીરાણીએ અંદરના ઊંડા ઊંડા ઓરડામાં રમત રમતા વાહણને, નવઘણને ને જાહલને ત્રણેય બચ્ચાંને દીઠાં."વાહણ! દીકરા! ઊઠ્ય, આંહીં આવ ! તને તારો બાપ કચેરીમાં તેડાવે છે. લે, નવાં લૂગડાં-ઘરેણાં પહેરાવું:" એમ કહી સાદ દબાવી, આંખો લૂછી,એણે પેટના પુત્રનું શરીર શણગારવા માંડ્યું. ત્યાં બાકીનાં બન્ને છોકરાં દોડ્યાં આવ્યાં :"મા, મને નહિ? માડી, મને નહિ? મારેય જાવું છે ભાઇ ભેળું." એવું બોલતા નવઘણ ઓશિયાળો બનીને ઊભો રહ્યો. આજ એને પહેલી જ વાર દુ:ખ લાગ્યું. બાળહૈયાને ઓછું આવ્યું. આજ સુધી તો મા ડાબી ને જમણી બેય આંખો સરખી રાખતી હતી. અને આજ મને કાં તારવે છે? વાહણભાઇને હથિયાર-પડિયાર સજાવી માએ એના ગલે ચાર ચાર બચ્ચીઓ લઇ, ચોખા ચોડેલા ચાંદલા સોતો જ્યારે વળાવ્યો, ત્યારે નવઘણ ઓશિયાળે મોંએ ઊભો. “બેટા વાહણ !વે’લો આવજે“એટલું બોલી મા

ઓરડે થંભી રહી. એણે દીકરાને જીવતોજાગતો હત્યારાના હાથમાં દીધો. એના હૈયામાં હજારો ઘા સંભળાઇ, 'વાહણને છેતરીને વળાવ્યો; આશરાધર્મના પાલન સાટુ.'

“લ્યો, બાપા! આ ડિયાસ વંશનો છેલ્લો દીવો સંભાળી લ્યો !” એમ બોલીને દેવાયતે પોતાના ખોળામાં આળોટી પડનાર સગા પુત્રની ઓળખ આપી. એને એક કોરે આહીરાણી સાંભરતી હતી. બીજી બાજુએ દૂધમલ બેટડો હૈયે બાઝતો હતો.”આયરાણી! ઝાઝા રંગ છે તને, જનેતા! તેં તો ખોળિયાનો પ્રાણ કાઢી દીધો.’

આહીર ડાયરાએ છોકરાને ઓળખ્યો. દેવાયતના મોઢાની એકેય રેખા બદલાતી નથી, એ દેખીને આહીરોનાં હૈયાં ફાટુંફાટું  થઇ રહ્યાં. સોલંકીના થાણદારે છોકરાને ત્યાં ને ત્યાં વધેરી નાખ્યો. દેવાયતે સગી આંખો સામે દીકરાનો વધ દીઠો; પણ

એની મુખમુદ્રામાં કયાંયે ઝાંખપ ન દેખાઇ. ત્યાં તો ખૂટલ આહીરોએ સોલંકી થાનદારના કાન ફૂંક્યા કે :”તમે દેવાયતને હજુ ઓળખતા નથી. નક્કી એણે નવઘણને સંતાડ્યો છે.”

“ત્યારે આ હત્યા કોની થઇ ?”

“એના પોતાના છોકરાની.”

“જૂઠી વાત, દેવાયત તો હસતો ઊભો હતો.”

“દેવાયતને એવા  સાત દીકરા હોત તો એ સાતેયને પણ સગે હાથે એ રેંસી નાખે. પોતાના ધર્મને ખાતર દેવાયત લાગણી વિનાનો પથ્થર બની શકે.”

"ત્યારે હવે શી રીતે ખાતરી કરશો ?”

“બોલાવો દેવાયતની ધણિયાણીને, અને એના પગ નીચી આ કપાયેલા માથાની આંખો ચંપાવો. જો ખરેખર આ એના પેટનો જન્યો મર્યો હશે, તો એ માતાની આંખોમાં પાણી આવશે. પુત્રની આંખો ઉપર પગ મૂકતાં જનેતા ચીસ પાડશે.”

આહીરાણીને બોલાવવામાં આવી. એને કહેવામાં આવ્યું, "જો આ તારો બાળક ન હોય તો એની આંખો પર પગ મૂક.” દેવાયત જાણતો હતો કે આ કસોટી કેવી  કહેવાય. એના માથાપર તો સાતેય આકાશ જાણે તૂટી પડ્યાં.

પણ આહીરાણીના ઊંડા બળની દેવાયતને આજ સુધી ખબર નહોતી, એ ખબર આજે પડી; હસતે મોંએ આહીરણીએ વાહનની આંખો ચગદી. સૂબેદારને ખાતરી થઇ કે બસ છેલ્લો દુશ્મન ગયો. દેવાયતની પ્રતિષ્ઠા નવા રાજના વફાદાર પટેલ તરીકે સાતગણી ઊંચે ચડી.

પાંચ વરસનો નવઘણ જોતજોતામાં પંદર વરસની વયે પહોંચ્યો. એ રાજબાળનું ફાટફાટ થતું બળ તો ભોંયરામાંથી બહાર નીકળવા ચાહતું જ હતું, પણ દેવાયત એને નીકળવા કેમ દે ! એક વખત તો નવઘણ જબરદસ્તી કરીને ગાડા પર ચડી બેઠો. ખેતરમાં ગયો. દેવાયત ઘેર નહોતો. ખેતરે હતો. નવઘણને જોઇને  એને બહુ ફાળ પડી. પણ પછી તો ઇલાજ ન રહ્યો. સામે જ સાંતી ઊભું હતું ; નવઘણ ત્યાં પહોંચ્યો. સાંતી હાંકવા લાગ્યો. થોડે આઘે ચાલતા જ સાંતીના દંતાળની અંદર જમીનમાં કાંઇક ભરાયું. બળદ કેમેય કરતાં ચાલ્યા નહિ. નવઘણ માટી ઉખેળીને જુએ ત્યાં તો દંતાળની અંદર એક પિત્તળનું કડું ભરાઇ ગયેલું. ઊંચકાતં ઊંચકાતું નથી. જમીનમાં બહુ ઊંડું એ કડું કોઇ ચીજની સાથે ચોંટ્યું હોય એમ લાગ્યું.

અબુધ બાળકે દેવાયતને બોલાવીને બતાવ્યું. દેવાયત સમજી ગયો.તે વખતે તો સાંતી હાંકી બધાં ઘેર ગયાં, પણ રાતે ત્યાં આવીને દેવાયતે ખોદાવ્યું. અંદરથી સોનામહોર ભર્યા સાત ચરુ નીકળ્યા. દેવાયતે જાણ્યુંકે 'બસ! હવે આ બાળકનો સમો આવી પહોંચ્યો'

દેવાયતે દીકરી જાહલના વિવાહ આદર્યા. ગામેગામના આહીરોને કંકોતરી મોકલી કે 'જેટલા મરદ હો તેટલા આવી પહોંચજો, સાથે અક્કેક હથિયાર લેતા આવજો.'

પહાડ સમાં અડીખમ શરીરોવાળા, ગીરના સિંહોની સાથે જુદ્ધ ખેલનારા હજારો આહીરોની દેવાયતને આંગણે જમાવટ થઇ. સહુની પાસે ચકચકતાં ઢાલ, તરવાર, કટારી, ભાલાં એમ અક્કેક જોડચ હથિયાર રહી ગયાં છે. કાટેલી કે બૂઠી

તરવારના ઘાએ પણ સેંકડોને કાપી નાખે એવી એ લોઢાની ભોગળ સમી ભુજાઓ હતી. આખી નાત આલિદર-બોડીદરને પાદર ઠલવાઇ ગઇ. આપા દેવાયતની એકની એક દીકરીના વિવાહ હતા, આજે એ નાતના પટેલને ઘરાઅંગણે પહેલો જ અવસર હતો, એમ સમજીને મહેમાનોનાં જૂથ ઊતરી પડ્યાં. દેવાયતે તેડું મોકલેલું કે, "પાઘડીનો આંટો લઇ જાણનાર એકીક આયર આ સમો સાચવવા આવી પહોંચજો.'આહીરની આખી જાત હૂકળી.

દેવાયતે આખો ડાયરો ભરીને કહ્યું:"આ મારે પહેલવહેલો સમો છે. વળી હું સોલંકીરાજનો સ્વામીભક્ત છું. આજે મારે ઉંબરે સોરઠના રાજાનાં પગલાં કરાવવા છે. ભાઇઓ !એટલે આપણે સહુએ મળીને જૂનેગઢ તેડું કરવા જાવું છે."

ઘોડે સાંઢિયે રાંગ વળેને હજારો આહીરો ગિરનારને માથે ચાલી નીકળ્યા. આપા દેવાયતની ઘોડીને એક પડખે જુવાનજોધ નવઘણનો ઘોડલો પણ ચાલ્યો આવે છે. રસ્તામાં ગામેગામથી નવા નવા જુવાનો જોડાય છે. ગઢ જૂના લગી જાણ થઇ ગઇ કે દેવાયત એની દીકરીના વિવહ ઉપર સોલંકીઓને તેડું કરવા આવે છે. સોલંકીઓ પણ આ આહીર વર્ણનો વિવાહ માણવા તલપાપડ થઇ રહ્યા. સોલંકીઓનાં ઠાણમાં ઘોડાંએ ખૂંદણ મચાવી.

જૂનાગઢને સીમાડે જ્યારે અસવરો આવી પહોંચ્યા, ત્યારે મહારાજ મેર બેસતા હતા. ગામેગમની ઝાલરો સંભળાતી હતી. ગરવા ગિરનારની ટૂકેટૂકે દીવા તબકતા હતા.

દેવાયતનું વેણ ફરી વળ્યું "ભાઇઓ, ઘોડાં લાદ કરી લ્યે એટલી વાર સહુ હેઠા ઊતરો. સહુ પોતપોતાનાં ઘોડાં-સાંઢિયાના ઊગટા બરાબર ખેંચી વાળો. અને હૈયાની એક વાત કહેવી છે તેને કાન દઇને સાંભળી લ્યો."

સોય પડે તોય સંભળાય એવી મૂંગપ ધરીને આહીર ડાયરો ઠાંસોઠાંસ બેસી ગયો. પછી દેવાયતે પોતાની પડખે બેઠેલા દીકરા નવઘણને માથી હાથ મેલીને પૂછ્યું "આને તમે ઓળખો છો?" સહુ ચૂપ રહ્યા.

"આ પંડે જ ડિયાસનો દીકરો નવઘણ. તે દી એને સાટે કપાયો એ તો હતો નકલી નવઘણ; મારો વાહણ હતો એ. એ જોઇ લ્યો સહુ. આ જૂનાણાના ધણીને."

ડાયરો ગરવા ગિરનારના પાણકા જેવો જ થીજી ગયો હતો.

દેવાયતે કહ્યું, "આહીર ભાઇઓ ! આજ આપને સોળંકી રાજને વિવાનું તેડું કરવા નથી જતા, પણ તેગની ધાર ઉપર કાલને નોતરું દેવા જઇએ છીએ. પાછા આવશું કે નહિ તેની ખાતરી નથી. દીકરી જાહલનો વિવાહ કરવા હું આજ બેઠો છું એ તો એક અવસર છે. જાહલને હું અટાણે એવી કઇ ઠારકે પરણાવું ?આની મા - મારી ધર્મની મનેલી બોન - મને રોજ સોણે આવીને પૂછે છે કે હવે કેટલી વાર છે ?'

દેવાયતે નવઘણની પીઠ ઉપર હાથ થાબડ્યો, "જુવાન! તું મોદળનો ધણી છો. આજ તારે હાથે રાજપલટો કરાવવો છે. ઉપરકોટના દરબારમાં એક કાળજૂનું નગારું પડ્યું છે. જ્યારે જયારે ગરવા ગિરનારની ગાદી પલટી છે ત્યારે ત્યારે એ નગારાના નાદ થયા છે. કૈંક જુગનું એ પડ્યું છે. સોળ વરસથી એ અબોલ બેઠું

છે. આજ તારી ભુજાઓથી એને દાંડીના ઘાવ દેજે. એકો એક આયર બચ્યો તારી ભેરે છે."

નવઘણનાં નેત્રો એ અંધારામાં ઝળેળી રહ્યાં. આજ એણે પહેલી પ્રથમ પૂરી વાત જાણી. જુવાનના રોમેરોમમાંથી દૈવતની ધારાઓ ફૂટવા લાગી. એણે પોતાની તેગ ઉપર હાથ મૂક્યો. વહાલો ભાઇ વાહણ તે દિવસે પોતાને સાટે કપાયો હતો. તેનું વેર રાતનાં અંધારામાંથી જાણે પોકારી ઊઠ્યું.

"ત્યારે શું / જે મોરલીધર !" દેવાયતે સવાલ પૂછ્યો.

"જે મોરલીધર !"ડાયરાએ બોલ ઝીલ્યો. કટક ઊપડ્યું. દેવાયતે ઘોડી તારવીને નવઘણનો ઘોડો આગલ કરાવ્યો. પોતે પછવાડે હાંકતો હાલ્યો.

ગીરકાંઠાનો આહીર ડાયરો આજે તેડે આવે છે, ઉપરકોટના દરવાજા ઉઘાડા ફટાક મેલાયા. સોલંકીઓના મોવડીઓ ગીરના રાજભક્ત સાવજોને ઝાઝાં આદરમાન દેવા સારુ ખડા હતા. હજાર આહીરો ઉપરકોટમાં ઉકળી રહ્યા, અને મોટા કોઇ અગ્નિકુંડ જેવડું નગારું સહુની નજરે પડ્યું.

”આપા ! આવડું મોટું આ શું છે ?”નવઘણે શીખવ્યા મુજબ સવાલ કર્યો.

“બાપ ! ઇ રાજનગરું. ઇ વાગે ત્યારે રાજપલટો થાય.”

“એમ ? તંઇ તો ઠીક !” કહી નવઘણ ઠેકી પડ્યો. દાંડી ઉપાડીને મંડ્યો ધડૂસવા: રદીબામ !રડીબામ !રડીબામ ! ઉપરકોટના ગુંબજો ગાજ્ય. ગરવો ધણધણી ઊઠ્યો. અડીકડી વાવમાંથી સામા અવાજ ઊઠ્યા, દીવાલે દીવાલ બોલી કે ‘આવ્યો ! આવ્યો ! કાળદૂત આવી પહોંચ્યો !” અને પછી દેકારો બોલ્યો. હજાર

આહીરોની દૂધમલ ભુજાઓ તેગભાલે તૂટી પડી. અંધારી રાતે ઉપરકોટમાં સોલંકીઓના લોહીની નદીમાં પાશેર પાશેરનો પા'ણો તણાયો.

પ્રભાતને પહોર નવઘણને કપાળે રાજતિલક ચોડાયું. આહીરોનાં થાણાં ઠેરઠેર બેસી ગયાં. “હાં ! હવે મારી જાહલ દીકરીનો વિવાહ રૂડો લાગશે. મારી જાહલના કન્યાદાનમાં હવે મને સ્વાદ આવશે. દીકરીનો પસલિયાત વીર વઢાણો ને એમાં દીકરી ક્યે સુખે સંસાર માંડા !બાપ, સોરઠના ધણી ! હવે તો બોનના હાથે તિલક લેવા આલિંદર પધારો.”

જાહલબહેન સંસતિયા નામના જુવાન આહીરની સાથે ચાર ફેરા ફરી. લીલુડે માંડવે સોરઠનો ધણી ઊઠીને લગન માણવા બેઠો. જાહલે ભાઇને ટિલાવ્યો. ભાઇએ હાથ લાંબો કર્યો: “બે'ન ! કાપડાની કોર આપવી છે.”

જાહલ બોલી, “આજ નહિ, વીરા મારા ! ટાણું આવ્યે માગીશ. તારું કાપડું આજ કાંઇ હોય ! તારા કાપડાનું શું એવડું જ માત્યમ છે મારે?” નવઘણ સમજી ગયો. બહેનનં વારણાં પામીને એ જૂનાગઢ ગયો. જોતજોતામાં સોરઠ કડે કરી.

દસ-બાર વરસનો ગાળો નીકળી ગયો છે. દેવાયત બોદડ અને આહીરાણીના દેહ પડી ગયા છે. દીકરી જાહલ અને જમાઇ સંસતિયો  પોતાનો માલ ઘોળીને પરમુલકમાં ઊતરી ગયાં છે. સોરઠમાં એવો દુકાળ ફાટ્યો છે કે ગાયો મકોડા ચરે છે. ગામડાં ઉજ્જડ પડ્યાં છે. માલધારીઓનાં મવાડાં, કોઇ માળવે, કોઇ સિંધમાં ને કોઇ ગુજરતમાં નોખનોખાં વાંઢ્યો લઇ લઇ દુકાલ વરતવા નીકળી પડ્યાં છે.

નવઘણની તો હવે પચીસી બેથી હતી. ભુજાઓ ફાટફાટ થતી હતી. ધીંગાણાં વિના ધરાઇને ધાન ખાવું ભાવતું નહોતું. સોરઠની ભૂમિમાંથી શત્રુઓને એણે

વીણીવીણીને કાઢ્યા છે. ગરવાનો ધણી નવા નવા રણસંગ્રામ ગોતે છે, ભાલાં ભેડવવા આવનાર નવા શત્રુઓની વાટ જુએ છે. ગીરની ઘટાટોપ ઝાડીઓમાં ઘોડલાં ઝીંકી ઝીંકી સાવજના શિકાર ખેલે છે. કરાડો, પહાડો ને ભેખડોનું જીવતર એના જીવને પ્યારું થઇ પડ્યું છે. હિરણ્ય અને રાવલ નદીના કાંઠા નવઘણના ઘોડાના ડાબલા હેઠળ ખૂંદાય છે. નાંદીવેલા અને વાંસાઢોળની ડુંગરમાળ નવઘણનાં પગલાંને 'ખમા ! ખમા ! કરતી ધણેણી હાલે છે. સાવજ-દીપડાની ડણકો, ડુંગરાની ટૂકેટૂક ઉપર ઠેકાઠેક, અને ઘુઘવાટા સંભળાવીને પોતાની ભેખડો ઉપર રા'ને પોઢાડતી નદીઓના પથ્થર-ઓશીકાં; એ બધાં જુવાન નવઘણના જોબનને લાડ લડાવી રહેલ છે. એવા સમયમાં એક દિવસ એક ચીંથરેહાલ આદમી ઉપરકોટને દરવાજે આંટા દેવા લાગ્યો. એને અંદર દાખલ થવું હતું. પહેરેગીરે તેને અટકાવ્યો, "શું કામ છે?”

“મારે રા’ને રૂબરૂ મળવું છે ?”

“રા’ને પંડ્યને? રૂબરૂ મળવું છે? તારે ભિખારડાને? “સહુ ખિખિયાટા કરવા લાગ્યા.

“મારે રા’ને સંદેશો દેવો છે. ઢીલ કરવા જેવું નથી. રા’ને ઝટ ખબર આપો.”

માણસોએ એને કાલો ગણીને કાઢી મૂક્યો . પણ એ આદમી ખસ્યો નહિ; એને એક તરકીબ હાથ લાગી. દોડ્યો ગયો ગિરનારના શેષાવનમાં. બળબળતા કાળની વચ્ચે પણ જે ઝરણાને કાંઠે થોડાં થોડાં લીલાં ખડ ઊગેલાં, ત્યાં જૈઇ પહોંચ્યો. ભારી બાંધીને ઉપરકોટને દરવાજે ઊભો રહ્યો.

નવઘણના ઘોડાના ઠાણિયાઓ દોડ્યા :”એલા, એ ભારી મને વેચાતી દે! મને દે ! મને દે ! એવા પોકાર પડ્યા. સહુને રા’ના નોખા નોખા ઘોડાની માવજત સારી

કરી દેખાડવી હતી. એવા કાળમાં પોતપોતાના ઘોડાને લીલવણી ઘાસ નીરવાની હોંશ કોને ન હોય ?

પણ ભારી લાવનારને જાણ થઇ ચૂકી હતી કે સહુ ઘોડામાંથી ઝપડો ઘોડો નવઘણનો માનીતો હતો. સાત–સાત દિવસે રા' ઝપડાનું ઠાણ તપાસવા આવતો. ત્યાં મારે ભેટો થશે એમ સમજીને એ ભિખારી ત્યાં જ ભારીઓ લાવતો હતો. ઝપડા ઘોડાને ખીલે એ સાતમા દિવસે સવારે વાટ જોતો ઊભો રહ્યો.

જુવાન નવઘણ જેવો ઝપડા ઘોડાની પાસે આવ્યો તેવો જ આ અજાણ્યો આદમી સામો જઇ ઊભો રહ્યો.'રામરામ' કર્યા. નવઘણે મીટ માંડી. અણસાર એવી લાગી કે જાણે આને ક્યાંક એક વાર દીઠેલ છે. “રામરામ, ભાઇ! કોણ છો? ક્યાંથી આવ્યા છો?”

આદમીએ કાંઇઅ જ બોલ્યા વિના  પોતાના માથાબંધણાના લીરામાં અમોલખ રત્નની માફક જતનથી બાંધેલ એક કાગળનો કટકો કાઢી રા'ના હાથમાં આપ્યો. મેલાઘેલા રેળાઇ ગયેલ અક્ષરોને રા' ઉકેલવા લાગ્યો. કાગળના લખાણ ઉપર આંસુના છાંટા છંટવાઇ ગયા હતા. રા'ની આંખો ચમકી ઊઠી. એના હોઠ વાંચવ લાગ્યા. પહેલો સોરઠો વાંચ્યો :

માંડવ અમારે માલતો, (તે દી) બંધવ, દીધેલ બોલ,
(આજ) કર કાપડની કોર, જાહલને જૂનાણા ધણી !

[હે બાંધવ, તે દિવસે મારા લગ્નમંડપ નીચે તું મહાલતો હતો તે વેળા તે મને કાપડું માગવા કહેલું, મેં કહેલું કે ટાણું આવ્યે માગીશ. હે જૂનાગઢના ધણી, હવે આ બહેન જાહલને કાપડું કરવા આવી પહોંચજે.]

“બોન જાહલનો કાગળ ?” નવઘણે જુવાનની સામે જોયું, “કોણ, સંસતિયો તો નહિ !”

જુવાનની આંખોમાં ઝળઝળિયાં હતાં. એ અબોલ ઊભો રહ્યો.

“તારી આ દશા, ભાઇ  !” કહીને નવઘણ સંસતિયાને ભેટી પડ્યો.

”આ શું છે ? તું કેમ કાંઇ કહેતો નથી ?’

“કાગળ જ બધું કહેશે.”

નવઘણે આગળ વાંચ્યું, સોરઠિયાણી બહેને સોરઠા લખીને મોકલ્યા હતા, એક પછી એક કેવા કારમા ઘા કર્યા છે બહેને;

નવઘણ, તમણે નેહ, (અમે) થાનોરવ ઠરિયાં નહિ,
(કાંઉ) બાલક બાળ્યપ લ્યે, અણધાવ્યાં ઊઝર્યાં અમે .

[હે વીરા નવઘણ, તારા ઉપરના સ્નેહને લીધે તો હું માતાના થાનોલા (સ્તન) ઉપર ટકી નહોતી. તને ઉછેરવા સારુ તો માએ મને ઝોંટીને આઘી ફગાવેલી. એમ હું ચો ધાવ્યા વિના ઉછરી. એમાં મારું બાળપણ શી રીતે બલવંત બને ? હું આજ ઓશિયાળી બેઠી છું.]

નવઘણને બાળપણ સાંભર્યું. “અને, હે બાઇ !

તું આડો મેં આપિયો, વાહનમાયલો વીર,
સમજ્યો માંય શરીર, નવઘણ નવસોરઠધણી !

[તારી આડે—તારી રક્ષા ખાતર—તો મેં મારા માડીજાયા ભાઇ વાહણની હત્યા કરાવી હતી. હે નવ સોરઠના ધણી નવઘણ, તારા અંગમાં આ વાત તું બરોબર સમજજે!]

પણ શું બન્યું છે ? બે'નડી ઉપર શી વિપત પડી છે? બહેન આજ આવાં આકરાં સંભારણાં કાં આગળ ધરી રહી છે ? પછીનો સોરઠો વાંચ્યો:

તું નો'તે જે નુઇ, તે તું હુતે હુઇ !
વીર, વમાસી જોય, નવઘણ નવસોરઠધણી !

[હે વીરા !તું વિચાર કર કે તારા જેવો ભડ ભાઇ જીવતાં છતાં આ બધું આજ મારી ઉપર વીતી રહ્યું છે કે જે તું નહોતો ત્યારે કદી જ નહોતું ભોગવવું પડ્યું. વિધાતાના કેવા વાંકા લેખ !]

“હે ભાઇ !

કૂવે કાદવ આવિયા, નદીએ ખૂટ્યાં નીર,
સોરઠ સડતાળો પડ્યો, વરતવા આવ્યા, વીર !

[સોરઠ દેશમાં સુડતાળો કાળ પડ્યો. નદીમાં ને કૂવામાં નીર ખૂટી ગયાં. અમારાં ઢોરને કોઇ આધાર ન રહ્યો, એટલે અમારે ભેંસો હાંકીને પેટગુજારા સારુ છેક આંહીં સિંધમાં આવવું પડ્યું.]

“આંહીં અમારા શા હાલ થયા છે ?”

કાબલિયા નજરું કરે, મુંગલ ને મિયાં,
અહરાણ ઉર પિયાં, નવઘણ નીકળાયે નહિ.

[મારા ઉપર આજે કાબુલી, મોગલો અને મુસલમન મિયાંઓની મેલી નજર પડી છે. એ લોકોની ચોકી મારા ઉપર મુકાઇ ગઇ છે. આજ આ અસુરો મારા ઉર (છાતી) ઉપર પડ્યા છે. મારાથી બહાર નીકળાય તેમ નથી રહ્યું. કારણ કે,]

નહિ મોસાળે માવલો, નહિ માડીજાયો વીર,
સંધમાં રોકી સુમરે, હાલવા નો દે હમીર.

[મને સિંધના મુશલમાન રાજા હમીર સુમરાએ આંહીં રોકી રાખી છે. હાલવા નથી દેતો. એની દનત કૂડી છે. ને હું આજ અસહાય છું, કેમકે મારે નથી મોસાળમાં વહાલો (મામો) કે નથી મારે માનો જણ્યો ભાઇ. એટલે જ મારી આ ગતિ ને !]

નવઘણ વાંચી રહ્યો. ડળક ડળક એનાં નેત્રોમાંથી આંસુ દડવા લાગ્યાં. બહેનને મારી પાંતીનું આટલું બધ્યું ઓછું આવ્યું ! કેમ ન આવે ! આજ બહેનને દેહની કેવી વલે થઇ હશે !

નવઘણે સંસતિયાને એકાંતમાં લઇ જઇને આખી વાત પૂછી. સંસતિયએ માંડીને અથ-ઇતિ કહી: “માલ લઇને અમે જંગલોમાં નદીકાંઠે નેસ નાખીને પડ્યાં હતાં. અમે સહુ ચારવા નીકળેલા. વાંસેથી જાહલ તળાવકાંઠે નહાતી હતી. શિકારે નીકળેલા હમીર સૂમરાએ જાહલનાં રૂપ નીરખ્યાં. હેમની પાટ્ય સરીખા સોરઠિયાણીના વાંસા ઉપર વાસુકિ નાગ પડ્યો હોય તેવો સવા વંભનો ચોટલો દીઠો. આહીરાણીનાં ગોરાં ગોરાં રૂપ દીઠાં; પહાડપુત્રીની ઘાટીલી કાયા દીઠી; સૂમરો ગાંડોતૂર બની ગયો. જોરાવરીથી વિવાહ કરવા આવ્યો. એની પાસે અપરંપાર  ફોજ હતી, અમે સહુ સૂનમૂન થઇ ગયાં પણ જાહલે જુક્તિ વાપરી,

'મારે છ મહિનાનું શિયળવ્રત છે. માતાની માનતા છે. પછી ખુસીથી સૂમરા રાજાનું પટરાણીપદ સ્વીકારીશ.' એવું કહી ફોસલાવી છ માસની મહેતલ મેળવી. આ કાગળ લૈ અહીં મને મોકલ્યો છે. હું છાનોમાનો નીકળી આવ્યો છું. અવધ હવે ઓછી રહી છે. છ મહિના પૂરા થયે તો જાહલ જીભ કરડીને મરશે, પાપીને હાથ નહિ પડે.”

વીરો નવઘણ બહેનઈ વહરે ચડ્યો. મોદળના ધણીએ નવ લાખની  સેનાને સિંધ પર ચલાવી.

[1] નવલાખ ઘોડે ચડ્યો નવઘણ સુમરા-ઘર સલ્લ્ડે,
સર સાત ખળભળ, શેષ સળવળ, ચાર ચકધર ચળવળે

આ છંદ સારસી નામનો છે, વરુવડી નામની ચારણ દેવી કે જેણે નવઘણને સિંધ પર ચડાઇ લઇ જવામાં સહાય કરી હોવાનું કહેવાય છે.તેની સ્તુતિનું આ વીરકાવ્ય છે. અને એમાં નવઘણ-વરૂવડીના મેળાપનો ઇતિહાસ સંકળાયો છે. આ કાવ્યની એક પછી એક કડી ટંકાતી આવશે. 'નવ લાખ ઘોડા'ના સૈન્યની વાત અત્યુક્તિભરી લાગે છે.

અણરૂપ આયો શંધ ઉપર અળાં રજ અંબર અડી,
નત્ય વળાં નવળાં દિયળ નરહી, વળાં પૂરણ વરૂવડી !

[સૂમરાની ધરતીને રોળવા સારું નવઘણ નવલાખ ઘોડે ચડ્તો. એ સેનાના ભાર થકી સાત સાગરો ખળભળ્યા, શેષનાગસળવળ્યો અને ચાર ખંડોડગમગ્યા, આવે રૂપે જ્યારે નવઘણ સિંધ ઉપર આવતો હતો ત્યારે ધરતીની ધૂળગગન પર ચડી

હતી. હે વાળુ વિનાનાં(ભૂખ્યાં)મનુષ્યોને વાળુ(રાતનું ભોજન ) પૂરનરી દેવી વરૂવડી, હે નરા શાખના ચારણની દીકરી (નરહી) તારે પ્રતાપે આમ થયું.]

ભેળા ભલભલા વીરભદ્રો છે. નવઘણનો સાળો અચપ પરમાર છે. કાળઝાળ ફરશી ભાટ છે: ગીરના શાદૂળા આહીરો છે :ચુડાસમા જદુવંશી રજપૂતો છે : રા'ની ધર્મબહેનનાં શિયળ રક્ષવા સારુ સારી સોરઠ ઊમટી છે. નવજવાન નવઘણ પોતાના ઝપડા ઘોડા ઉપર બેઠેલ છે. અને--

સહુનાં ઘોડાં મારગે ચાલ્યાં જાય જો ને !
આડબીડ હાલે વીરાની રોઝડી રે લોલ !

સહુનાં ઘોડાં પાણી પીતાં જાય જો ને !
તરસી હાલે વીરાની રોઝડી રે લોલ !

એ દુ:ખી બહેનના ભાઇનું ગીત જાણે ઝપડો ઘોડો ભજવી રહ્યો છે. વિમાસણના ઊંડા ઊંડા દરિયામાં ઊતરી ગયેલ નવઘણ બહેનની અવધે પહોંચાડશે કે નહિ તેની ફિકર કરે છે અને ઝપડો ઘોડો પણ જાણે કે ધણીની એ ચિંતાને સમજે છે. એકલવાયો ચાલે છે. માર્ગે પાણી પણ પીતો નથી.

એવામાં એક દિવસ બપોરની વેળાએ એક નેસડાનું ઘટાદાર શીળું પાદર આવ્યું. મોરલા અને ઢેલડીઓ ઢૂંગે ઢૂંગે ચણે છે. આસપાસથી ગાયોનાં ગળાંની ટોકરીઓના રણકાર સંભળાય છે. સહુને અચંબો થાય છે કે આ શું ! આખી સોરઠ સળગી ઊઠી છે તેમાં આ શીતળ લીલું સ્થાન ક્યાંથી ?આસપાસ બીજું કોઇ માનવી નથી. તાજી નાહીને નીતરતી લટો ઝુલાવતી સાત નાની નાની બહેનો વડને થડે ‘ઘોલકી ઘોલકી’ ની રમત રમી રહી છે. સાતેય અંગે કાળી લોબડીઓ ઓઢી છે.

[2] બાયુત રમવા વેશ બાળે નેસહુંતે નીસરી,
માહેશ ડાડો, શેષ નાનો,એહ બઉ પખ ઊજળી,
દેશોત નવઘણ જમત જણદન, ચાડચ છોટી ચરુવડી,
નત્ય વળાં નવળાં દિયણ નરહી, વળાંપૂરણ વરૂવડી !

[બાળ વેશે બહેનપણીઓની સાથે રમવા એ નેસડામાંથી કોણ નીકળી છે ?મહેશ જેનો દાદો થાય, શેષનાગ જેને માતામહ થાય, એ રીતે માતૃપક્ષને પિતૃપક્ષ બેઉ જેના ઉજળા છે ને જેણે નાની શી કુરડી ચૂલે ચડાવીને દેશપતિ નવઘણને તે દિવસે જમાડ્યો. તે તું જ હતી, હે આઇ વરૂવડી ! ભૂખ્યાને વાળુ કરાવીને, હે સુવાદનારી !]

“આ કોનો નેસ? “નવઘણે સાથીઓને પૂછ્યું.

"આ ખોડનો નેસ, સાંખડા નરા નામના ચારણનો."

ત્યાં તો સહુની નજર સૈન્યની સન્મુખચાલી આવતી એક કન્યા સામે મંડાઇ ગઇ. કૂડું રૂપ, કાળો વાન, કાળા કાળા લોઢા જેવા આગલા બે દાંત બહાર નીકળી ગયેલા, કાળી લોબડીના ઓઢણાથી મુખમુદ્રા  વિશેષ વહરી લાગે છે, પણ ચાલી આવે છે ધીરાં ધીરાં મક્કમ ડગલાં માંડતી. ગગડતા સાગરની તોફાની ભરતી જેવી સેનાનો પણ એને ભો નથી. કરડી અંગાર ઝરતી આંખોવાળા પડછંદ હથિયારધારી જોદ્ધાઓ જાણે એને મન મગતરાં છે. અસ્ત્ર-શસ્ત્રો જાને એને મન પારણામાં રમવાના ઘૂઘરા, ધાવણી અને પોપટલાકડીઓ છે, એવી એક ગામડાની કુમારિકા, નીતરતો ચોટલો ઝુલાવતી, લોબડીના ચારેય છેડા છૂટા મેલતી, હાથ હીંડોળતી, સામે પગલે ને સમી ચાલે ચાલી આવે છે.

“એ બાઇ, તરી જા! છેટી તરી જા !” એવો ચાસકો કોઇએ કટકમાંથી કર્યો.

તોયે કન્યા ચાલી આવે છે, મારગની વચ્ચોવચ, મોં મલકાવતી સામે બાયૂત સાથે નેસમાંથી બઉ પખ દેશપતિ ચડાવીને, કુલડી લગોલગ આવી ગઇ. મોખરે ચાલતા નવઘણે ઝપડાની વાઘ ખેંચી. પહાડ જેવડો ઘોડો થંભી ગયો. કન્યાએ આવીને આઘેથી બે હાથે નવઘણનાં વારણાં લીધાં, "ખમા, મારા વીર ! નવ લાખ લોબડિયાળિયુંના રખવાળા તને !”

“કોણ છો તમે, બોન ?” નવઘણે પૂછ્યું.

“હું ચારણની દીકરી છું. મારા બાપનું નામ સાંખડો નરો. આંહીં અમારો નેસ પડ્યો છે. મારું નામ વરૂવડી.”

“તમે પોતે જ આઇ વરૂવડી ! આટલાં બાળ છો તમે, આઇ! હું તો ઓળખી ન શક્યો.” એમ બોલી, નવઘણે પઘડીનો છેડો અંતરવાસ નાખી (ગળે વીંટાળી ) હાથ જોડી માથું નીચે નમાવ્યું.

“હાં હાં, નારા વીર ! બસ, એટલું જ. ગરવાના રખેવાલનું માથું વધારે ન નમે.” એમ કહી કન્યાએ હાથ લંબાવ્યા. નાનકડા હથ રા’ને માથે આંબી ગયા. મીઠડાં લીધાં. દસેય આંગળીઓના ટાચકા ફૂટ્યા.

કટકના માણસોમાં વાતો ચાલી : આ આઇ વરૂવડી, દેવીનો અવતાર, જન્મ્યાં ત્યારે આગલા બે દાંત લોઢા જેવા કાળા ને મોઢું બિહામણું દેખીને એને ડાકણ ગણી સગાંએ ભોંમાં ખાડો કરીને ભંડારી દીધેલ. બાપ સાંખડો નરો જૂનેગઢ હતા

ત્યાં આઇ સોણે આવ્યાં કે ‘મને દાટી છે, આવીને બહાર કાઢો.’ બાપે આવીને જીવતાં ખોદી કાઢેલાં, કદરૂપાં ખરાં ને, એટલે નામ વરૂડી (ન રૂડી ) પાડ્યું.

“બાપ !” કન્યા બોલી, ”ઊતરો હેઠા, શિરામણ કરવા.”

“આઇ ! હું બહુ જાડે માણસે છું, તમારો નેસ રોટલે પોગે નહિ. ને મારે પોગવું છે ઠેઠ સિંધમાં, બે’ન જાહલની વારે. નીકર મારી બે’ન જીભ કરડશે.”

“બધી વાત હું જાણું છું, વીરા ! અને હું તુંને તારી અવધ નહિ ચુકાવું. બનશે તો સહાય કરીશ. એકટંક આંહીં પોરો લઇને પછી સહુ ચડી નીકળો. તમારી ફતેહ થાશે. ધરમના રખેવાળ !”

“પણ આઇ ! મારું માણસ જાડું છે. તમારો નાનકડો નેસ–“

“પણ તમને નેસમાં કોણ લઇ જાય છે? આ સામે વડલાને થડ, અમે સાતેય બોન્યું જમણભાતાં કરીએ છી ત્યાં જ શિરામણી કરાવવી છે તમને સહુને.”

નવઘણને આ બાલચેષ્ટા ઉપર હસવું આવ્યું:”આઇ, માફ કરો તો ઠીક.”

વરૂવડીએ ઝપડા ઘોડાની વાઘ ઝાલી, "નહીં જાવા દઉં. તમને નવ લાખને ભૂખ્યાતરસ્યા જાવા દઇને શું અમે સાત બોન્યું જમણભાતાં ખાશું ? અતિથિ અમારે આંગણેથી અન્ન વગર કેમ જાય, વીરા મારા ! વિચાર તો કર !”

મોખરે એવી રકાઝક ચાલી રહી છે. નવ લાખ તોરિંગો ડાબલા પછાડતા અને લગામો કરડતા ધરતી પર છબી શકતા નથી. કટકના જોદ્ધાઓ પણ આકળા થૈઇ રહેલ છે, તે વેળા કટકની પછવાડેના ભાગમાં--

[3] દળ વાટ વહેતે કિયો દ્વીઅણ થાટ કુણ સર થંભવે ?
મખ નાટ બોલ્યો જાટ મત સે, હાટ બલહટ કણ હુવે ?

ફેરવે અણ દન ભાટ ફડચી, ઘાટ અવળે તે ઘડી,
નત્ય વળાં નવળાં દિયણ નરહી, વળાંપૂરણ વરૂવડી !

દળ વાટ વહેતે કિયો દ્વીઅણ થાટ કુણ સર થંભવે ?
મખ નાટ બોલ્યો જાટ મત સે, હાટ બલહટ કણ હુવે ?

ફેરવે અણ દન ભાટ ફડચી, ઘાટ અવળે તે ઘડી,
નત્ય વળાં નવળાં દિયણ નરહી, વળાંપૂરણ વરૂવડી !

[જે વખતે રસ્તામાં સેના થંભી ગઇ તે વખતે ફડચી નામનો એક ભાટ લશ્કરમાંથી પોતાનું મોં જરા મરડીને, ત્રાંસી નજરે વરૂવડી સામે જોતો જડબુદ્ધિનાં ખરાબ વચનો કાઢવા લાગ્યો: 'એવી તે શી જરૂર પડી છે કે આખું લશ્કર એક નાની છોકરીને ખાતર થંભી ગયું? તે શું કોઇ વેપારીની દુકાન છે કે અનાજ લેવા આપણે ઊભા રહ્યા !"એવાં તોછડાં વચન ઉચ્ચારતાં જ ફડચી ભાટનું મરડાયેલું મોં એમ ને એમ રહી ગયું. સીધું થયું જ નહિ. શા માટે એમ થઇ ગયું તેની ફડચીને ખબર ન પડી.]

શબ્દાર્થ:દળ=લશ્કર, દવીઅણ= દુવેણ, ખરાબ વચન, થાટ=સેના, કુણસર=કોના સારુ,મખ=મુખ, નાટ=ખરાબ, જાટ=જડ, જાડી . મત=બુદ્ધિ, અણદન=એ દિવસે

નવઘણ આસપાસ નજર કરે છે."આઇ !આંહીં મારાં ઘોડાંને પાણી પણ—"

“પાણી છે, બાપમ છે. આ પદખે જ મોટો ધરો પડ્યો છે. ઘોડાને પાણી ઘેરો, છાતીબૂડ ધમારો. માતાજીએ  અખૂટ પાણી ભર્યાં છે.અમારી મેખિયું [ભેંસો] સારુ. નીકરતો અમે માલધારી આંહીં રહી કેમ શકીએ ? અમે તો જળનાં જીવ છીએ, વીરા મારા !”

કાળા સળગતા દુકાળ વચ્ચે પણ સોરઠમાં કુદરતે એક મોટો ઊંડો પાણીધરો આંહીં સંતાડ્યો છે. ચોમેર બળતી લા વચ્ચે આંહીં લીલાડું છે, હરિયાળી વડઘટા છે; હેતપ્રીતાળાં આવાં માનવીઓનો વાસ છે. કોઇક પ્રતાપી બાળકી લાગે છે.

એવો વિચાર કરતા નવઘણે ઝપડાની રકાબ છાંડી. સહુને ઘોડાં ઘેરવા ને ધમારવા હુકમ કર્યો. બધા નાહીધોઇ ટાઢા થયા. નજર કરી તો ઘોલકીમાં,

નાનકડા ચૂલા ઉપર છ બહેનો કુરડીઓ ચડાવીને માંહીં દૂધ-ચોખાની ખીર રાંધે છે.

નવઘણના મનામાં હતું કે હઠીલી ચારણ-પુત્રીઓનાં મન મનાવીને એની પ્રસાદી લઇ ચડી નીકળશું.

“લ્યો બાપ ! પંગતમાં બેસી જાવ !” એમ કહી વરૂવડીએ બહેનને હાકલ કરી:”બોન શવદેવ્ય ! ઠામડાં તો ન મળે. આ વડલાનાં પાંદ પાડી લઇએ.” એમ કહી શવદેવ્ય કછોટો ભીડીને કડકડાટ વડલા પર ચડી ગઇ.

[4] શવદેવ બે’નડ, આપ સમવડ, ચોજ રાખણ વડ ચડી,
ત્રાસળાં કીધાં પાન ત્રોડી, ઘણું સમસર તણઘડી.

ચોજ=આબરૂ, ઘણું=મોંઘું, દુકાળનું, સમસર=સંવત્સર વરસ.

તોય કળા વરવડ ધ્રપે કટકળ, કિયા  તૃપ્તા કૂલડી,
નત્ય વળાં નવળાં દિયણ નરહી,વળાંપૂરણ વરૂવડી !
તોય=તારી,  ધ્રપે=ધરાવી, તૃપ્ત કરી દીધાં

[પોતાની સમવયની બહેનપણી શવદેવ્ય આબરૂ રાખવા માટે વડલે ચડી. ડાળ ઝાલીને હલાવી .પાંદડાં ખર્યાં. તેના તાંસળાં (વાટકા) બનાવ્યા. તે વેળાએ દુષ્કાળ વર્ષ હતું છતાં પણ, હે વરૂવડી, તારી કળા થકી તેં એક કુલડીમાંથી આખા કટકને ધાનથી ધરવ્યું]

પંગત બેસી ગઇ. પાંદડાં ઉપર નાની કુમારિકાઓ પીરસવા લાગી. નાની કુલડીઓમાં સેં' પુરાઇ. સહુને ધાન પહોંચી વળ્યું

ખટ સુંદરચગલી ખડી સાવળ વાઇ સપ્રે,
મરખટ બોરંગ મેં, તેં વાકળિયો વરૂવડી !

ખટ=છ, સુંદર=રૂડી ચગલી= ચુગલી-ચાડી .'ચાડી'શબ્બ્દ ચારણી ભાષામાં 'ચડાવી' એ અર્થમાં વપરાય છે. ખડી= ઊભી રહી, સાવળ=સાદ, સપ્રે=પ્રીતથી, મર=ત્રણ, ખટ=છ, બોરંગ=લાખ, મેં =ધન, નવલાખ ઘોડેસવારો વાળો નવઘણ.

[હે વરૂવડી, ચૂલા પર ચરુડી ચડાવીને તેં પ્રીતથી શિરામણ કરવા નવઘણને બોલાવ્યો.]

કાજળકાં ધડ ધડ કટક, પાહડકી !પોખે,
ચાલી ચોંપ કરે, રૂપાળી ! દેવા રજક.

પાહડકી=પાડા= વિભાગ, ચારન જાતિન સાડા ત્રણ પાડા છે તેમાં પ્રથમ પાડો. નરા ચારણનો કહેવાય છે. વરૂવડીના પિતા નરા હતા. આંહીં 'પાહડકી' શબ્દ વરૂવડીને સંબોધીને વપરાયો છે. પાહડકી=નરા ચારણની પુત્રી. પોખે=તેં પોષ્યા. ઘડ ઘડ કટક= સૈન્યના પ્રત્યેક શરીરને, અર્થાત્ આખા સૈન્યને.

[હે નરા ચારણની પુત્રી, તેં નવઘણના આખા સૈન્યને પોષ્યું. ઉતાવળ કરીને તું તરી શક્તિ બતાવવા ચાલી.]

ઘોડાધરો વરૂવડી, નવઘણ ગરનારા,
શિરામણ સેલું કિયું, જે તે જનવારા !

[હે વરૂવડી, તેં ગિરનારનાથ નવઘણનાં ઘોડાંને પાણી પીવા સારુ ઘોડાધરો નામની નદી બનાવી, અને શિરામન (જમણ)માં તેં બરકત પૂરી, તારા એ અવતારની જય હજો !]

આઇ ઉતરતી, કાંસેલી પાંખા કિયા,
વાનાં વરણ તણાં, તેં વધાર્યાં વરૂવડી !

[હે મા, ચારણજાતિરૂપ વાસણ ઉપર જે કીર્તિરૂપ કંટેવાળો હતો,. તે ઘણા દિવસ સુધી સતરૂપી કસોટીના તાપથી ઊતરી ગયો હતો: એ કંતેવાળો તેં ફરીથી ઘાટો કર્યો—આપણા વર્ણની આબરૂ વધારી.]

સવારે ઘૃત સેવ, લાલ બપોરે લાપસી,
દૂધે ને ભાતે દેવ્ય, દે વિયાળો વરૂવડી !

[હે દેવી વરૂવડી ! સવરે ઘી અને સેવ, બપોરે લાલ લાપસી અને રાત્રિએ દૂધચોખાનું વાળું તું અમને દીધા કરજે !]

શિરામણ પૂરું થયું.નવઘણે હાથ જોડી વરૂવડીની રજા માગી.વરૂવડીએ પૂછ્યું:"બાપ, ક્યે કેડે સિંધ પોગવું છે ?"

“આઇ, સીધે રસ્તે તો આદો સમદર છે. ફેરમાં જવું પડશે.”

“અવધે પોગાશે ?”

“એ જ વિમાસણ છે, આઇ !” નવઘણના મોં ઉપાર ઉચાટના ઓછાયા પડી ગયા. પળેપળ એની નજર સામે બહેન જાહલ તરવરે છે. સૂમરો જાણે કે જાહલના નેસ

ઉપર માર માર કર્તો ધસી રહ્યો છે. બહેનની ને એ દૈત્યની વચ્ચે જાણે કે અંતર ભાંગતું જાય છે. સૂમરો જાહલના મડદાને ચૂંથશે ?

“વીર નવઘણ !” વરૂવડીએ વારણાં લઇને સિંદૂરનો ચાંદલો કરતાં કહ્યું:” ફેરમાં ન જાશો, સીધે જ મારગે ઘોડાં હાંકજો. સમદરને કાંઠે પહોંચો ત્યારે એક એઁધાણી તપાસી લેજે. તારા ભાલાની અણીને માથે જો કાળી દેવ્ય (કાળી દેવચકલી) આવીને બેસે તો તો બીક રાખ્યા વિના દરિયામાં ઘોડો નાખજે. થડકીશ મા, તારા ઝપડાને પગે છબછબિયાં, ને કટકના પગમાં ખેપટ ઊડતી આવશે. કાળીદેવ્ય દરિયો શોષી લેશે.”

આશીર્વાદ લઇને કટક ઊપડ્યું. દરિયાકાંઠે જઇ ઊભા. દૈત્યની સેના જેવા મોજાં ત્રાડ પાડતાં છ્લંગો મારે છે. દરિયાઇ પીરની ફોજના કરોડો નીલવરણા ઘોડા

જાણે હણહણાટ કરે છે ને દૂધલાં ફીણની કેશવાળીઓ ઝુલાવે છે. એક એક મોજાના મરોડમાં કોઇ જાતવંત અશ્વોની બંકી ગરદન રચાઇ છે. જળનો દેવતા લાખ લાખ તુરંગોની સવારી કાઢીને જાણે ધરતીનાં રાજપાટ જીતવા તલપી રહ્યો છે.

પલકમાં તો ગગનથી ચીંકાર કરતી મેઘવરણી કાળીદેવ્ય, જાનેકે કોઇ વાદળમાં બાંધેલ માળામાંથી આવીને નવઘણને ભાલે બેસી ગઇ.

'જે જગદંબા !' એવી હાકલ કરીને જુવાન નવઘણે ઝપડાને જળમાં ઝીંક્યો. પ:આડનો તોખાર જાને કે હણહણાટી મારતો જળઘોડલીઓની સાથે રમવા ચાલ્યો. પાછળ આખી ફોજનાં ઘોડાં ખાબક્યાં. મોજાં બેય બાજુ ખસીને ઊભાં.

વચ્ચે કેડી પડી ગઇ. પાણીનાં ઘોડલાં ડાબાં ને જમણાં ઘણે દૂર દૂર દોડ્યાં ગયાં ( આજ એ કોરી ખાડીને કચ્છનું રણ કહેવામાં આવે છે.)

કચ્છ વળોટીને ગરવોરાજ સૂમરાની ધરા પર ઊતર્યો: સંસતિયા !હ હવે ઝટ મને લઇ જા, ક્યાં છે તમારા નેસ ? ક્યાં બેઠી છે દુખિયારી બહેન? તું આગળ થા ! બહેનનાં આંસુડે ખદ્દબદી રહેલી એ ધરતી મને દેખાડ. એમ તડપતો અધીર નવઘણ સિંધનો વેકરો ખૂંદતો ધસી રહ્યો છે. - અને બહેન જાહલ પણ ફફડતી નેસમાં ઊભી છે. ઊંચે ટીંબે ચડીને સોરઠની દિશા ઉપર આંખો તાણે છે: ક્યાંય ભાઇ આવે છે ?વીર મારાનો ક્યાંય નેજો કળાય છે? આજ સાંજસુધીમાં નહિ આવે, તો પછી રાતતો સૂમરાની થવાની છે. સૂમરો સોયરે આંખો આંજીને, લીલી અતલસનો કસકસતો કસબી કબજો અંગે ધરીને, ડોલર-મોગરાના અર્ક ભભરાવતો આજે રાતે તો આવી પહોંચશે અને સૂમરાના ઢોલિયે આજ અધરાતે

તો મારું મડદું સૂતું હશે. ઓહોહો ! ભાઇ શું નહિ જ આવે? ભાઇ શું બોલકૉલ ભૂલ્યો ? ભોજાઇના ફૂલહૈયા માથે શું એનું માથું મીઠી નીંદરમાં પડી ગયું ? જીવવાની મમત ન મુકાઇ ? મરવું શું મારા વીરને વસમું લાગ્યું ?

સાંજ પડી. તારોડિયા ઊગવા લાગ્યા. આખો નેસ નજીવા નગર જેવો સૂનસાન બન્યો. અહીરોએ માન્યું કે આજ રાતે આપણો જણેજણ ખપી જશે. એ ટાણે ઉત્તર ને દક્ષિણ બેય બાજુના સીમાડા ઉપર આભધરતી એકાકાર બની રહ્યાં હતાં. ડમરીઓ ચડતી હતી. દિશાઓ ધૂંધળી બની હતી. ડમરીઓ ઢૂંકડી આવી. ઘોડાના ડાબલા બોલ્યા. ધરતી થરથરી. મશાલોની ભૂતાવળ મચી. એક દિશામાંથી સોરઠિયાણીનાં શિયળ લૂંટનારો આવે છે, ને સામી દિશામાં થી બહેનને દેવાનું કાપડું  ફરુકી ઊઠ્યું. સૂમરાને નેજે શાદીના કિનખાબ લહેરાતા હતા.

આવી પહોંચ્યો ! આવી પહોંચ્યો !

ઝાડવે ચડીને જાહલે વીરને દીઠો.
નવઘણ ઘોડાં ફેરવે, (એને) ભાલે વરૂવડ આઇ,

માર બાણું લખ સંધવો, (મને) વીસરે વાહણ ભાઇ.

[એને ભાલે વરૂવડી કાળીદેવ્ય બનીને બેઠી છે. એ જ મારો ભાઇ ! શાબાશ વીરા !આ બાણું લાખની વસ્તીવાળા સિંધને રોળી નાખ, એટલે મને મારો સગો ભાઇ વાહણ વિસારે પડી જાય.]

બહેન દેખે છે અને ભાઇ ઝૂઝે છે. સોરઠ અને સિંધની સેનાઓ આફળે છે. સવાર પડ્યું ત્યાં તો રંગીલા સૂમરાની અતલસે મઢેલી લાશ બહેનના નેસને ઝાંપે

રોળાતી પડી હતી. ઢળી પડેલા કાબુલિયા અને મુંગલાઓને હજરો દાઢીઓ પવનમાં ફરફરતી હતી.

દંતકથા આગલ ચાલે છે કે–

સિંધમાં સોનાની ઇંટો પડેલી હતી. નવઘણે હુકમ કર્યો કે તમામ યોદ્ધાઓએ અક્કેક ઇંટ ઉપાડી લેવી. ખોડ ગામમાં જઇને વરૂવડી માતાની દેરી ચણાવશું. તમામે એક્કેક ઇંટ ઉપાડી લીધી. પણ રાજાના સાળા અચપ પરમારે અહંકાર કરી ઉદગાર કાઢ્યો, "હું રાજાનો સાળો. આ હાથ ઇંટો ઉપાડવા માટે નથી, ખડ્ગ ચલાવવા માટે છે, હું નહિ ઉપાડું."

વરૂવડીના ધામે સેના આવી પહોંચી. પાદરમાં બધી ઇંટો એકઠી કરીને દેરી બંધાવી. રા'એ આવીને જોયું તો આખી દેરીમાં એક ઇંટ જેટલી જગ્યા ખાલી પડેલી. એણે પૂછ્યું:"આ એક ઇંટ કેમ ખૂટે છે ?"

માણસો મૂંઝાયા. ઉત્ત્ર આપી ન શકાયો. છેવટે જવાબ વાળ્યો:"માતાનો દીવો કરવા માટે એ તો ગોખલો રાખ્યો છે." આખરે માલૂમ પડ્યું કે મિથ્યાભિમાની અચપ પરમારે પોતાના ભાગની ઇંટ ઉપાડવામાં હીણપદ માન્યું છે. એ નવી ચણાવેલી દેરીના ઉંબરમાં જ નવઘણની તરવારના ઘાએ અચપનું મસ્તક કપાઇને નીચે પડ્યું. સેના જૂનાગઢ તરફ ચાલી નીકળી.

વરૂવડી માતા એ દેરી પસે આવ્યાં. જોયું તો અચપનું માથું ને ધડ રઝળતાં પડેલાં. પોતાની દેરી પર ક્ષત્રિયનું લોહી છંટાયેલું એ દેવીથી ન સહેવાયું. અચપે

પોતાનું અપમાન કરેલું એ ઇતિહાસ માતાને કાને આવ્યો. તોયે એ નિરભિમાની ચારણીનું મન ન દુભાયું. એણે ધડ પર મસ્તક મૂકી હાથ ફેરવ્યો. અચપ સજીવન થયો. હાથમાં ભાલો ઉઠાવી ઘોડો દોડાવતો લોહીનો તરસ્યો અચપ નવઘણની પાછળ પડ્યો. બરાબર જૂનાગઢના ઝાંપામાં એને નવઘણને પડખે ચડીને ભાલાનો ઘા કર્યો.

પરંતુ નવઘણના એ મહાચતુર અશ્વ ઝપડાએ ભાલાનો પડછાયો જોયો કે તત્કાળ કૂદીને એ દૂર ખસ્યો. ભાલો પરબારો પૃથ્વીમાં ગયો. અચપને પકડી લીધો.

એ પ્રસંગે મીશણ કુંચાળા નામના ચારણે દુહો કહ્યો કે :

જડ ચૂક્યો ઝપડા જદી, ભાલા અચપકા,
માતા લીએ વારુણાં, નવઘણ ઘર આયા.

[અચપના ભાલાનો ઘા ઝપડાએ ચુકાવી લીધો, તેથી નવઘણ રાજા જીવતા ઘેર આવ્યા, ને માતાએ ઓવારણાં લીધાં.]

વરૂવડીનો છંદ આગળ વધે છે.

[5] કાપડી છો લખ જાત્ર કારન એહ વહેતા આયિહા,
દોહણે હેંકણ તેં જ દેવી પંથ વહેતા પાહિયા

સત ધન્યો વરૂવડ, કિરણ સૂરજ પ્રસધ નવખંડ પરવડી,
નત્ય વળાં નવળાં દિયણ નરહી, વળાંપૂરણ વરૂવડી !

આયિહા=આયા.આવ્યા.  દોહણે હેંકણ=એક જ દોણામાંથી પાહિયા=જમાડ્યા,

[એવી જ રીતે છ લાખ જાત્રાળુ બાવાઓને પણ રસ્તામાં રોકીને એક જ દોણીમાં અન્ન રાંધી વરૂવડી દેવીએ ભોજન કરાવેલું, ધન્ય છે તારા એ સતને, માતા !તારી કીર્તિ નવ ખંડની અંદર સૂર્યના પ્રકાશની મફક પ્રસરી વળી છે.]

[6] અણ ગરથ ઉણથે સગ્રેહ હેકણ, પોરસે દળ પોખિયા,
કે વાઅર જીમણ ધ્રવે કટકહ સમદર પડ સોખિયા.

અણરૂપ ઊંડી નાખ્ય આખા, સજણ જળતણ શગ ચડી,
નત્ય વળાં દિયણ નરહી, વળાંપૂરન વરૂવડી !

અણગરથ= ધન વગર, ઉણથે = સાધનહીન, સંગ્રેહ= સારે ઘરે, વરૂવડીને નિવાસ સ્થાને.

[એ રીતે બહુ હોંશ કરીને તેં મોટા સૈન્યને જમાડ્યું, અને સમુદ્રને શોષી લીધો.]

[7] કામઇ તુંહી તુંહી કરનલ, આદ્ય દેવી આવડી,
શવદેવી તુંહી તુંહી એણલ, ખરી દેવલ ખૂબડી.”

વડદેવ વડીઆ પાટ વરૂવડ, લિયા નવલખ લોબડી,
નત્ય વળાં નવળાં દિયણ નરહી, વળાંપૂરણ વરૂવડી !

ખૂબડી=ખોડિયાર એક પગે ખોડાં હોવાથી ‘ખૂબડી’ કહેવાય છે.

[કામઇ, કરનલ, શવદેવ્ય, એણલ અને ખોડિયાર એ તમામ દેવીઓરૂપે તું લીલા કરે છે. ‘નવલખ લોબડિયાળી’ નામથી વિખ્યાત એ તમામ ચારણી દેવીઓ તારાં જ સ્વરૂપો છે.] <<------------ ભાગ 2 સમાપ્ત ------------------ >>

ટાઈપ કામ – ગોપાલભાઈ પારેખ

http://gopalparekh.wordpress.com/

ફોર્મેટ અને ઈ-સ્વરૂપ – જીજ્ઞેશ અધ્યારૂ / પ્રતિભા અધ્યારૂ

http://aksharnaad.com એટલે અંતરની અનુભૂતિનો અક્ષર ધ્વનિ

આંગળીના ટેરવે ઉપલબ્ધ, ગુજરાતી ભાષામાં અઢળક ઓનલાઈન વાંચનનો રસથાળ, જેમાં ગરવા ગીરનાં પ્રવાસવર્ણનો, બાળવાર્તાઓ અને કાવ્યો, કવિતા ગઝલ અને સર્વ પદ્ય, ટૂંકી વાર્તાઓ, વિવિધ પ્રકારની ઉપયોગી વેબસાઈટ વિશે માહિતિ, લોક સાહિત્ય, ભજન અને ગરબા, અનુવાદીત સાહિત્ય, પુસ્તક સમીક્ષા, મુલાકાતો અને ડાઊનલોડ કરવા માટે અનેક સુંદર ઈ પુસ્તકો, એવું ઘણું વિચારપ્રેરક સાહિત્ય એટલે....

**અક્ષરનાદ.કોમ**